'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર પાવન પ્રેમનો આવિષ્કાર

॥ ૬ ॥




**પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❈ આચાર્ય હેમપ્રભસૂરિ


નિષ્કામ-સકામ પ્રેમ, સબ સે ઊંચી પ્રેમસગાઈ, વિશ્વપ્રેમ

પ્રેમ એ રસ, ભક્તિ, દિવ્ય અમૃતનું પાન છે.
તે એક જાદુઈ તત્ત્વ છે અને એવી ઈશ્વરીય વસ્તુ છે,
જે બાકીનાં બધાં જ કામ પોતાની જાતે સિદ્ધ કરી લે છે.
ગમે તેવા પેગંબરી વચનો પણ પ્રેમ વિના પશુતુલ્ય છે.
અહો કાળનું વહન અને હિમાલયને ડગાવે, તેવી શ્રદ્ધા
પણ પ્રેમ વિના તો નિરર્થક જ છે.
પ્રેમ સર્વને - જીવમાત્રના અસ્તિત્વને સદૈવ ટકાવે છે.
પ્રેમમાં સર્વની શ્રદ્ધા છે, તો પ્રેમને સર્વમાં શ્રદ્ધા છે.
પ્રેમની આશાને પાર નહિ, સહનશક્તિને સીમા નહિ.
પ્રેમ હોય, તો જીવન સદા સફળ છે.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

## પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रूपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સંવત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)












**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ**
**આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર પાવન પ્રેમનો આવિષ્કાર

॥ ૬ ॥



**પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય * આચાર્ય હેમપ્રભસૂરિ

**નિષ્કામ-સકામ પ્રેમ, સબ સે ઊંચી પ્રેમસગાઈ, વિશ્વપ્રેમ**

## PARAM BHADRANKAR PAVAN PREM NO AAVISHKAR

Personal Diaries comprising of Divine thoughts regarding Selfless Love for all.
by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

## VOLUME - 6

Year 2024 • સંવત્ ૨૦૮૦ • 500 Copies / 216 Pages • For Private Circulation only.

## PUBLISHER


© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot

team@mindfiesta.com

## SPONSOR

Smt. Jayaben Chunilal Dodhia (Parasbhai)
Halar | London

## ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

## eBOOKS AVAILABLE AT

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra




પરમ કૃપાળુ પરમાત્માની અસીમ કૃપાથી પૂજ્યપાદ પરમ ગુરૂદેવ અધ્યાત્મયોગસંપન્ન પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીનાં 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' શ્રેણીના અણમોલ ખજાનામાંથી નમસ્કાર મહામંત્ર, મૈત્ર્યાદિ ભાવના, પરોપકાર, કૃતજ્ઞતા, સુખ-દુઃખ, મૃત્યુ, યોગ-ધ્યાન તથા મંત્ર્યાદિ વિષયો ૨૫ લઘુગ્રંથોમાં ઝળહળ પ્રકાશિત થઈ ગયાં છે.

તત્પશ્ચાત્ આત્મા, જૈનશાસન, અનેકાંત-સ્યાદ્વાદ, ગુરૂ, રત્નત્રયી, અહિંસા-સંયમ-તપ અને ભક્તિ પછી 'પ્રેમ'વિષયક આ ગ્રંથના તેમના હસ્તલિખિત ચિંતનો આપણા કરકમલોમાં શોભી રહ્યાં છે, જેનું હાર્દ જોઈએ તો: 'વિશુદ્ધ પ્રેમથી પ્રેરાઈને કામ કરો. શુદ્ધ પ્રેમથી કરેલ કાર્યોનું પરિણામ ગમે તે આવે, તો પણ ચિત્તમાં પ્રસન્નતા જ રહે અને આવા માનવો જ સ્થિતિપ્રજ્ઞ બને છે. પ્રેમ, અનાસક્તિ, નિઃસ્વાર્થતા, સમતા, સમદ્રષ્ટિ કે અભય એ અલંકારિક શબ્દો નથી, પરંતુ આત્માની જીવંત શક્તિઓ છે. આવો જીવંત પ્રેમ જ આપણી ચૈતન્યશક્તિને જાગૃત કરે છે.' આમ પ્રેમરસ એટલો બધો મીઠો છે કે એમ થયાં કરે કે પીધાં જ કરીએ અને તેમાં જ ચૈતન્યને સ્થિર કરી દઈએ!

આ પ્રેમલ રસથાળ આપણા સુધી પહોંચાડવામાં આર્થિક સહયોગ રૂપે દાતા માતુશ્રી **જયાબેન** તથા પિતાશ્રી **ચુનીલાલ દોઢીયા**ના પરિવાર, હસ્તે સુશ્રાવક **પારસભાઈ**ની અપ્રતિમ ઉદારતા અને રાજકોટના અમારા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ની સંકલન સૂઝ અને અથાગ પુરૂષાર્થ ઉપકારક બન્યા છે.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

## મારા ઉપકારીના ઉપકારીનો
## કરું હું ઋણસ્વીકાર,
## કરી નતમસ્તકે નમસ્કાર!



પ.પૂ. અધ્યાત્મયોગી દાદાગુરૂદેવ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીગણિવર્યના જીવન અને જ્ઞાન વિશે મોટાગુરૂદેવ પં.વજ્રસેનવિજયજી મહારાજ ઘણી વાતો કરતા. અમને પૂજ્યશ્રીનાં દર્શન-વંદન-વાણીનો લાભ તો નથી મલ્યો, કિન્તુ ગુરૂદેવ પૂ.હેમપ્રભસૂરિજી મહારાજે જણાવેલ વાતો સુણી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નું વાંચન થતું, એટલે એ લેખિત હિતશિક્ષા ઉપર અહોભાવ તથા બહુમાન વધતાં જ ગયાં.' તેમાં પૂજ્ય ગુરૂદેવે વાત કરી કે: 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ૬૮ ગ્રંથોમાંથી હવે વિષયવાર શ્રેણીઓ પ્રકાશિત થનાર છે, તેમાં લાભ લેવા જેવો છે. મને તત્ત્વજ્ઞાનથી ભરેલા સાહિત્ય માટે તો ખૂબ જ ભાવ, તેથી પૂર્વે 'આત્મસાધના માર્ગ', ૪૫ આગમ પેટી, ગુજરાતી 'શ્રી ઉપમિતિપ્રપંચ કથા' તથા મંત્રના ૭ ભાગનો લાભ મળેલ છે, તેમાં આ અંતિમ ૧૪ ભાગનો લાભ કેમ જતો કરાય?

પરમ દાદાગુરૂદેવ મારા ઉપકારીના ઉપકારી છે. તેઓની ઉત્તમ વાણી અનેકનું કલ્યાણ કરી રહી છે. આપણને ગમતી વાણી વધુમાં વધુ આત્માઓ સુધી પહોંચે, તેનો અનહદ આનંદ આનંદ છે. પરમાત્મા, પૂજ્ય દાદાગુરૂદેવ, પૂજ્ય મોટાગુરૂદેવ અને પૂજ્ય ગુરૂદેવના ઉપકારોમાં આ એક બહુ જ મોટા ઉપકારનો ઉમેરો થયો છે. આ ગ્રંથના વાંચન દ્વારા સૌને સમકિતની પ્રાપ્તિ થઈ આત્મવિકાસ થાય, તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.



લંડન/હાલાર

પારસભાઈ ચુનીલાલ દોઢીયા

# પ્રેમ અને અહંકાર

પ્રેમ રહિત અહંકારને પ્રકાશ રહિત અંધકાર જેવું વેર છે.

અહંકાર હોય, ત્યાં પ્રેમ જતો નથી.

સાંકડી પ્રેમગલીમાં હું અને તું સાથે ન રહી શકીએ,

કાં તો તું મારામાં અથવા તો હું તારામાં સમાઈ જઉં.

એક બનીએ, તો જ આ ગલીમાં રહી શકાય તેમ છે.

અહંકાર હોવો - પ્રેમ પણ પાળવો, બંને સાથે ન બને.

કિન્તુ નિરહંકાર થવું, એ કંઈ સહેલું છે?

અહંકાર તો સહસ્ત્રશીર્ષ છે - તેને હજારો માથાં છે.

એક કાપો, ત્યાં બીજું ફૂટે. તો શું પ્રેમ પાળવો અશક્ય છે?

સામાન્ય જીવે શું કરવું?

આ બાબતમાં અનુભવીઓએ ઉપાય બતાવ્યો છે.

જો આપણામાં પ્રેમ ન હોય, તો જેઓ ખરેખર

પ્રેમી હોય, તેનો સંગ કરવો. આ કારણે જ આપણા

અનુભવીઓએ સત્સંગનો મહિમા બહુ ગાયો છે.

સત્સંગ તે માનવવિકાસ માટે આવશ્યક અંગ છે.

જો જ્ઞાનીઓનો સંગ થાય, તો કાળે કરીને પ્રેમ આપણા જીવનમાં પ્રગટે છે. વૈષ્ણવ ઋષિઓએ કહ્યું છે કે: 'કૃષ્ણની ભક્તિ પામવા માટે ગોપીના અનુગત થાઓ.' આનો અર્થ એ જ કે ભગવાન માટે જેના દિલમાં સાચો પ્રેમ પ્રકટી ચૂક્યો હોય, તે સહુનો સંગ કરો. વિશુદ્ધ પ્રેમમાં દોષદર્શન નથી, સ્વસુખની વાસના નથી.

વળી એ પ્રેમ કદી રીસાતો, ઘટતો કે મટતો નથી. ઈર્ષ્યા કે મત્સરને જીતવાનો ખરો ઉપાય પ્રેમ જ છે. જેના ઉપર પ્રેમ હોય, તેના ઉપર કદી ઈર્ષ્યા થતી નથી. સાચી - ગાઢ મૈત્રી સરખા સ્વભાવવાળા સાથે સંભવે.

જેના ઉપર પ્રેમ હોય, તેના ગુણો લેવા અને
તેના સમાન બનવા માટે કુદરતી વલણ રાખવું.

વ્રતોના પાયામાં સમ્યગ્દર્શન છે,
તેના આચરણમાં ઉત્કૃષ્ટ, નિરતિચાર અને
વત્સલ - પ્રશંસા, નિરતિચાર અને પ્રેમ આવે છે.
યોગના બીજનું વાવેતર પ્રેમવાસિત દિલમાં જ થઈ શકે.

અન્યાય અને આસક્તિ પ્રેમ રીઝતો નથી.

અણુબોંબના ઉદ્યોગને નફાખોર બનાવે છે, તેવું છેલ્લું
શસ્ત્ર શોધાવું બાકી છે, તે શસ્ત્ર પ્રેમનું શસ્ત્ર છે.
આથી પ્રાર્થના એ છે કે આજુબાજુનું કાંઈ ભાન ન રહે
અને ભગવાન પ્રત્યે પ્રેમમાં મન તન્મય બની જાય.

પ્રેમ પરમાત્મસ્વરૂપ છે, એનો કદી પરાજય નથી.

ભય અલ્પ છે, પ્રેમ મહાન છે.
એનો ઉદય થતાં બધું અલ્પ ઊડી જશે.
પ્રેમ બદલો ન લે, ન અવિશ્વાસ કરે, ન આશા છોડે.
શ્રદ્ધા - આશા - પ્રેમ શાશ્વત છે, કિન્તુ પ્રેમ શ્રેષ્ઠ છે.
સાચા પ્રેમીના અંતરમાં જે જેવા ભાવને પાત્ર છે,
તેના પ્રત્યે તેવા ભાવ આપોઆપ જાગે છે.
પ્રેમમાં અખૂટ ક્ષમા ભરી છે. પ્રેમમાં દયા છે.
પ્રેમ અસૂયારહિત છે. પ્રેમ મર્યાદા મૂકતો નથી.
પ્રેમમાં સ્વાર્થની ગંધ નથી, તેમાં વેરને અવકાશ નથી.
વેર - દ્વેષવૃત્તિ છે? તો પ્રેમ અને ભક્તિની વૃત્તિ વધારો.

પ્રેમ વિનાનું દાન, તપ અને શીલ - બધું નિષ્ફળ છે.

૪ ધર્મોમાં દાનધર્મને પહેલો ધર્મ કહીને પ્રેમ અને
પરોપકાર વૃત્તિની પ્રથમ આવશ્યકતા જણાવી છે.

પ્રેમ અને પરોપકાર એ તો
સ્વર્ગના અમૃતથી પણ ચઢિયાતું માનવલોકનું અમૃત છે.

દાન અને પ્રેમ મળે, ત્યારે જ પ્રક્રિયા પૂરી થાય છે.

દાન, દયા, ક્ષમા કે અહિંસા -
ધર્મના બધા અંગો શ્રેષ્ઠ એવા પ્રેમભાવમાં રહેલા છે.

આત્મશુદ્ધિના સાધનો : તપ, દાન, પ્રેમ અને પૂજન.

જગતને પ્રેમનું દાન કરવાથી સાચું આનંદ મળે છે.

દાન, સેવા, માનવતા એ બધા પ્રેમના જ પ્રકારો છે.

પ્રેમવિહિન સેવા, દાન, પૂજન, શીલ, ચારિત્ર નિરર્થક છે.

પરિત્યાગ ત્યારે જ સંભવે કે જીવમાત્ર પ્રત્યે પ્રેમ હોય!

જીવમાત્ર પ્રત્યે આદર અને પ્રેમની આધારશીલા ઉપર
અભયદાન શોભે છે અને અહિંસા અનુબંધ બને છે.

અભયદાનની શક્તિ પણ એ પ્રેમમાંથી જ જાગે છે.

## પ્રેમની અને સમત્વની ભાવના વધુ

દિગંબર તથા શ્વેતાંબર - ઉભયને કલ્યાણપ્રદ છે.

જીવમાત્રને પ્રેમ અને સમત્વની ભાવનામાં વિષયલંપટતા, સ્વાર્થ અને ભૌતિક સુખની જે લાલસા આડે આવે છે, તેને સંયમ, ઈંદ્રિયનિગ્રહ, તપશ્ચર્યા વડે રોકી શકાય છે. જ્ઞાન - દર્શન - ચારિત્રની આરાધનાનો હેતુ વધુ પ્રેમ અને સમત્વની ભાવનાનો વિસ્તાર સાધવા માટે જ છે.

પ્રેમ 'આત્મવત્સર્વભૂતેષુ' ભાવનાને સાકાર બનાવે છે.

પ્રેમ = જીવમાત્રમાં રહેલી સમાનતાનો સમ્યગ્વિચાર.

એ વિચારનું પરિણામ પ્રેમમાં આવે છે અને પ્રેમનું પરિણામ જીવમાત્રના સુખે સુખી અને દુઃખે દુઃખી - એ જાતના અનુભવમાં આવે છે.

અસ્તિત્વ એક - અદ્વય છે. સત્યના સ્વીકાર/સત્કારમાં ફલિત પ્રેમ એની પૂર્ણતમ અવસ્થાએ પહોંચે, ત્યારે દીનતાને મહાનતામાં, તૃષ્ણાને તૃપ્તિમાં, આવેગને આનંદમાં અને સ્વાભિમાનને સ્વાર્પણમાં પલટાવી જ દે છે.

## પ્રેમનું લક્ષણ છે આત્મવત્ દર્શન.

માતા જેમ પોતાના બાળકને પૂર્ણતાની નજરે જુએ છે,
તેમ સિદ્ધાત્માઓ બધા સંસારી આત્માઓને
આત્મવત્ તથા આત્મપૂર્ણ દૃષ્ટિએ જ જુએ છે.
બાળક માતાને પૂર્ણતાની નજરે જુએ છે, તેથી પરસ્પર
પ્રીતિ અખંડ રહે છે. સતી સ્ત્રી પતિને પરમેશ્વરની દૃષ્ટિએ
જુએ છે, તેથી પતિ તરફ ભક્તિ અખંડ રીતે રહે છે.
એટલે આત્મવત્ દર્શન - એ જ ખરેખરો પ્રેમ છે
અને એ દર્શન સિદ્ધોમાં પૂર્ણ રહેલ છે.
અનંત પ્રેમધારક સિદ્ધ ભગવંતોને તે સ્વરૂપે હૃદયમાં
ધારણ કરવા, તે પૂર્ણ ભક્તિ છે અને પોતાનું પૂર્ણ
સ્વરૂપ પ્રગટાવનારી તેમની પૂર્ણતાની દૃષ્ટિ છે.
એ રીતે જોવું, તે અનંત પ્રભુભક્તિને પ્રગટાવે છે.
સાધકની દૃષ્ટિમાં આત્મવત્ દર્શન છે. સિદ્ધની દૃષ્ટિ
આત્મપૂર્ણદૃષ્ટિ છે. આત્મવત્ દર્શનમાં પૂર્ણ પ્રેમ અને
આત્મપૂર્ણદૃષ્ટિમાં અનંત પ્રેમ છૂપાયેલો છે.

## પ્રેમમાં આપવાનું છે, રાગમાં લેવાનું છે.

આત્મરૂપે દર્શનવાળો પોતાના આત્મા જેટલી જ ઉદારતા બીજા ઉપર રાખી શકે, આત્મદાન કરી શકે છે. 'આત્મદાન'નો અર્થ એ કે આત્મા ખાતર જેટલું કરી છૂટાય, તેટલું સર્વ માટે કરી છૂટવાનું બળ પ્રાપ્ત થવું. આત્મા માટે જે કાંઈ થાય છે, તેનો બદલો જેમ ચાહવામાં આવતો નથી, તેમ સર્વ માટે જે કાંઈ થાય, તેનો પણ બદલો ન ચાહવાનું બળ પ્રાપ્ત થવું તે છે.

આત્મસમદર્શન એ જ 'પ્રેમ' શબ્દનો પર્યાય થશે.

રાગ એ સ્વાર્થપૂરતા છે, પ્રેમ એ નિઃસ્વાર્થતા છે. સર્વ જીવોને આત્મરૂપે જોવામાં નિઃસ્વાર્થ વૃત્તિ છે,

તેથી તેમાં સ્વાર્થવૃત્તિનો ભંગ થાય છે અને

એટલે જ તેને 'પ્રેમ' શબ્દથી સંબોધી શકાય છે.

સિદ્ધ ભગવંત જીવોને પૂર્ણ દૃષ્ટિથી સાક્ષાત્ જુએ છે.

કોઈપણ જીવને પૂર્ણપણે જોવો,

તે એના ઉપરના અનંત પ્રેમને સૂચવે છે.

સિદ્ધ ભગવંતોમાં સકલ જીવો પ્રત્યે અનંતો પ્રેમ છે અને તે સ્વયંભૂરમણ સાગરની જેમ નિરંતર વૃદ્ધિ પામવાના સ્વભાવવાળો છે. એનો અર્થ એ કે સંસારી જીવો સંસારી અવસ્થામાં ગમે તેટલા દોષોથી ભરેલાં હોય,

તો પણ તેમનું શુદ્ધ સ્વરૂપ સિદ્ધ ભગવાન પ્રતિસમય સાક્ષાત્ જોઈ રહ્યાં છે, જાણી રહ્યાં છે, તેથી તેમનો પ્રેમ વધતો જ રહે છે, કદી પણ ઘટતો નથી. બાલ્યકાળમાં માતાનો અનંતો પ્રેમ જેમ પરખાતો નથી,

પરન્તુ યૌવનકાળમાં જ તે સમજી શકાય છે,

તેમ સિદ્ધ ભગવંતોનો અનંતો પ્રેમ પણ અચરમાવર્ત - ભવબાલ્યકાળ - અવિવેકવાળી અવસ્થામાં ઓળખી શકાતો નથી, કિન્તુ ચરમાવર્તકાળ પ્રાપ્ત થતાંની સાથે ધર્મયૌવન દશા આવે છે, વિવેકચક્ષુ ખૂલે છે,

તેની સાથે જ ભગવંતનો મહિમા સમજાય છે.

સર્વ તીર્થંકર ભગવંતો પ્રેમથી ભરેલાં છે, એવું સમજવાની સાથે જ તેઓ ઉપર પ્રેમ ઉભરાય છે.

આ દુનિયામાં 'પ્રેમ' નામ ધરાવનાર જેટલાં તત્ત્વો છે,

તે સર્વમાં ભગવાનનું સ્થાન ઊંચું આવે છે.

ભગવાનના પ્રેમ જેવો પ્રેમ બીજે ન મળે,

એવી સમજણ ઉગવાની સાથે જ

ભગવાન ઉપર અવિરત ભક્તિ જાગે છે.

એ પ્રીતિને આદિ તો હોય છે, પરન્તુ અંત થતો નથી.

'આદિ-અનંત સ્થિતિવાળી પ્રીતિ પ્રભુ સાથે જ થઈ શકે,

બીજા કોઈની સાથે નહીં જ' એ નિયમ

શાસ્ત્રો બાંધ્યો છે, તે યથાર્થ છે, અર્થ સમજાય છે.

પ્રેમ એટલો પવિત્ર અને મહિમાવંત છે કે

તે બીજાની અવહેલના કરી શકતો નથી.

પ્રેમમાં - સદ્ભાવમાં એકાત્મભાવ છે.

પોતે મોટાં - બીજા હલકાં છે, એવી વૃત્તિ તેમાં નથી.

સાલોક્ય - ત્યાં વસવું. સારૂપ્ય - સમાન થવું.

સામીપ્ય - નિકટ વસવું. સાયુજ્ય - એક થવું.

Kingdom of God - Love is within you.

આંતરિક રીતે તો આપણે આપણા અંદરના પ્રભુને મળીને આપણું અસ્તિત્વ - સમરૂપત્વ અનુભવવું જ છે.

આ એક મહાન બાબત છે.

હે મિત્ર! પ્રેમની શક્તિ કેટલી બધી સૂક્ષ્મ છે!

એ પ્રેમ એટલે કે જેને કોઈ પ્રકારના ભેદભાવ નહિ, જેને કોઈ પ્રકારની સીમા નહિ, જે આપણને એક તારે વણે છે, જે માનવજીવનને ભવ્ય રીતે નવાંકુરિત કરે છે તથા જીવનમાં રૂપાંતરણ લાવે છે. પ્રેમ, કે જે અત્યંત મધુરભાવ છે, તે દિવ્યતાનું વિશ્વરૂપ દર્શન બને છે. આ જ પ્રેમ જીવનનો રાહબર બનો. પ્રેમ કરવાની અસરકારકતા ખચિત (કંઈક) આશ્ચર્યકારક હોય છે. કોઈ સુંદર વસ્તુને જોઈને તેના પ્રત્યે તત્કાળ બંધાઈ જતો રાગાત્મક સંબંધ અને તેથી તે વસ્તુને પોતાના અધિકારમાં આણવાના મોહને 'અનુરાગ' કે 'પ્રેમ' કહીએ છીએ, કિન્તુ વાસના કે પશુવૃત્તિને 'પ્રેમ' નામ આપનાર ખરે જ એક મોટો અપરાધ કરે છે.

## પ્રેમની સાધના ક્યાં સુધી કરવી?

**જ્યારે તે આપોઆપ થવા લાગે, ત્યાં સુધી.**

ઇસુ ધર્મનો પાયાનો સિદ્ધાંત છે કે 'વધુ પ્રેમ કરો.' જે વધુ પ્રેમ કરે છે, તે માનવ બાળને પ્રેમ કરવાનો ઉપદેશ નથી આપતો, તે તો માત્ર પ્રેમ જ કરે છે. એક ઓછો પ્રેમ કરતો હોય, તો બીજાએ વધુ કરવો. તમે જુઓ કે કોઈ તમને તિરસ્કારે છે અને તમારું નુકશાન પહોંચાડે છે, ત્યારે તમારી આત્મશક્તિ એકઠી કરીને તેને અત્યાર સુધી ન કર્યો હોય, એટલો પ્રેમ કરો.

**પ્રેમને અન્યાયનો અણગમો છે.**

જગતના જીવોનો પરસ્પર સંબંધ એ ઈશ્વરશક્તિનો રથ છે. એ રથમાં ઉલાળધરાર હોય, તો સરખો કરવો જોઈએ. એક બાજુ જો જરા ઓછો પ્રેમ હોય, તો તે ખોટ પૂરી કરવા તમારે તમારી બાજુનો પ્રેમ વધારી દેવો જોઈએ. પ્રેમ જ એક એવું અસ્તિત્વ છે કે તે જીવમાત્રના અંતરમાં વસે છે... એટલે કે એ ઈશ્વરમાં જ વસે છે.

પ્રભુનું નામ લેવા સાથે પ્રભુનું કામ પણ કરવું જોઈએ.

ભક્તિ સારુ સૌ ઉપર પ્રેમ પણ જોઈએ.

જિંદગી પ્રેમથી ભરેલી હશે, તો જ પ્રભુની ભક્તિ થશે.

પવિત્ર થવાથી જ ચિત્તને સમાધાન મળે છે.

એ વિચારવું ઘટે કે આપણે મેળવીએ છીએ ખૂબ પણ
પાછું આપીએ છીએ કેટલું? એ જ સાચો પ્રેમ છે,
તે ઓળખી કરીને કુદરત- ભગવાન ઉપર પ્રેમ કરીએ.

જે પ્રેમને પોતામાં જ બાંધી રાખે, તે બધું જ ખોવે છે.

'મારાં ઘરનું અજવાળું બહાર ન જવા દઉં' એ વિચારે
બારી-બારણાં બંધ કરનારનું શું થાય? હોય, તે પણ જાય.

વિચારથી એ સમજાય છે કે આપણે શું કરવું જોઈએ?

પ્રેમથી એ સમજાય છે કે એ શી રીતે કરવું જોઈએ?

વિચાર અને પ્રેમમાં આ જ ભેદ છે.

તન રૂપી બારી બંધ કરી મન રૂપી દરવાજા ખોલવાથી
પ્રેમસાધનાનાં સૌંદર્યને પામી શકાય છે. એકાત્મતા છે
ભાવના વિસ્તારની નહિ પણ સમજણના ઊંડાણની.

આ વિશ્વમાં આપણું કોઈપણ અનિષ્ટ ન કરી શકે,
એના માટે બે અગત્યની બાબતો: પ્રેમ અને વિશ્વાસ.
આ બે સદ્‌ગુણોની આપણા બંધારણમાં જમાવટ થતાં બાદ
આપણને ડરવાનું લેશમાત્ર કારણ નથી.
વિશ્વાસ બે-ચાર ઉપર જ રહે, પ્રેમ સૌ માટે રહે.
જીવવા માટે પ્રેમ અને વિશ્વાસ - બંને જોઈએ.
પ્રેમની સાથે સર્વ ઉપર વિશ્વાસ જાગે,
ત્યારે બ્રહ્મવિદ્યાનો પૂર્ણ વિકાસ થયો સમજવો.
ત્યાર બાદ સ્વાર્થ, પરાર્થ અને પરમાર્થ એક બને છે.
પ્રેમ અને ક્ષમા, પ્રેમ અને કરુણા - એક જ છે.
પ્રેમ એક વાત છે અને વિશ્વાસ બીજી વાત.
માતાને બચ્ચા ઉપર પ્રેમ છે, તેમ વિશ્વાસ પણ છે.
પ્રેમ અને વિશ્વાસમાં બહુ મોટી શક્તિ છે.
વિશ્વાસ અને પ્રેમ મન દ્વારા અભિવ્યક્ત થાય છે.
પ્રકાશનું કેન્દ્ર પાવરહાઉસ છે - બલ્બ નહીં, તેમ પ્રેમ +
વિશ્વાસનું કેન્દ્ર મનને પ્રકાશિત કરતું ચેતન તત્ત્વ છે.

## પ્રેમ - જે પુરુષ છે, તે ઈશ્વરનું પ્રતીક છે.

પ્રેમ Active dynamic male principle છે
અથવા તો ક્રિયાત્મક પુરુષતત્ત્વ છે.

પ્રેમ-કરુણા રૂપ ઈશ્વરમાં હંમેશા ક્રિયાકારિત્વ રહેલું છે.

પ્રેમ વિનાનું જ્ઞાન - કરુણા વિનાની ક્રિયાશીલતાનું
પરિણામ આધ્યાત્મિક અવસાનમાં આવે.

જ્ઞાન વિનાના પ્રેમ તથા તર્કશીલતા વિનાની કરુણાનું
પરિણામ લાગણીમાં અર્થાત્ બુદ્ધિના નાશમાં આવે.

જ્યારે મસ્તિષ્ક અને હૃદયનો, કરુણા અને બુદ્ધિનો,
ઉત્કૃષ્ટ પ્રેમ અને ગૂઢતમ જ્ઞાનનો સમન્વય થાય છે,
ત્યારે જ પૂર્ણ વિકાસની પરમ કોટિએ પહોંચાય છે
તથા અપૂર્વ તેજ વડે ઝળહળતા જ્ઞાનસૂર્યનો અને ન
વર્ણવી શકાય, તેવા આનંદચંદ્રનો નવો ઉદય થાય છે.

પ્રભુપ્રેમ જ્ઞાન ઈશ્વરની અભિવૃદ્ધિ શરૂ થાય છે.

પ્રભુ પ્રત્યેના પ્રેમથી ચારે પુરુષાર્થ અર્થાત્
ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સાર્થક થાય છે.

પ્રભુનું કાર્ય છે સત્યનું, સેવાનું, પ્રેમનું અને કરુણાનું.
પ્રેમ વિસ્તારવો એટલે આપણામાં સૌને સામેલ કરવા.

'આપણી પાસે જે કાંઈ છે, તે પરમેશ્વરનું છે'
એમ માનીને તેનો ઉપયોગ સેવામાં કરવો જોઈએ,
તો જ પ્રેમ વધશે, શાંતિ વધશે.

ચાર દિવાલોની વચ્ચે પ્રેમને કેદી બનાવવામાં આવે,
તો જળવહેણની જેમ બંધિયાર થઈ બગડે, કીડા પડે.
જળની જેમ પ્રેમ પણ બંધિયાર બને, તો સડે.
પ્રેમ સીમિત થશે, તો સડશે જ સમજો.

પ્રેમને રોકવો નહીં - વહેવા દેવો, એ જ 'બ્રહ્મવિદ્યા'.
આ જ તો બ્રહ્મવિદ્યાની ક્રમશઃ કેળવણી છે, એનો સાર છે.
બુદ્ધિ લાભની તકોને જુએ, હૃદય પ્રેમપાત્રને પારખે.
પ્રેમ કોને જોઈતો નથી? સર્વ કોઈ તેના માટે ઝંખે છે.
પ્રેમ જો વાસનાનું સ્વરૂપ પકડે, તો પછી ધર્મ ઝઘડો.
'कामात् क्रोधोऽभिजायते।' ઉત્તરોત્તર પતન.
પ્રેમસાધના એ આત્મઉપાસના જ છે.

જ્યાં પ્રેમ પરિવારમાં ભેદ થઈ ગયો, ત્યાં ખાનગી માલિકી આવી ગઈ ! એનાથી ઝઘડા વધે. નાના પ્રેમનો બચાવ કરતાં પ્રેમનો વ્યાપક પ્રવાહ રોકાઈ જાય છે.

આશ્રિત પ્રેમમાં વ્યાપક દ્વેષનું રૂપ આવી જાય છે.

બહુ અલ્પ પ્રેમ એટલે વ્યાપક દ્વેષ.

અહીં પ્રેમ કામનાં રૂપમાં પલટાઈ જાય છે.

આશ્રિત પ્રેમ કામરૂપ ઐચ્યથી સડેલો પ્રેમ છે.

પાણી વહેતું અટકે કે તુરત સ્વધર્મ રૂપ સ્વચ્છતા ગુમાવે.

જે પાણી જીવન હતું, તે મરણ થઈ ગયું.

પ્રેમ જગતને જીવાડનારો છે.

તે આશ્રિત બની જાય, તો જગતને મારનારો થાય છે.

પ્રેમ એક જગ્યાએ ભેદ થયો, એટલે મુક્તિનું સાધન બનતો નથી. મુક્ત પ્રેમ જ મુક્તિનું સાધન બની શકે.

પરસ્પર સહયોગથી પ્રેમની તાકાત વધે છે. નકારાત્મક પ્રેમ યાને 'હું કોઈને મારું નહીં ને કોઈ મને મારે નહીં.' એથી બળ કે પ્રેમની તાકાત વધતી નથી.

પ્રેમની તાકાત વધારવા જેટલો પોતીકા ઉપર છે,
તેટલો જ પ્રેમ પાડોશી અને દુશ્મન ઉપર પણ કરો.
એ રીતે દુશ્મન ઉપર પણ આપણે પ્રેમનો હુમલો
કરીશું, ત્યારે જ પ્રેમની ખરી શક્તિ પ્રગટ થશે.
આજે પ્રેમ ડરપોક બન્યો છે, તે ઘરમાં જ બેઠો છે,
તેને બહાર મેદાનમાં લાવવો જોઈએ.
કોઈને પણ ચાહતાં ડરવું જોઈએ નહીં.
અરિતાને હણવા જોઈએ, મિત્રતાને નહીં.
અરિતાને પડદામાં રાખવા જોઈએ, મિત્રતાને નહીં.
પ્રેમ આપતાં સંકોચનો અનુભવ ન કરવો અને
દ્વેષ આપતાં સંકોચાવું, એ જ અર્હંતોનો ધર્મ છે.
શારીરિક શક્તિ નહીં, સાચી શક્તિ પ્રેમની શક્તિ છે.
આચરણ પ્રેમમય બનાવવાથી જગતને જીતી શકાય છે.
પ્રેમ = 'સમસ્ત વિશ્વ મારું છે' એ ભાવના વિકસાવવા.
પ્રેમ માટે 'મનુષ્યજન્મ જ શ્રેષ્ઠ અવતાર છે'
એવી આત્મપ્રતીતિ ખરેખર બળ આપશે.

નિષ્કામ પ્રેમ કરવામાં અને નિષ્કામ પ્રેમ
પાળવામાં વખત ગાળો, એ ઈશ્વરીય દિવ્ય અધિકાર છે.

જેમણે ભગવાનને પ્રેમ આપ્યો છે,
તેઓ સર્વ જરૂરથી ત્રિભુવનપતિ બને છે.
પ્રેમથી વાવો અને કૃતજ્ઞતાથી લણો.
દ્રઢ શ્રદ્ધા - ભક્તિ - પ્રેમથી જડ પણ ચેતન બને છે.
પ્રેમ સાગરની સાથે જોડે છે.
પ્રેમના આલયમાં સત્તાથી પૃથક અને એકલા રહેવાય છે.
પોતાનામાં પૂરાઈ જવું, તે જીવતાં મુડદા રહેવા બરાબર છે.

o

Love is a secret of divine life.
Self love grows through ignorance:
the more there is self love, the more
will one take to objects of the world. The
more there is the weight of worldly
possessions, the more will one go down.

આત્માનો ભય પ્રેમના પ્રયોગથી જ દૂર થઈ શકે.

સર્વમાં આપણું પોતાનું તત્ત્વ વિખરાઈને પડેલું છે.

મિત્રતા - પ્રેમ - સૌહાર્દના મંજુલ સૂર

ઉદાર વાતાવરણ ચારેબાજુ ભરેલાં છે, તેને અનુભવો. હૃદયમાં પ્રત્યેક જીવાત્મા પ્રત્યે પ્રેમનો જ પ્રકાશ અગ્નિ પ્રગટાવવો જોઈએ. મનને સમતોલ બનાવવાનો, સુખી સૌને શાંત બનાવવાનો, આનંદી સૌ સુખી કરવાનો એ સિવાય બીજો કોઈ માર્ગ છે જ નહીં. પ્રેમ વડે સર્વવ્યાપક એકતાનો સાક્ષાત્કાર કરવો, એ જ હૃદયની શુદ્ધિ છે, વેરીનું વેર લેવાનો અકસીર ઉપાય એક પ્રેમરૂપી મહૌષધિને છોડી, બીજો છે જ નહીં. પ્રેમનું અમૃત જ દ્વેષાગ્નિને શાંત કરે છે. પરમ સુખના ઈચ્છુકે પ્રત્યેક જીવ સાથે પ્રેમનું જોડાણ આદરવું જોઈએ. હૃદય સ્વચ્છ કરવાની એ પ્રથમ કૂંચી છે. સમજી વિચારીને કોઈને કંઈ અપાય, તો પ્રેમનો નાતો બંધાઈ એક તાકાત પેદા થાય છે - બધા એક બનાય છે.

## સ્વાર્થ અને આત્મપ્રેમ એક નથી.

સ્વાર્થી મનુષ્યને બીજા માણસ ઉપર તો પ્રેમ નથી,
પરંતુ પોતાના માણસ ઉપર પણ પ્રેમ નથી.
પોતાની જાતને પણ તે ચાહતો હોતો નથી,
પરંતુ ઊંડે ઊંડેથી ધિક્કારતો હોય છે.

સર્વ ઉપર લોકને પ્રેમ છે, એવા વીતરાગ ઉપરનો પ્રેમ સર્વ ઉપરના પ્રેમને વિકસાવે છે. સર્વ માટે સર્વ ત્યાગ કરનારા માત્ર ને માત્ર પંચ પરમેષ્ઠિ ભગવંતો છે. તેમને નમસ્કારથી, તેમની ભક્તિથી, surrenderથી સ્વનો અહંભાવ ઓગળી સર્વભાવનું બીજ રોપાય છે. પ્રેમ એ જ સાચી સત્તા છે, બીજી સત્તાથી મનુષ્યની સુધારણામાં કામ લાગતી નથી. સૌ પ્રેમના ભૂખ્યા છે. પ્રભુને પામવાનો રસ્તો હૃદય છે, તેમાં જ ચિદાકાશ છે. તે અચિન્ત્ય છે, અગમ્ય છે, અનંત છે અને અમૃત છે. હૃદય સર્જનશક્તિનું મૂળ, સંકલ્પોનું બીજ, શક્તિનું કેન્દ્ર છે. હૃદયને સ્વચ્છ રાખવાથી ઈશ્વર મળે છે, મદદ કરે છે.

વીતરાગ રાગશૂન્ય જરૂર છે પણ પ્રેમશૂન્ય નહિ.

રાગ સ્વાર્થસૂચક છે અને પ્રેમ આનંદસૂચક છે.

સ્વાર્થવૃત્તિનો નાશ આવશ્યક છે,

કિન્તુ આનંદોત્પાદક પ્રેમવૃત્તિનો નાશ ઈષ્ટ નહિ.

તે કાર્યસાધક હોવાથી ઉપાદેય છે, સ્વાર્થમૂલક રાગ તો હેય છે, કિન્તુ સ્વપર આનંદમૂલક પ્રેમ ઉપાદેય છે.

પ્રત્યક્ષ મિલનના અભાવમાં જેમ પ્રેમીના નામના અક્ષરો મિલન જેટલો આનંદ અનુભવ કરાવે છે, તેમ પરમાત્માના વિરહમાં પરમાત્માના નામના અક્ષરો, તેના જાપ, સ્મરણ, ચિંતન કે દર્શન આનંદ પ્રાપ્ત કરાવે, તો સમજવું કે પરમાત્મ પ્રતિ આપણામાં ભક્તિનો ઉદય થયો છે, પ્રેમના અંકુરો પ્રગટ્યા છે, અન્યથા નહીં. નાદથી ઓંકારની ઉત્પત્તિ છે. પ્રેમમય પ્રભુનાદ બનીને ભક્તને હૃદય સાથે લગાડી સ્વધામમાં લઈ જાય છે.

નામ લેવાથી પરમ પ્રેમની પ્રાપ્તિ થાય છે,

જેની આગળ ધર્મ - અર્થ આદિ સર્વ તુચ્છ છે.

## હૃદયમાં પ્રેમ છે, માટે પ્રેમ એ સત્ય છે.

પ્રેમ ઉપર અહંકાર હાવી છે, ત્યારે બાહ્ય વૃત્તિઓનો
આભાસ થાય છે, પરંતુ એ વૃત્તિઓ નાશવંતરૂપ છે
કારણ કે પ્રેમનો માત્ર અભાવ તેમાં છે.

સત્ય આચરી હૃદયને પ્રેમ તથા દયાથી ભરેલાં રાખવાં.
ક્રોધ અને આવેશ - બંને વૃત્તિઓ જ્યારે ઉદ્ભવ્યા
પામે, ત્યારે પ્રેમ અને વિશ્વબંધુત્વની ભાવના જન્મે છે.
પ્રેમથી ક્રોધ અને વિશ્વબંધુત્વભાવથી આવેશ ભાગે છે.

પ્રેમ એ જ પરમાત્મા, પ્રેમનું બીજું નામ દયા છે.
પ્રેમ વગર એકાગ્રતા આવતી નથી.
પ્રેમ દ્વારા હૃદયની નાડીઓ ધબકે છે અને
ઈશ્વરનું રૂપ જલ્દી ખડું થાય છે.

ગુણવાન પ્રત્યે રાગ - સન્માન, પીડિત પ્રત્યે કરૂણા
અને સમાન પ્રત્યે પ્રેમ રાખવા જોઈએ.
પ્રેમ પત્થરને પરમેશ્વર બનાવે છે અને
પ્રેમનો અભાવ પરમેશ્વરને પત્થર બનાવે છે.

દ્વિધા કે ભિન્નતા એ ભગવાનના પ્રેમનું ઉલ્લંઘન છે.

એક જ કુટુંબના વડાને ખુશ રાખવો હોય,
તો તેના તમામ સભ્યો સાથે ઐક્યમાં રહીને
પ્રેમ અને મૈત્રીભાવ તો અવશ્ય રાખવો જ જોઈએ.
વિશ્વ એ કુટુંબ છે, પરમાત્મા તેનો વડો છે,
પ્રાણીમાત્ર તેના સભ્યો છે.
આપણે વિશ્વકુટુંબ સાથે પ્રેમથી વર્તવા બંધાયા છીએ,
આથી પ્રેમનો સ્થિરભાવ આપણી સાધના જ હોવી ઘટે.
વિશુદ્ધ આત્મસ્વરૂપ કેવળ અનુભવગમ્ય છે કે જે મન,
અનુભવ, વાણી તથા દેહથી અલગ થઈ હૃદયના અંતરતમ
પ્રદેશોમાં આવે જ, આ રીતે જ થઈ શકવા યોગ્ય છે.
તે અનુભવદ્વાર ખોલવા પ્રેમભાવો એક જ સાદ બસ છે,
કે જેને આપણે ભવ પ્રેમ માનીને
કામરાગ-સ્નેહરાગ-દૃષ્ટિરાગરૂપે પરમાં પાથરી બેઠા છે.
ધર્મ સર્વ કોઈને સમાન ભાવે પ્રેમ આપવામાં છે,
પ્રેમને આપવાના અંગો રૂપ ધર્મને સેવવામાં છે.

## પ્રેમ એ મહાવશીકરણ મંત્ર છે.

પ્રેમ વિનાનું શાસ્ત્રીય જ્ઞાન પણ લુખ્ખું જ મનાયું છે.

It is when a man has no one to love him that he commits suicide.

પાણી માટે તરસ્યાંની જેમ ઇષ્ટ લગનીથી વિચરાયેલો આ પ્રેમ સપ્રયાસે એકત્રિત થવા યોગ્ય છે.

વિખરાયેલો તંતુગણ એકત્રિત થઈને પરિપુષ્ટ રજ્જુપણે પરિણામે અતિ બલિષ્ઠ જાનવરને પણ વશ કરવા સમર્થ છે, તેમ સુગ્રથિત પ્રેમપાશ વડે તરલતમ મનમતંગજ વશ કરી શકાય છે કે જેના પર આરૂઢ થઈ અનુભવ-દ્વારે પહોંચવું સાધકને માટે એકદમ સુગમ રહે છે.

પ્રેમદર્દીના પોતાનાથી ઉઘડેલા અનુભવદ્વાર દ્વારા સમગ્ર તત્ત્વજ્ઞાનના નિષ્કર્ષભૂત એવા સ્વરૂપ વિલાસ ભુવનમાં પ્રવેશ થઈ શકે છે, કે જ્યાં વિશુદ્ધ આત્મસ્વરૂપને ભેટવામાત્રથી નિપજેલા નિરાકુલ, નિરવધિ, નિરૂપાધિક આત્માનંદનું વર્ણન કોણ કરી શકે?

જીવના પોતાના પ્રયત્નથી જે પ્રેમ થાય,

તે ઘણો હલકો, વાસનાત્મક અને સમુદ્રમાં બિંદુ જેવો છે.

જીવ જેમ જેમ દૃશ્ય વસ્તુઓ ઉપર ઓછો આધાર રાખી પ્રભુ ઉપરની શ્રદ્ધાથી તેનું કહેવું સમજે છે, તેમ તેમ તેનો પ્રેમ વધારે દૃઢ અને મજબૂત બનતો જાય છે.

શુદ્ધ પ્રેમનું પર્યવસાન આંસુઓમાં જ થાય છે.

પ્રેમ પોતાના પ્રભુથી અને તેના જગતથી
દ્વૈતભાવ કદાપિ સહન કરી શકતો નથી.

ખરાં પ્રેમની શોધ એ ખરી રીતે આત્માની શોધ છે, પરમાત્માની શોધ છે. વૈરાગ્યવાળાને સંસાર સારો લાગતો નથી પણ પરમાત્મા સુંદર અને સુખરૂપ લાગે છે. કૃષ્ણને પ્રેમસ્વરૂપને બદલે ભાવસ્વરૂપ કહ્યો છે, કેમકે 'પ્રેમ' શબ્દ ઘણાભાગે સાંસારિક સુખ માટે વપરાય છે. બાકી કૃષ્ણ તો પ્રેમ અને ભાવ - ઉભય સ્વરૂપી છે.

સંબંધના ભાવમાંથી પ્રેમ, તેમાંથી પરવશતા અને
પરવશતામાંથી આરાધના પેદા થઈ જાય છે.

પ્રેમ ઉત્પાદક હોય છે.

જેને પ્રેમ કરે છે, તેના તરફથી પ્રેમ મળે છે.

મહાપુરુષ પોતાના જુટ - ટોપીમાં સમાતો નથી, કેમકે
તેના અંદર પ્રેમ, જ્ઞાન, શક્તિ વગેરે છે.
ધર્મ અને મોક્ષથી એ મિશ્ર છે, કેવળ અર્થ-કામથી નહીં.

પવિત્રતા દલીલોમાં નથી, પરન્તુ
પ્રેમ રાખવામાં અને પોતાને ભૂલવામાં છે.

અંતઃકરણની બે આરસી છે : રાગ અને દ્વેષ.
ગુરુ જોવાથી રાગ - દોષ જોવાથી દ્વેષ થાય.

જીવનનો ઉદ્દેશ જ્ઞાન વધારવાનો, અજ્ઞાન હટાવવાનો,
પ્રેમ વિકસાવવાનો અને દ્વેષને મારવાનો હોવો જોઈએ.
દરેક જીવમાં ગુરુ જ જોવાની કલા કેળવવી જોઈએ.

પ્રેમ = અન્ય માટે સ્વાર્થનો ભોગ આપવો, તે છે.

જે પ્રેમના જ વિચારો કરે, તેને રોગ ન થાય.

તીર્થંકરોનું શરીર કેવું હોય છે?
તેમના હૃદયમાં ઉચ્ચ કોટિનો પ્રેમ જ ભરેલો છે.

જાગવું - જગાવવું એ તિતિક્ષાનો પરિધિ છે.

તિતિક્ષા એ સંસ્કૃતિ ઉગારવા માટે પગના પગરખાં અથવા
વરસાદથી બચવા માથાની છત્રી છે.
પ્રેમલક્ષણવાળી, તિતિક્ષા ગુણવાળી જિંદગી જ સાર્થક છે.
સ્વાર્થના બંધન ઓછાં કરવાનો અને
પ્રેમનો લક્ષ ખીલવવાનો ખરો રસ્તો તિતિક્ષાલક્ષણ છે.
બાળકનાં સુખ - દુઃખ પોતાના સુખ - દુઃખની સમાન છે,
તેમ જીવમાત્રને આનંદ અને પ્રેમ આપવા માટે જરૂરી
ત્યાગ અને તિતિક્ષા સ્વાભાવિક બને છે.

'મંગલ' એટલે કલ્યાણ - ભદ્ર - ક્ષેમ - કુશલ - પવિત્ર.

સર્વ જીવો સાથે મૈત્રી એ મંગલ છે, કેમકે
જીવતત્ત્વ પ્રેમ, જ્ઞાન, આનંદ, શક્તિથી ભરપૂર છે,
તેમ પ્રેમનું ધ્યાન અને તેનું ધ્યાન કરનારનું ધ્યાન
વિશ્વમાં પ્રેમતત્ત્વને વધારનાર છે, તેમ મંગલ છે.

તત્ત્વતઃ પ્રેમ એજ મંગલ છે. જ્ઞાન એજ મંગલ છે.
પ્રેમ અને જ્ઞાનમાં વપરાતી શક્તિ એ જ મંગલ છે.

ચૈતન્યપ્રેમ મંગળનું મૂળ - જડનો પ્રેમ પાપનું મૂળ છે.

જડની પ્રીતિ અનાદિની હોવા છતાં વિષ ભરેલી છે.
ચૈતન્યપ્રીતિનો નવો પ્રારંભ છતાં નિત્ય વૃદ્ધિ પામનારી છે,
અનંત, નિત્ય નવો પ્રેમ અને આનંદ આપનારી છે.

વિષયોની આસક્તિ પાપની જડ છે, જ્યારે
પરમેષ્ઠિઓની ભક્તિ એ મોક્ષનું મૂળ છે.

વિષયો સ્વયં જડ છે, અચેતન છે, ભાવવિહીન છે.
પરમેષ્ઠિઓ જ્યોતિસ્વરૂપ છે, ચૈતન્યઘન છે, ભાવથી
ભરપૂર છે. વળી તેઓ પરમપદે બિરાજમાન છે, તેમાં
કારણ તેઓનો ચૈતન્ય પ્રત્યે પ્રગટેલો પ્રેમ છે.

પરમેષ્ઠિઓ જ્ઞાનાનંદથી પૂર્ણ છે.
તેઓ જગમાત્ર પ્રત્યે આત્મસમભાવથી ભરેલા છે.

જ્ઞાન વિના પ્રતીતિ નહીં, પ્રતીતિ વિના પ્રેમ નહીં,
પ્રેમ વિના ભક્તિ નહીં. અહીં જ્ઞાન તે માહાત્મ્યજ્ઞાન
અથવા ઇષ્ટસાધનતા વિષયક જ્ઞાન.
એ જ્ઞાનને અનિષ્ટનિવારક વિષયક સમજવું.

## પ્રભુપ્રેમનું સ્વરૂપ

એ સ્વરૂપ કેવું હશે ? તે જાતે કેળવ જો રહી જશો:
એક ભક્ત અને બાકીના બધા ભગવાન !
આપણા ચિત્તની એકાગ્રતામાં બાધક એવી
આસક્તિથી છૂટવાનો ઉપાય છે પૂર્ણાસક્તિ, પ્રભુપ્રેમ.
એનાથી નિરાસક્તિ સહજ પ્રાપ્ત થશે.
જ્યારે હું ભક્ત અને અન્ય સર્વ ભગવાન રહેશે,
ત્યારે જેને કારણે રાગ-દ્વેષ પેદા થાય, તે દ્વૈત ચાલ્યું જશે.
હૃદય ઉપર પ્રેમની માગણીની જેટલી અસર થાય છે,
એટલી બીજા કોઈની થતી નથી.
આધ્યાત્મિક સ્વભાવ ખીલવવાની કુંચી સર્વમાં પ્રભુને
અને પ્રભુમાં સર્વ જીવોને જોવામાં રહેલી છે.
જેના અંતરમાં દયા અને પ્રેમ છે તથા
જેના કાર્યમાં સેવા અને સહાય છે, તે ખરેખરો ધર્મી છે.
મોહ સ્વાર્થની ગંધવાળો હોય છે, જ્યારે
પ્રેમ સ્વાર્થરહિત અને નિર્હેતુક હોય છે.

# પ્રેમમાં સૌ પરાજય ઇચ્છે છે.

જ્ઞાનમાં બીજાને પરાજય કરવા ઇચ્છનારી પ્રજ્ઞા
પ્રેમમાં તો બીજાથી પરાજિત થવા જ ઇચ્છે છે.
જ્ઞાન અથવા શક્તિના વિષયમાં તેમની બરાબરી કરી
શકે તેવા તો ઘણાં છે, પરન્તુ પ્રેમના વિષયમાં તેમની
બરાબરી તેમના શિવાય બીજા કોઈથી થઈ શકે નહીં.
જ્ઞાન પ્રકાશક છે, સર્જક નહિ. પ્રેમ કેવળ સર્જક છે.
તેમાં બદલો લેવાની નહીં, કેવળ આપવાની જ ઇચ્છા છે,
તેથી બધા ગુણોમાં તે શ્રેષ્ઠ અને સત્ત્વગુણથી ભરપૂર છે.
પ્રેમથી જ ભય, શંકા, ચંચળતા વગેરે ટળે છે અને
તે ટળવાથી નિર્ભયતા, નિઃશંકતા, નિશ્ચળતા વગેરે પ્રગટે છે.
પ્રેમમાં માધુર્યનો સાગર છે, પાવિત્ર્યનો પર્વત છે,
કુસુમની કોમળતા, ગંગાની નિર્મળતા, ચંદ્રની રમણીયતા,
સાગરની ગંભીરતા અને પૃથ્વીની ક્ષમતા છે.
તીર્થંકર પરમાત્માનું પૂજ્યતમત્વ જ્ઞાનના કારણે નહીં,
કિન્તુ તેમના પ્રેમના કારણે છે.

## પ્રેમના બાર બાહ્ય ચિહ્નો

સન્માન, બહુમાન, પ્રીતિ, વિરહની પીડા,

ઇતરાનપેક્ષા, અવિચિકિત્સા, માહાત્મ્યકથન, ગુણવર્ણન,

પ્રાણાર્પણ, તદીયતા, અપ્રાતિકૂલ્ય, આનુકૂલ્ય આદિ.

દ્વેષાદિકમાં તે ચિહ્નો અસંભવિત છે.

કોઈએ પ્રભુને જોયા નહિ પણ જેણે બાળ ઉપર પ્રેમ કર્યો, તેણે પ્રભુને પોતાનામાં આણ્યા ગણાય છે.

વિશ્વના સર્વ જીવો પ્રત્યે પ્રેમ ન પ્રગટાવવો,

એજ સૌથી મોટો અપરાધ છે.

જેને તે જુએ છે, તેના ઉપર પ્રેમ કરી શકતો નહિ,

તો નહિ જોતો, તેના ઉપર તે કેવી રીતે પ્રેમ કરશે?

માતા-પિતા, કલાચાર્ય, જ્ઞાતિજન, વૃદ્ધ ગુરુજી,

ધર્મોપદેશકો બધા પૂજ્ય છે, કારણકે પ્રેમથી ભરેલા છે.

વૃદ્ધ માતા-પિતા, સતી સ્ત્રી, નાના પુત્ર-પુત્રી,

સો સેંકડો અકાર્ય કરીને પણ પોષવા લાયક છે,

કેમકે તેઓમાં પ્રેમના ચિહ્નો જ મુખ્ય છે.

તીર્થંકરો પ્રેમના ભંડાર, માધુર્યના સાગર છે.
તેઓ ચંદ્રની જેમ નિર્મળ છે, મેરુની જેમ ધીર છે,
પૃથ્વીની જેમ સ્થિર છે, સાગરની જેમ ગંભીર છે,
કુસુમની જેમ કોમળ છે અને વજ્રની જેમ કઠોર છે.
પ્રેમનો એ સહજ સ્વભાવ છે.
જેમ સૂર્યની બરાબરી સૂર્ય જ, ચંદ્રની બરાબરી ચંદ્ર જ,
મેરુની બરાબરી મેરુ જ, સમુદ્રની બરાબરી સમુદ્ર જ અને
રામની બરાબરી રામ જ થાય,
તેમ માતાના પ્રેમની બરાબરી માતા જ થાય અને
તીર્થંકરોના પ્રેમની બરાબરી તીર્થંકરો જ થઈ શકે.
મા પાસે લાભ નહિ - પ્રેમ છે, તેથી તેને ભૂલી ન શકાય.
માતાનું ગૌરવ
પિતા કરતાં હજાર ગણું, આચાર્ય કરતાં લાખ ગણું
અને ઉપાધ્યાય કરતાં ૧૦ લાખ ગણું વધી જાય છે.
તે બતાવે છે કે પ્રેમનો એક અંશ
લાભના ૧૦ લાખ અંશને પણ ટપી જાય છે.

માતા પ્રેમ આપે, તો તે પ્રત્યે ભક્તિ કોને ન જાગે ?

એક કોડ માતાનો પ્રેમ એકઠો કરીએ,

તો પણ તીર્થંકરના પ્રેમને ન પહોંચે,

કેમકે તેમનો પ્રેમ અનંતાનંત જીવો પ્રત્યે છે.

એટલું જ નહીં પણ એમનો પ્રેમ એકેક જીવની એકેક માતાના પૂર્ણ પ્રેમ કરતાં અનંત - અનંતગુણો અધિક છે.

તીર્થંકરોને જ્ઞાનની દ્રષ્ટિએ જોવાથી ભક્તિ નહીં જાગે.

શક્તિ કે વિભૂતિની નજરે જોવાથી યે ભક્તિ નહીં જાગે.

માત્ર પ્રેમની દ્રષ્ટિએ જોવાથી ભક્તિના સાગર ઉછળશે.

તીર્થંકરોનો પ્રેમ સર્વથી અધિક છે, માટે

તેમના ઉપર ભક્તિ પણ સૌથી વધુ પ્રગટવી જોઈએ.

તીર્થંકરોમાં જ્ઞાન, શક્તિ, ચારિત્ર અને તપ બધું હોવા ઉપરાંત સર્વ જગ-જંતુ ઉપર સમાન અસ્ખલિત પ્રેમ છે.

પ્રેમના કારણે તેમની દોષદ્રષ્ટિ ગળી ગઈ છે.

તીર્થંકર પરમાત્મા જો સર્વ જીવો પ્રત્યે પ્રેમ આપે,

તો સર્વ જીવોએ બદલામાં તેમને શું આપવું જોઈએ?

પિતા રાજ્ય આપે છે, માતા પ્રેમ આપે છે.

રાજ્યથી બાહ્ય કાર્ય થાય, પ્રેમથી આંતરિક કાર્ય થાય છે.

પિતા પ્રત્યે પૂજ્યભાવ છે, માતા પ્રત્યે ભક્તિભાવ છે.

જીવ સાથે જીવ મળે, તો પ્રેમ - સુખ - આનંદ વધે,

જડ સાથે જીવ મળે, તો ક્લેશ - દુઃખ - શોક વધે.

રાજ્યનું દાન ઘણાં કરે છે.

અન્ન, વસ્ત્ર અને ધનના દાતારો પણ મળે છે,

પરન્તુ પ્રેમનું દાન કરનારાનો સદા દુકાળ છે.

પ્રેમ બધા લેવા માટે છે, પરંતુ આપવા માટે કોઈ નથી.

રાજ્ય બધા દેવા માટે છે, લેવા કોઈ નથી.

તેથી જ જગતમાં રાજ્યની ત્રુટિ નથી, પ્રેમની ત્રુટિ છે.

ધન, અન્ન કે વસ્ત્રની તેવી તંગી નથી, જેવી પ્રેમની છે.

પ્રેમના ભિખારી ઘણાં છે, દાતાર કોઈક જ છે.

કુપિત ક્રોધાદિના અભાવથી શાંતરસ સુલભ નથી, કિન્તુ
સ્નેહાદિના દાનથી જ શાંતરસ પ્રગટે છે, તેથી જ ભાઈશ્રી
કુપિત શાંતરસના નહીં પણ વાત્સલ્યરસના ભંડાર છે.

## દુનિયાનું દુઃખ ઓછું કરવા પ્રેમ કરો.

પોતાની પાસે પ્રેમ અખૂટ હોવા છતાં પણ
તેને આપવાની વૃત્તિ કોઈ ધરાવતું નથી.
ગમે તેટલો આપે તો ય ખૂટે તેમ નથી,
તેટલો પ્રેમ દરેક પાસે ભરેલો હોવા છતાં
કોઈ તેને આપવા ઈચ્છતું નથી, પરન્તુ લેવા ઈચ્છે છે.
તેથી જ જગતમાં દુઃખ છે, અશાંતિ છે,
ક્લેશ છે, કંકાસ છે, ઈર્ષ્યા છે, અસૂયા છે.
તેના નિવારણનો ઉપાય પ્રેમનું દાન છે.
તે દાન સર્વ લોકોના સર્વ તીર્થંકરોએ કર્યું જ છે,
માટે જ દુનિયાનું દુઃખ થોડું ઓછું થયું છે.
ભગવાને પ્રેમનું દાન કરવાનો ઉપદેશ પણ આપ્યો છે,
તેથી જ થોડી પણ શાંતિ અનુભવાય છે.
તીર્થંકરોની ભક્તિ માતૃવાત્સલ્યરસની પોષક હોવાથી
સર્વ જીવો પ્રત્યેના સ્નેહભાવને વિકસાવનારી થાય છે.
એ સ્નેહથી તૃષ્ણાક્ષય શીઘ્રપણે સધાય છે.

જેમ રીતે બ્રાહ્મણને મોદકનું નામ અને રૂપ,
પ્રિયતમને પ્રિયતમાનું અને પ્રિયતમાને પ્રિયતમનું નામ
અને રૂપ - બન્ને જાગૃતિ લાવે છે, એમ પ્રભુ પ્રત્યે
પ્રેમ અને ભક્તિવાળાને પ્રભુનાં નામ-રૂપ હર્ષિત કરે છે.
જ્યાં સુધી તેમ ન થાય, ત્યાં સુધી
પ્રેમ અને ભક્તિ જાગ્યાં નથી, એમ માનવું વ્યાજબી છે.
તે જગાડવા પ્રભુને 'પ્રભુ' અને સમર્થ માનવા જોઈએ.
શરીરમાં આત્મા જેવી કોઈ અપૂર્વ વસ્તુ રહેલી છે,
એ વાતનું અખંડ સ્મરણ આત્મતત્ત્વ પર પ્રેમ વધારશે.
એ પ્રેમ એક વખત આત્માનુભવમાં પરિણમે, ત્યારે
શરીરમાં આત્માનું અસ્તિત્વ પારાની જેમ સાબિત થાય છે.
મનમાં પ્રકાશ પૂરો પાડનાર તત્ત્વ આત્મતત્ત્વ છે.
આત્મતત્ત્વનું અખંડ સ્મરણ પ્રેમને ઉત્પન્ન કરે છે અને
એ પ્રેમ જ આત્માનુભવ કરાવી આપે છે.
જે થયાં પછી આત્માને પરમશાંતિનો અનુભવ થયાં કરે છે,
એ સિવાય શાંતિ મેળવવાના ઉપાયો કારગત નિવડતાં નથી.

અપકાર કરનાર પ્રતિ પ્રેમ કરવો અને
તેનું યથાશક્તિ હિત કરવું, એ કોઈ પરાર્થ કે
પરોપકાર નથી, પરંતુ આપણો ખરો સ્વાર્થ છે.
પ્રાણીમાત્ર પ્રતિ પ્રેમ - તેમનું યથાશક્તિ હિત કરવાથી
આપણે તેમનું જેટલું હિત કરીએ છીએ, તેના કરતાં
આપણું પોતાનું અનેકગણું હિત કરીએ છીએ, કેમકે
જે પ્રમાણમાં આપણે આપણો પ્રેમ દર્શાવીએ છીએ,
તે પ્રમાણમાં આપણે પરમાત્માના નિયમને અનુસરીને
પરમાત્માના સ્વભાવને આપણામાં સ્ફુટ કરીએ છીએ,
પરિણામે પરમાત્માનું સામર્થ્ય આપણું થતું જાય છે.
એ જ પ્રમાણે અન્યનો દ્વેષ કરવાથી આપણું
અનેકગણું અધિક અહિત આપણે જ કરીએ છીએ.
મનુષ્યમાં દયા-પ્રેમ-વાત્સલ્ય રહેલ છે, એટલે
તે માનવમાં ગુણ કહેવાય છે, પરન્તુ પરિપૂર્ણ
પ્રેમ-દયા-વાત્સલ્ય મનુષ્યના હૃદયમાં પરિશુદ્ધ સ્વરૂપે
પવિત્રતા પ્રેમમાં છે અને પ્રેમ અહિંસામાં છે.

'નમો લોએ સવ્વસાહૂણં ।'

અર્થાત્ આ લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર હો.
સહાય કરે, તે સાધુ. સહાય તે જ કરે છે કે જે પ્રેમથી
ભરપૂર, ઈર્ષ્યા-અસૂયારહિત તથા દ્વેષથી સાવ મુક્ત હોય.
સાધુનું મુખ્ય લક્ષણ = ક્રિયાધર્મ. તે પ્રેમથી જ શક્ય છે.

જ્યારે સર્વના ઉપર વિશુદ્ધ પ્રેમ પ્રગટે છે,
ત્યારે સર્વના હૃદયમાં રહેલી ચિતિશક્તિ અને
આપણા હૃદયમાં રહેલી ચિતિશક્તિ એક જ હોવાથી
આપણા હૃદયની ચિતિશક્તિના વ્યાપનાં પ્રદેશોમાં
જે પ્રેમનાં આંદોલનો વર્તે છે, તે જ
પ્રેમ પ્રાણીમાત્રનાં હૃદયમાં આપણે અર્થે પ્રવર્તે છે,
ઉપરાંત સર્વની આપણા પ્રતિ વૈરબુદ્ધિ છૂટી જાય છે.

ચિતિશક્તિ પૂર્ણ પ્રેમરૂપ છે.
દ્વેષ-ઈર્ષ્યા આદિનો ત્યાં સંપૂર્ણ અભાવ છે.

જ્યાં કોઈનું અહિત નહીં ઈચ્છો, ત્યાં કોઈનું તે થવાનું નહિ.
સત્ય, દયા, પ્રેમ ગુણથી માનવમાત્ર સાચો દૈવી પુરુષ છે.

## હૃદયનો પ્રેમ - શાંતિમાં લઈ જાય છે.

પ્રેમથી મન જેટલું વશમાં આવે છે,
એટલું બળ કોઈ સાધનથી નથી આવતું,
માટે જ ભગવત્‌વિષયક પ્રેમ વધારવો જોઈએ.
પ્રાણીમાત્રના હિતનો સંકલ્પ પ્રગટાવતાં કંજૂસ થશો નહીં.
જે કાયમ રહે, તેના પર પ્રેમ કરવો, એ કર્તવ્ય કરે છે.
પ્રત્યેક પ્રાણી સાથે અનુભવાતો આત્મબંધુભાવ
આત્મામાં ભગવદ્ પ્રત્યેના પ્રેમનો ઉદય કરે છે.
એક જ પ્રભુ સર્વ જીવોમાં વ્યાપીને રહેલો છે.
એક વિરાટ આત્માનો જ પ્રકાશ સર્વમાં રહેલો છે.
પોતાનો આત્મભાવ સર્વમાં વિસ્તારવો જોઈએ અને
સર્વથી પ્રેમનો દાયરો મોટામાં મોટો રાખવો જોઈએ.
જગત સાથે પ્રેમ કરવાથી જીવ દુઃખી થાય, પરન્તુ
પરમાત્મા સાથે પ્રેમ કરવાથી એક દિવસ તે જરૂર સહાય
કરશે, કારણકે બુદ્ધિબળ - શરીરબળ અને ધનબળની
જ્યાં હાર થાય છે, ત્યાં પ્રેમબળની જીત થાય છે.

પ્રેમધર્મ જેવી મહાન વસ્તુ સાધવા માટે જોઈએ,
તે ચાર વિશિષ્ટ શક્તિઓ

(૧) નિરાગ્રહ વૃત્તિ (૨) વિશિષ્ટ મતિ (૩) ન્યાયબુદ્ધિ
(૪) ધ્યેય પ્રત્યે નિશ્ચય ટકી રહેવાની શક્તિ.

નિરાગ્રહ વૃત્તિમાંથી એક શક્તિ પેદા થાય છે,
જે પ્રેમમાર્ગે જીવને ટકાવી શકે છે.
એ જ રીતે મતિની નિપુણતામાંથી એક શક્તિ પેદા થાય છે,
જે જીવને પ્રેમતત્ત્વનું મહત્ત્વ સમજવામાં સહાય કરે છે.
ન્યાયબુદ્ધિની પણ તેટલી જ આવશ્યકતા છે,
કે જેના વિના પ્રેમનું મહત્ત્વ સંચિત થવું અશક્ય છે.

દ્વેષ એ મૃત્યુ છે, જ્યારે પ્રેમ એ જીવન છે.

દૃઢતા ન હોય, તો આ માર્ગ ઉપર ટકી શકાતું નથી.
તેથી આ ૪ પ્રકારની શક્તિઓ જે ઉપાયોથી વિકસિત
થતી હોય, તે સૌ ઉપાયોને શાસ્ત્રકારોએ 'ધર્મમાર્ગ'
તરીકે સંબોધેલાં છે. ધર્મ એ જ અમૃત, તેને પચાવીને
પ્રેમરૂપી અમૃતના પરિપૂર્ણ પાન માટે અધિકારી થવાય છે.

દ્વેષ કરતાં પ્રેમ વધારે બળવાન છે,
માટે દ્વેષનો જય પ્રેમ વડે જ કરશો.

ભયનું કારણ લોભ, દ્વેષનું કારણ લોભ, ખેદનું કારણ લોભ.
અલોભ એ ભય, દ્વેષ અને ખેદનું નિવારણ છે.
સર્વ જીવો પ્રત્યે અલોભભાવને ધારણ કરવાથી જ
પ્રભુ ભય-દ્વેષ-ખેદને જીતી ગયા છે. વાત્સલ્ય, ભક્તિ,
કરુણાદિ શબ્દો કરતાં 'પ્રેમ' શબ્દ વિશેષતાસૂચક છે.
દ્વેષ ભય લાવે અને પ્રેમ ભયને નિવારે છે.
પ્રેમની મૂંગી સહનશક્તિથી દ્વેષનું બળ તૂટીને ભાંગી જાય.
દ્વેષ એ અભાવનું અને પ્રેમ એ ભાવનું રૂપ છે.
ભેદદૃષ્ટિ દ્વેષને અને અભેદદૃષ્ટિ પ્રેમને જન્માવે છે.
પુદ્ગલનો પ્રેમ કે પૌદ્ગલિક સુખની ઇચ્છા
એ જીવ પ્રત્યે પ્રેમ થવા દેતાં નથી, માટે ત્યાજ્ય છે.
જીવ પ્રત્યે દ્વેષ એ હિંસા હોવાથી ભવમાં ભટકાવનાર છે.
પુદ્ગલમાં પ્રેમ પણ ભટકાવનારો છે.
દ્વેષ નહીં, પ્રેમ કરવાથી મન ઉપર પ્રભુત્વ આવે છે.

ક્ષમા ક્રિયાવાન - અહિંસક - પ્રેમપાત્ર પ્રત્યે ઉદાર છે.
તે દયા-દાક્ષિણ્યવાન અને વિનય-વૈયાવચ્ચથી યુક્ત છે.

ક્ષમાજનો કૃતજ્ઞ, હિતકારી, સુખકારી, ગુણરાગી, ભીરુ,
લજ્જાવાન, અશઠ, સત્યવાદી, સૌમ્ય, અક્રૂર,
મધ્યસ્થ, અક્ષુદ્ર, નિર્ભય, અદ્વેષી અને અખેદી હોય છે.
સાચો ક્ષમા કલ્યાણકારી, ભક્તિ અને તપરૂપ છે.

જેની રુચિ હોય, તેના પ્રત્યે પૂરો પ્રેમ ભાવને તેનો
પરિચય કરવો. શુદ્ધિનું લક્ષ વ્યવહાર શુદ્ધિ જ ગણાય.
સ્વ પ્રત્યેનો પ્રેમભાવ સમસ્ત પ્રત્યે વિકસવો જોઈએ.
સમસ્ત પ્રત્યે જેમને પ્રેમભાવ વિકસેલો છે,
તેમના પ્રત્યે સદા જ પ્રેમભાવ વિકસવો જોઈએ.

ધર્મ અને પ્રેમ - એ બે અભિન્ન વસ્તુ છે.

પંચપરમેષ્ઠિ સમસ્ત જીવરાશિ પ્રત્યે ક્ષમા છે, માટે ધર્મ છે.
પ્રેમના કારણે જ માતા-પિતા પૂજનીય છે,
ભાઈ-ભગિની માનનીય છે, પત્ની-પરિવાર પોષણીય છે,
દુષ્ટ દમનીય છે, વૈરી પણ વિરોધ કરવા યોગ્ય નથી.

સમસ્ત વિશ્વમાં પ્રેમનું સામ્રાજ્ય છે.

બધા પ્રકારના સદ્‌ગુણો પ્રેમલક્ષણનો જ વિસ્તાર છે.

કર્મ ધર્મનો શત્રુ છે અને ધર્મ પ્રેમનો શત્રુ છે.

જે જેટલાને પ્રેમ આપી શકે છે,

તે તેટલા અંશમાં અધર્મથી બચે છે - ધર્મને લભે છે.

પ્રેમના ઈચ્છુકને પ્રેમ ન આપવો, એ જ અધર્મ છે.

પ્રેમને કોણ ઈચ્છતું નથી? સર્વ કોઈ ઈચ્છે છે.

પ્રેમ આપવા માટે હૈયું કોને મળ્યું નથી?

સર્વ કોઈ સચેતન માનવને,

અરે! પંચેન્દ્રિય જીવમાત્રને મળેલું છે.

છતી વસ્તુ જેને જોઈએ છે, તેને ન આપે,

તે માનવ કૃપણ, નિષ્ઠુર અને હૃદયહીન છે.

જેને જે વસ્તુ ગમે તેટલી આપવા છતાં ખૂટે તેમ નથી

તેટલી અખૂટ મળેલી છે, તે મળ્યાં પછી પણ આપવામાં

સંકોચ અને કૃપણતા રાખે, તેને તે વસ્તુ ફરી કેમ મળે?

ફરી તે વસ્તુ મેળવવા માટે તે અનધિકારી ઠરે છે.

જગતને ખુશ કરવા વસ્તુઓ આપો, કિન્તુ
ભગવાનને પ્રસન્ન કરવા જીવમાત્રને પૂર્ણ પ્રેમ આપો.

જગત વસ્તુથી અને પ્રભુ પ્રેમથી પ્રસન્ન થાય છે.
ભેદનું ભાન છૂટી જાય, ત્યારે સમ્યગ્દર્શન થાય છે.
પરમ તત્વ સાથેનો યોગ્ય પ્રેમ ઉદય થાય અને
અંતે પણ પ્રેમના આનંદની પ્રાપ્તિ થાય છે.
માનવ આત્મા પરમ આત્મા સાથે તદ્રૂપ થઈ જાય,
તે વખતે જે અનુભવ થાય છે,
તે સમગ્ર અનુભવ ઈશ્વરતત્વનો હોય છે.
આ પ્રેમ અને લાભ થયાં પછી બાહ્યજીવન કેવું હોય?
તે કર્મને શાશ્વત સંવાદિતાની સાથે વધારેમાં વધારે
સંવાદિત કરવાના પ્રયત્નોમાં વ્યસ્ત અને મસ્ત હોય.
પ્રેમમાં જાદુ છે. પ્રેમ સમસ્ત જીવસૃષ્ટિનું અમૃત છે.

અંધકારમાં પણ તેજ છે, જ્યોતિમાં પણ અંધકાર છે.
તેજમાં પણ અંધકાર જોઈશે.
ક્રોધમાં પણ પ્રેમ અને પ્રેમમાં પણ ક્રોધ આવશ્યક છે.

# સાર્થક પ્રેમ ક્યારે મળે ?

પ્રેમથી જે આપીએ, તે જ પૂર્ણપણે આપીએ છીએ,
એવા અર્પણને જ સાર્થક ગણીએ છીએ,
પરન્તુ સાચો પ્રેમ ત્યાગની સાધનાને અંતે જ મળે.
જે મનુષ્ય સદા યે પોતાનું જ જોયે,
પોતાના અહંકારનો જ જય થાય, તે માટે મથે, તે
સ્વાર્થી, માયાવી મનુષ્યના મનમાં પ્રેમનો ઉદય થતો નથી,
ત્યાં પ્રેમનો સૂર્ય ઘોર વાદળાઓથી ઘેરાયેલો જ રહે છે.
પ્રેમસ્વરૂપ પરમાત્મા સાથે લીન થવા માટે
આપણે સંપૂર્ણ સ્વાધીન થવું પડશે.
સ્વાધીન થયાં વિના સ્વાધીન સાથે સંબંધ જોડી ન શકાય
અને કોઈપણ જાતની લેણ-દેણ પણ થઈ શકે નહીં.
ત્યાગ સાથે પ્રેમને અત્યંત નિકટનો સંબંધ છે.
પહેલાં કોણ અને પછી કોણ, તે નક્કી કરવું મુશ્કેલ છે.
મમત્વ કે પ્રેમ, જે કહો તે - એક જ છે.
પ્રેમનો જ તે પ્રસાદ છે, પ્રેમની જ તે માધુરી છે.

**પ્રેમ એ આત્માનું બળ છે અને બંદૂકવાળો ડરપોક છે.**

બંદૂક લઈ લીધા પછી તેની તાકાત ખતમ, પરન્તુ
પ્રેમવાળાને કોઈ સાધનની જરૂર નથી.
તેની નિર્ભયતા આત્મબળથી જ છે.

એક નબળા મનવાળો મનુષ્ય પણ જો પરમાત્મામાં શ્રદ્ધા
અને પ્રાણીમાત્ર પ્રતિ પ્રેમભાવયુક્ત રહે,
તો ગમે તેવા પ્રબળ મનોરથવાળા
સ્વાર્થી પુરુષની સત્તા તેના ઉપર ફાવી શકતી નથી.

સિદ્ધત્વની અવધિએ પહોંચેલા પરમ યોગીપુરુષો પોતાની
સત્તાનો ઉપયોગ કોઈપણ કાળે સ્વાર્થ હેતુ માટે કરતાં નથી.

પ્રેમ, કરુણા, ઉદારતા, પ્રસન્નતા હૃદયના ગુણો છે.
એ બધા આત્માની શક્તિઓ છે.

પૂજ્યની પૂજા પૂજ્યની આજ્ઞા પ્રત્યે પ્રેમભાવ પેદા કરે.
પ્રભુની આજ્ઞાનું પ્રેમપૂર્વક પાલન કરવાથી
સર્વ જીવો સાથે મૈત્રી સધાય, જે સૌને
રાગ-દ્વેષનો ક્ષય કરાવી પરમપદની પ્રાપ્તિ કરાવે છે.

Imp 'સર્વ છૂટાં છીએ' એ વાત પણ સરસ છે અને
'સર્વ સમાન છે' એ વાત પણ સરસ છે.

જે અંશમાં એકતા છે, તે અંશમાં એકતા ગ્રહવી જોઈએ,
જે અંશમાં પૃથક્તા છે, એ અંશમાં તે ગ્રહણ થવી જોઈએ,
ત્યારે વિવેકપૂર્વક પ્રેમ અને પ્રેમપૂર્વક વિવેક થાય તથા,
એનું જ નામ સ્યાદ્વાદ, અપેક્ષાવાદ, પ્રેમવાદ, વિવેકવાદ.

'સર્વ જીવો આત્મભૂત છે, આત્મા સર્વ જીવોથી પૃથક્ છે'
આ ઉભય લક્ષ એકત્ર મળે, ત્યારે નિષ્કામ પ્રેમ થાય
અર્થાત્ પ્રેમ થવા છતાં અલિપ્તપણું ટકી રહે, ઉપરાંત
નિર્લિપ્તપણું રહેવા છતાં પણ પ્રેમભાવ ટકી રહે.

પ્રેમભાવને ટકાવનાર અભેદનો વિચાર છે, જ્યારે
અલિપ્તભાવને ટકાવનાર ભેદનો વિચાર છે.

એક બુદ્ધિનો વિષય - બીજો હૃદયનો વિષય છે.
એકથી દિલ સંધાય છે, બીજાથી દિમાગ વશમાં રહે છે.
એક દૈન્યનો નાશ કરે છે, બીજો ગર્વનો નાશ કરે છે.
પ્રભુને ગર્વ સાથે વેર અને દૈન્ય સાથે પ્રેમ છે.

મોહનો પ્રતિભાવ સર્વ જીવો પ્રત્યેનો પ્રેમ છે.

અરિહંતોનો નમસ્કાર જીવને નિર્મોહ બનાવનાર છે,
તેનું કારણ સર્વ જીવો પ્રત્યેના પ્રેમ દ્વારા
અરિહંતોએ ભાવશત્રુ જીતી લીધા છે, તે છે.
'ભાવશત્રુ' એટલે શત્રુભાવ.
સર્વ જીવો પ્રત્યેનો શત્રુભાવ, પ્રેમભાવથી જ જીતાય.
અરિહંતોએ સર્વ જીવો પ્રત્યે એવો પ્રેમ વર્ષાવ્યો છે કે
જેમના અંતરમાં કોઈ પ્રત્યે શત્રુભાવ રહ્યો નથી.
પ્રેમભાવ વિના શત્રુભાવ - શત્રુભાવ ગયા વિના રાગાદિ
જીતાય નહીં. રાગાદિ જીતાયા વિના ઘાતિકર્મનો નાશ અને
કેવળજ્ઞાનની ઉત્પત્તિ થાય નહીં. કૈવલ્ય માટે મોહક્ષય,
તે અર્થે રાગાદિનો જય અને તે વિના મોહનો જય ન થાય.
મોહનો જય કરવા પ્રેમનો આવિર્ભાવ થવો જોઈએ.
જીવો પ્રત્યે પ્રેમ પ્રગટાવવો, એ જ પરમ કર્તવ્ય,
પરમ ધર્મ અને સર્વ કર્મના ક્ષયનું કારણ છે.
જીવોને હૃદયમાં સમાન સ્થાન આપવું, એ પ્રથમ ધર્મ છે.

મહાપુરુષોની ઉચ્ચ સ્વરે ઘોષણા છે કે...

પ્રેમ. હજુ અધિક પ્રેમ. તેથી હજુ અધિક પ્રેમ.

પ્રેમમય બનો. વિશ્વને, સમસ્ત વિશ્વને તમારા પ્રેમના આશ્લેષમાં ગ્રહી લ્યો. સાચા પ્રેમનું સુખ, જેના પ્રતિ એ પ્રેમનો પ્રવાહ વહેતો રહે છે, તેના સુખમાં રહેલું છે.

ખરો પ્રેમ નિરંતર કહે છે કે :

'આપો, આપો, આપો.'

ખોટો પ્રેમ કહે છે કે :

'મને આપો, મને આપો, મને આપો.'

સાચો પ્રેમ સૂર્યપ્રકાશની જેમ સ્વાર્થરહિત ચોતરફ ફેલાય. જ્યાં જ્યાં સાચો પ્રેમ ઢોળાય, ત્યાં ત્યાં આનંદ, ઉત્સાહ, સ્નેહમયતા, સૌંદર્ય અને મંગળનો ઉન્મેષ કરે છે.

અનાસક્તિનો અર્થ પ્રેમવિહીનતા નહીં,

કિન્તુ અનંત પ્રેમમયતા છે.

વિશુદ્ધ, નિર્મળ, વિકારની ગંધ વિનાનો અને

સ્વાર્થના અંશરહિત પ્રેમ એ જ પ્રેમ છે.

સમગ્ર વિશ્વને પ્રેમમાં આવરી લેતાં મનુષ્યો જે દેશમાં ૨૦૦ની સંખ્યામાં હોય, તે દેશમાં પાંચ જ દિવસમાં સત્યુગનું અવતરણ થાય.

વિશ્વ એ તો પ્રેમના પાઠ શીખવા માટેની પાઠશાળા છે.

પ્રેમ એ લાગણી નહિ, પરન્તુ આધ્યાત્મિક શક્તિ છે.

જો પ્રેમ એ કેવળ લાગણી જ હોય,
તો તો થોડી જ વરસમાં ઉભરાઈને શાંત થઈ જાય.

જે પ્રેમ થોડીવારમાં જ શાંત થઈ જાય, તે આસક્તિ છે.

જેનામાં શુદ્ધતા - પ્રેમ - વિનય - વિવેક ભરેલાં છે,
તેની આંખમાં - જીભમાં કંઈ અનોખું હોય છે,
વળી લોકો સાનમાં સમજી જઈ શકે છે.

ક્ષમા ન આપવી, એ કાયરતા છે.

કાયદા દ્વારા અપાતો ચુકાદો એ સજા છે, જ્યારે
પ્રેમ દ્વારા અપાતો ચુકાદો એ ક્ષમા છે.

શુદ્ધ અને નિઃસ્વાર્થ પ્રેમમાંથી જ ક્ષમા જન્મે છે.

પ્રેમ અને ક્ષમા એકાર્થક છે. અત્યંત પ્રેમનું નામ ક્ષમા છે.

વિશ્વને પ્રેમથી સભર જળ આપો,
તો તમારી મુશ્કેલી વખતે વધારે જળ મળશે અને
વિશ્વાસ રાખો, તમારા ઉપર અનેક જીવો વિશ્વાસ રાખશે.

પ્રેમ પ્રેમને પોષે છે, માટે જેઓએ પોતાના જીવનમાં સર્વ જીવો પ્રત્યે પ્રેમ બતાવ્યો છે, તેવા મહાન પુરૂષને ધ્યેય તરીકે સામે રાખી, તેના અંતરહૃદયથી દ્રવતાં દયાળુ જીવનનો વિચાર કરો, તેથી તમારો તે મહાન શક્તિ સાથે અંતરસંબંધ જોડાશે અને સર્વ જીવો પ્રત્યે પ્રેમ કરતાં તમે શીખશો. જેઓએ પોતાના જીવનમાં પ્રેમનો પ્રવાહ વહેડાવ્યો છે, તેમનામાં પ્રેમ રાખવાથી આપણા હૃદયમાં પણ પ્રેમ પ્રગટવા માંડશે. તમારા સંબંધમાં આવતાં અજ્ઞાનને ટળાવવા પ્રયત્ન કરવો,

તેને શુદ્ધ આત્મશક્તિનું ભાન કરાવવું.

તેનાથી તમારામાં સંચય કરેલા પ્રેમનો સદુપયોગ થશે.

સંસારનો પ્રેમ કાચના ટુકડા જેવો હોય છે,
છતાં તેમાં આકર્ષણ અને વશીકરણ છે.

## પંચમંગળમાં કેવળ જ્ઞાનનો પ્રકાશ છે - એમ નહીં, કિન્તુ પ્રેમનો પ્રકાશ છે.

મોહરહિત પુરુષો પ્રેમના બળથી મોહને જાણી શકે છે
અને મોહને જાણ્યાં પછી પણ પ્રેમસ્વરૂપ બની રહે છે.
જ્ઞાન એ જેમ જીવ સ્વભાવ છે, તેમ સર્વ ઉપર
સમાન પ્રેમભાવ એ પણ જીવનો સ્વભાવ જ છે.
જે રીતિએ સર્વ ઉપરનો પ્રેમ એ ધાર્મિક સત્કૃત્ય છે,
સ્વમાં સમતા એ ધાર્મિક ચારિત્ર છે અને
સર્વજ્ઞપણું એ સર્વનું જ્ઞાન છે, એ રીતે
જ્ઞાન, પ્રેમ અને આનંદનો સમુચ્ચય એ સિદ્ધપણું છે.
સિદ્ધ પરમાત્માઓમાં જેમ જ્ઞાન અને આનંદ છે,
તેમ સર્વ પ્રત્યે સમાન પ્રેમ પણ છે.
તેને જ સમાન દૃષ્ટિ પણ કહી શકાય.
સમાન દૃષ્ટિ, સમદર્શિ - પ્રેમના બળ વિના શક્ય નથી.
મોહનાશ થવાથી તે શક્તિ પ્રગટે છે.
મોહનાશનો ઉપાય અને પરિણામ = પ્રેમનો વિસ્તાર કરો.

## પ્રેમ એટલે આત્મતુલ્ય ભાવ.

આપણને જે ન ગમે, તે બીજાને ગમતું પણ હોય!
અને એ બીજો પણ આપણી જેમ જીવવાનો તથા
પોતાની મરજી મુજબ જીવવાનો અધિકાર ધરાવે છે.
'અદ્વેષ્ટા સર્વભૂતાનામ્ |' અર્થાત્ : સર્વ જીવને પ્રેમ કરવો.
જેમાં સરવાળો - બાદબાકી હોય, તે સાચો પ્રેમ નથી.
જેમાં કશું ઉમેરી ન શકાય કે જેમાંથી કશું કાઢી શકાય
નહીં એવો હોય, તેને જ પરમ પ્રેમની સંજ્ઞા મળે છે.

પ્રિયતમ વસ્તુ કદી પરોક્ષ હોતી નથી, તે
હૃદયે પ્રત્યક્ષ હોય, જે ન હોય, તે પ્રિય + તમ નથી.

પ્રેમ અતિશય કંજૂસ હોય છે, કેમકે
બીજા ઈશ્વરની રતિને તે સહી શકતો નથી.

પ્રતિકૂળ સંજોગોની વચ્ચે રહીને જ
પ્રેમ અને સંકલ્પબળ વધારી શકાય છે.
જેનામાં આત્મબળ કે પ્રેમ વધારે હોય, તેના સહવાસમાં
રહીને કે તેમનું અનુકરણ કરીને આગળ વધો.

પરમાત્મા પૂર્ણાનંદમય હોવાથી તે પ્રિયતમ - પ્રેમી છે.

પ્રેમમાં પોતાની વિસ્મૃતિ હોય, પરન્તુ
પ્રેમાધારની અખંડ સ્મૃતિ હોય છે.

પ્રેમપૂર્વક વિવેક અને વિવેકપૂર્વક પ્રેમ - સાર્થક છે.

પ્રેમપાત્રના રૂપની પાછળ બીજું રૂપ ધરનારી, પોતાનું જ રૂપ ઢાંકી તે પ્રેમપાત્રના રૂપે જે થાય, તે 'અનુભવ' છે.

પ્રેમ આત્મરૂપ હોવાથી પ્રકાશ, પ્રવૃત્તિ, આવરણશૂન્ય છે
તથા તે સુખ - દુઃખ કે મોહરૂપ નથી,
કેમકે પ્રેમ એ ગ્રાહ્ય નહીં, ગ્રહિતા છે.

આત્મનિષ્ઠારૂપ પ્રેમને સુખાદિ સાથે સંબંધ નથી. સ્વરૂપ લેખે પરમાત્મરૂપ થવું અને પ્રભુત્વનો અનુભવ કરવો.

પ્રેમ જ નિઃસ્વાર્થ કર્મયોગને સફળ કરે છે.

આત્મજ્ઞાનની પ્રગાઢ અવસ્થા પ્રેમ અને
પ્રેમની પ્રગાઢ અવસ્થા નિષ્કામ કર્મયોગ છે.

પ્રેમયોગ કદી નિષ્ક્રિય અથવા સ્વાર્થાનુવિદ્ધ નથી હોય.

પ્રેમ પ્રેમપાત્રને માટે સદા નિઃસ્વાર્થભાવે સમર્પક જ રહેશે.

## પ્રેમ એ પારસમણિ છે.

પ્રેમબાગનું ફૂલ આગાહિત પ્રેમફૂલ જ હોય.
જ્યાં પ્રેમ છે, ત્યાં ક્ષેમ છે. જ્યાં વેર છે, ત્યાં વિનાશ છે.
આખા જગત પ્રત્યે પ્રેમ રાખવામાં ઈશ્વરની ઓળખ છે.
પ્રેમસગાઈ આગળ લોહીની સગાઈ કાંઈ નથી.
પ્રેમ એ નર્કને સ્વર્ગ અને શત્રુને મિત્ર બનાવે છે.
મુર્દા પણ બેઠાં થાય, એવો સંજીવની મંત્ર છે પ્રેમ.
પ્રેમ વસુધાને કુટુંબભાવથી જોતાં શીખવે છે.
બુદ્ધિ = નીરસ નિરાકરણ. લાગણી = રસની જમાવટ.
એકલી બુદ્ધિ લાગણીને કચડી નાંખે છે.
લાગણી પ્રેમ આપે પણ છે અને પ્રેમને પારખે પણ છે.
બુદ્ધિ બાળનાં દુઃખને નિરખી શકશે, લાગણી પરખી શકશે.
બુદ્ધિ કલમના બળે મનુષ્યનું દુઃખ આલેખી પણ શકશે,
પ્રેમ હૈયાનાં પ્રત્યેક તાર ઝણઝણાવીને મનુષ્યમાત્રના
એકેએક તંતુને પલાળે, તેટલું જગત ચક્ષુથી વહાવી શકશે.
પ્રેમ કે લાગણી હોય, તે પદાર્થ તેના તરફ આકર્ષાય છે.

બુદ્ધિ નિરીક્ષણ - પરીક્ષણ કરે છે, જ્યારે
હૃદય પ્રેમ કરે છે, લાગણી બતાવે છે.

'બુદ્ધિ' એટલે બહિરાત્મા. 'હૃદય' એટલે અંતરાત્મા. બુદ્ધિને તર્ક હોય, અનુભવ નહીં. હૃદયને અનુભવ હોય, તર્ક નહીં. અનુભવ રત્નત્રયાત્મક છે, તેથી અનુભવમાત્ર પ્રેમ, જ્ઞાન અને ક્રિયાથી યુક્ત જ હોય છે.

બુદ્ધિ વિશિષ્ટ ધર્મને અજવાળ કરે, તેથી વિવેક થાય.
હૃદય સામાન્ય ધર્મને અજવાળ કરે, તેથી પ્રેમ થાય.

બુદ્ધિ અને હૃદય - ઉભય મળીને વિવેકપૂર્વક પ્રેમ અને પ્રેમપૂર્વક વિવેક કરે, ત્યારે કાર્યની સિદ્ધિ થાય. હૃદય અથવા ચિત્ત સત્ ગ્રાહી, અસત્ ત્યાગી, અભેદ કરી, પ્રેમ કરે, સામાન્યનું ગ્રહણ કરે, સમાન ધર્મને આગળ કરે.

'આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું' એટલે પ્રેમયોગ અપનાવવો.

આત્મજ્ઞાન પ્રેમમાં અને પ્રેમ એ સેવામાં પરિણમે છે. પ્રેમાર્થ હૃદય, કંઠાવરોધ, રોમાંચાચ્છિતવપુ, અશ્રુપરિપૂર્ણ લોચન વગેરે ભાવો સાત્ત્વિક ભાવનાં જ વિકારો છે.

Important

એક નિશ્ચય રાખી લેજો કે પ્રકૃતિમાતા સર્વ આત્માઓમાં શુદ્ધિની સાધના કરી રહી છે અને ક્રમિક મુજબ સર્વ જીવોનો વિકાસ તે કુદરતી થઈ રહ્યો છે. તે વિકાસમાં આપણે કાંઈ હિસ્સો આપવાની ઇચ્છા હોય, તો પ્રેમ દ્વારા આપી શકીએ છીએ. પ્રેમના રૂપમાં આપી શકવાની કાંઈ શક્તિ ન હોય, તો આપણે તટસ્થ રહેવું જોઈએ, કેમકે પ્રકૃતિમાતા જે સાધના કરી રહી છે, તેમાં દખલ ઊભી કરવી, એ ગુનો અને અપરાધ છે.

'લવ' એટલે પ્રેમ અને 'લવ' એટલે સંસાર.

તેના હેતુભૂત સ્વાર્થ પ્રેમનો પ્રતિપક્ષ હોવાથી ત્યાજ્ય છે.

પ્રેમ એ ગુલાબથી પણ કોમળ, મયૂરપાંખથી પણ મનોહર,
કસ્તુરીથી પણ સુગંધી, સૂર્યથી પણ તેજસ્વી,
ચંદ્રથી પણ શીતળ, વાયુથી પણ વેગવાન,
સાગરથી પણ ગહન અને પર્વતથી પણ અડગ છે.
પ્રેમ એ પ્રભુની નિત્ય જીવંત પ્રતિમા અને પૂજા છે.
પ્રેમ પશુતાને નષ્ટ કરી પ્રભુતાને પ્રગટાવે છે.

## પ્રેમ એ ચંદન, શેરડી અને કંચન છે.

પ્રેમ ચંદન છે અહર્નિશ જેમ ઘસાય, તેમ સુગંધ આપે.
પ્રેમથી તુષ્ટિ દેનારી ભક્તિ, પુષ્ટિ કરનાર અનુભૂતિ
અને ક્ષુધા ટાળનારી વિરક્તિ એકી વખતે મળે છે.
પ્રેમ હૃદયને અને અનુભવ આત્માને પુષ્ટ કરે.
'ભક્તિ' એટલે પ્રેમ. 'જ્ઞાન' એટલે સ્વરૂપની સમજ.
'વૈરાગ્ય' એ પરમ પ્રેમથી ફલિત થતી તટસ્થતા.
વિરક્તિ એ પ્રેમની જ એક અલૌકિક અવસ્થા છે.
પ્રેમ પરિગ્રહી નહીં, કિન્તુ ત્યાગી જ હશે.
પ્રેમ વિના ભક્તિ નહિ, તેમ વિરાગ વિના પ્રેમ નહિ.
પ્રેમ જ્ઞાનજન્ય અને જ્ઞાનાશ્રય છે.
પ્રાણીમાત્રમાં રહેલા પોતાની જાતને પરમ
પ્રેમથી ચાહી ન શકે, ત્યાં સુધી તેને પરમ સુખ ન મળે.
પ્રેમ દરિદ્રને તવંગર, અજ્ઞાનીને જ્ઞાની, નિર્બલને સબલ,
નાસ્તિકને આસ્તિક અને ઇન્સાનને ઈશ્વર બનાવે છે.
પ્રેમમાં માતાનું માતૃત્વ અને પ્રભુનું પ્રભુત્વ છૂપાયેલું છે.

પ્રેમમાં 'મમ' નહીં, માત્ર 'તવ' રહે છે.

પ્રેમમાં મારાંપણાનું વિસ્મરણ, તારાંપણાનું સંસ્મરણ છે.

પ્રેમ જે શીખવે એટલે 'હું' મટીને 'તું' થવું અને

પછી 'હું' અને 'તું' મટીને 'તે' થવું.

'તું જ છે અને હું નહિ'

એવા પૂર્ણ સમાન દશામાં અહંતા - મમતાનું વિસર્જન

અને તું - તારાંપણાનું સર્જન રહે છે.

પ્રેમમાં 'હું' નહીં, કિન્તુ 'તું' છે.

જ્યાં 'હું' છે, ત્યાં અહંકાર. જ્યાં 'તું' છે, ત્યાં પ્રેમ છે.

'હું' ગાંઠ - બંધન છે, 'તું' એ પ્રેમ છે, બંધનનો છેદ છે.

'તું જ છે' એ સમસ્ત ધર્મોનો સાર છે.

પ્રેમની વ્યાખ્યા આત્મસમર્પણ - અહંવિસર્જન છે.

જ્યારે ઐક્ય - બે સાથે નહીં, પરન્તુ

પરમ તત્ત્વ સાથે સંપૂર્ણ એકતા થાય, ત્યારે જ

એ પ્રેમ અસ્તિત્વમાં આવે અને જ્યારે 'હું'નું

વિસ્મરણ થાય, ત્યારે જ આ અવસ્થા શક્ય બને છે.

પ્રેમમય જીવનમાં 'હું'નું અસ્તિત્વ નહિ,
કેવળ 'તું' જ અવશેષ રહે છે.

પ્રેમના આલયમાં અંતિમનો કોઈ આધાર નહિ.

પ્રેમમાં સ્વ અને પરનું અતિક્રમણ છે.

જ્યાં સ્વ કે પર નહિ, ત્યાં સત્ત્વ છે - ત્યાં જ પ્રભુ છે.

'પ્રભવતીતિ પ્રભુઃ ।'

પ્રિય અને પ્રેમી મટી જ્યાં કેવળ પ્રેમ રહે છે,
ત્યાં મોક્ષ છે, ત્યાં નિર્વાણનું સુખ છે.

આપણી જે સત્યમ્, શિવમ્ તથા સુંદરમ્‌ની આખી બુનિયાદ છે, તે પ્રેમની ક્યારી ઉપર જ નિર્ભર છે.

*Love is will to do good.*

બુદ્ધિની ગ્રહણશક્તિ ઓછી-વધતી હોય,
તો પણ ઈશ્વરનો સમાન અનુભવ થઈ શકે.

ઈશ્વર બુદ્ધિગ્રાહ્ય નહીં પણ ભક્તિગ્રાહ્ય છે.

ઈશ્વર જ્ઞાનગ્રાહ્ય નહિ, પ્રેમગ્રાહ્ય છે અને એટલે જ ઈશ્વરની આગળ બધા બુદ્ધિમાન પણ અબુદ્ધિમાન છે.

પાપને દૂર કરવાનો સર્વોત્તમ માર્ગ પ્રેમ છે.

નિયમન કેવળ સત્તાથી નહીં, કિન્તુ
સહૃદયી પ્રેમ અને કરુણાથી થઈ શકે છે.

જેમના અટલ નિયમનો વિશ્વાસ એ ધર્મનો પ્રભુ છે,
તેને બાપની ક્ષમા, માતાનો પ્રેમ, પૃથ્વીની ધીરજ મળે.

પ્રભુભક્તિથી અનંત ક્ષમાબળ, અખૂટ પ્રેમબળ અને
અમાપ ધીરજબળ પ્રગટે છે.

કોઈને ન પીડવું, એ પણ અડધી અહિંસા જ પ્રેમ છે.

પ્રેમના બીજાં નામ અહૈતુકી કૃપા, નિષ્કારણ કરુણા છે.

પ્રેમનો જે વિરોધ કરે, તેના તરફ એ સ્વાભાવિક છે કે
કુદરત અપ્રેમના આંદોલનો ફેંકે.

વ્યાઘ્રાદિને પોતાના અપત્ય પ્રત્યેના પ્રેમમાં કેવળ પાલકતા છે.
પ્રેમનો અંશ ત્યાં પણ છે, પરન્તુ
વિશિષ્ટ પ્રકારની ધર્મદેશના સહિતનું પાલકત્વ તે નથી.

'શિવમસ્તુ સર્વ જગતઃ।' 'સર્વ જીવો સુખી બનો.'
આ ભાવનાથી જીવો કેમ ન આકર્ષાય?

જીવમાત્ર પ્રેમનો ભૂખ્યો અને દયાનો તરસ્યો છે.

સૌની પ્રેમભૂખ + દયાની તરસને ટાળવાનું નામ 'મોક્ષ' છે.

પરમપ્રેમ - પ્રાણીમાત્રમાં આત્માના દર્શને જન્મતો
પરમ આત્મપ્રેમ અને તેના જ નિર્મળ આવિષ્કાર રૂપ
દયા, કરુણા, પ્રેમ અને દયાના નિરવધિ વિસ્તારમાં
જ બધાં સાધનો ઓગળી જાય છે. અહિંસા,
આત્મપ્રેમ, આત્મદયામાં ગુણમાત્રનો સમાવેશ થઈ જાય છે.
અહિંસા = પ્રેમ-દયા, જગતનું ધારક, પોષક, શોધક તત્ત્વ.
વિશ્વવ્યાપ્તિ, પરમાત્મમિલન, બ્રહ્માનંદ, કૈવલ્ય - એ
બધી પ્રેમની જ અવધિની જુદી જુદી અવસ્થાઓ છે.
પ્રેમ અને દયા એ તો અહિંસાનું સક્રિય સ્વરૂપ છે.

પરમાત્મા સ્વયં અહિંસક છે,
તેથી જ પ્રેમ અને દયાના સાગર છે.

આત્મા જ પ્રેમ કરવા જેવો સાજન અને રસનું ધામ છે.
સમગ્ર જીવન દયા, પ્રેમ અને સહાનુભૂતિભર્યું બનાવો
સ્વાર્થ, અહંકાર, લોભ અને વાસનાનો સંપૂર્ણ ત્યાગ કરી.

'તત્ત્વ' એટલે પ્રેમપૂર્ણ પરમાત્માની શોધ.

પ્રેમ પ્રકાશમય અને આનંદમય હોય છે.

દાનની પાછળ અનુકંપા - ત્યાગની પાછળ સ્નેહ નથી, પ્રેમની ભાવના હોય, તો તે ઉદારતાની નિશાની ગણાય. બીજાના સ્વાર્થમાં જ પોતાના સ્વાર્થ જેટલો જ સુખાનુભવ થાય, ત્યારે જ હૃદયની વિશાળતા સિદ્ધ થઈ ગણાય છે. દાનની પાછળ અહંકાર કે બદલો મેળવવાની ઇચ્છા ન હોય, તો જ તે ઉદારતા ગણાય. અનુકંપાથી સૌના હૃદયનાં તાર એમ જોડાય, તેવી જ રીતે પ્રેમથી પણ થાય છે.

રાજની ગરિમા નહીં, પરંતુ

પ્રેમની ગરિમા જ હૃદયને શાંતિ અર્પે છે.

દાનને લેનાર દુઃખી લોકોને હૃદયમાં સ્થાન આપવા સિવાય બીજી કોઈ અપેક્ષા ક્યારેય ન રહેવી જોઈએ. જે હૃદયમાં સ્થાન પામે, તે પ્રિયજન - સ્વજન ગણાય.

અનુકંપા પ્રેમની ભાવનામાં પરિણમવી જોઈએ.

સહુના પ્રત્યે પ્રેમભાવ એ આદરભાવ નથી, વિહિત છે.

જ્યાં પ્રેમ, ત્યાં પૂજન આવે જ.

પ્રેમપાત્ર મહિમાવંત હોય, ત્યારે અર્ચન કર્યા વિના ન રહે.

ચોમેર મહિમા કોનો પ્રસર્યો છે? ઈશ્વરનો જ.

તો એ પ્રેમપાત્ર પરમાત્માનું સ્થૂળમાં જ્યાં શુદ્ધ અર્ચન ન થાય, ત્યાં શુદ્ધ પ્રેમ પુષ્ટ થઈ શકતો નથી. ઈશ્વરની આજ્ઞાનું અનુસરણ એ તો અડધી ભક્તિ કે અડધું આરાધન થયું. ઈશ્વર અર્ચન બાકીનું અડધું છે. પ્રત્યક્ષ વિના પ્રેમ પ્રકટી શકે નહીં. સ્થૂળમાં પ્રકટ થવા માટે પ્રેમ સદા સ્થૂળ પ્રત્યક્ષ શોધે. પરમાત્મા ઉપરનો પ્રેમ પણ પરમાત્માનું પૂજન કર્યા વિના પ્રફુલ્લ નહીં બને! મોટાપણું પ્રશંસા પામી શકે પણ પ્રેમ પામી શકે નહીં.

પ્રેમમાં તો સરખાપણાની અપેક્ષા રહે, ઉપરાંત પોતાના પ્રિયજનથી ક્યાંય - કેટલાંય નીચે ઉતરીને નમ્રતાથી જીવવાની આવશ્યકતા છે.

જ્યાં સુધી પોતે શૂન્ય થવાની તૈયારી ન બતાવે, તો પ્રિયજનમાં પ્રેમનો વિસ્તાર સર્જાય ન શકે.

## નમવું એ પ્રેમની સાધના છે.

પ્રેમ હંમેશાં પોતાની વિશેષતાઓને ભૂલી જાય છે અને
પ્રિયજનની વિશેષતાઓને ઉજાગર કરે છે.
જેટલા પ્રમાણમાં પ્રેમરસ વહેવડાવી શકીએ,
તેટલા પ્રમાણમાં મન ઉપર વિજય થાય છે.
તેનો ટૂંકામાં ટૂંકો રસ્તો એટલે અહંકારના ટૂકડે ટૂકડા કરી,
તેને કોરે કાઢી, ભીતરમાં રહેલાં સત્યને શોધી કાઢવું.
બુદ્ધિ એ વિચારશીલપણાનો અન્તર્ગત છે નહિ.
ચારિત્ર્ય એ પ્રેમસમુદ્રનો પુત્ર છે.
સંસારમાં પ્રેમ જ સર્વને વશ કરે છે.
જગતમાં સર્વશ્રેષ્ઠ બંધન પ્રેમનું જ છે.
પ્રેમના કાર્યની ખૂબી એ છે કે પ્રેમના આનંદની ગ્રાહ્ય
ઊંડાણમાં વધી જવું અને આખરે આત્માના સર્વગ્રાહી
આશ્લેષ અને વિરાટ બ્રહ્માંડના હર્ષોન્માદમાં લીન થવું.
પ્રેમના અગ્નિમાં મન, વચન, કર્મને વિશુદ્ધ કરો.
પ્રેમના પવિત્ર જળમાં સ્નાન કરી પ્રેમના અમૃતનું પાન કરો.

## કર્મ આપે છે આગવી તક. શેની ?

કર્મ જીવોને અનેક રીતે સંબંધમાં લાવે છે અને
પ્રેમના જુદા જુદા પાસાં ખીલવવાની અને
જૂના ધિક્કારને પ્રેમમાં પલટાવવાની તક આપે છે.
પ્રેમ છોડીને અત્યારે મારો આત્મા કર્મથી બંધાયેલો,
મોહથી મૂંઝાયેલો, પરપુદ્ગલમાં રુચિવાળો બન્યો છે,
એકમાત્ર પરમાત્મા જ મને પ્રેમલીનો કરી શકે.
કર્મોમાં કર્તૃત્વ અને ભોક્તૃત્વની બુદ્ધિ એ મિથ્યા છે.
કર્મ અને તેના ફળમાં પ્રીતિ એ પ્રેમની અશુદ્ધિ છે.
કર્મ અને કર્મના ફળની પ્રવૃત્તિમાં સંસ્કાર ન થાય,
ત્યાં સુધી ભક્તિ અશુદ્ધ છે. શુદ્ધિ જ પ્રેમની જનેતા છે.
સ્વના વિસ્મરણમાં અને પ્રેમપાત્રના સ્મરણમાં
પ્રેમની દીપ્તિ વૃદ્ધિની હદ અનુભવે છે.
વિષયરસિકતા એ પ્રેમનું વ્યભિચારીપણું જ છે.
ભગવાનથી પોતાની જાતનો ભેદ એ આત્મઘાતી અને
પ્રેમનો વૈરી છે. સાધકના મનમાં પારકી બુદ્ધિએ દીસાય છે.

પ્રેમ રાખવાથી આપણા શબ્દોમાં અને ભાવોમાં,
વિચારોમાં અને પ્રવર્તનમાં અજબ પરિવર્તન થશે.
જ્યારે આપણે પ્રેમપૂર્ણ દૃષ્ટિથી મનુષ્યમાં રહેલી ભલાઈ
પ્રતિ આપણી દૃષ્ટિ કેન્દ્રિત કરીએ છીએ, ત્યારે
એની એ ભલાઈ વિકસિત થાય છે અને
આ રીતે નરસો મનુષ્ય પણ આપણે માટે તથા
સમાજ વધાને જગત માટે ભલો બની જાય છે.
કૃતિની સત્તા એકમાત્ર પ્રેમની જ છે.
જે પ્રેમ એક યા બીજા રૂપમાં બદલો માંગે, જે આપે અને
છતાં યે જ્યાં આપવાની સભાનતા રહેલી છે, એ પ્રેમ નથી.

આધ્યાત્મિક વાજીકરણ એટલે શું ?

મન સ્થિર અને શાંત જે જે ઉપાયોથી થાય,
તે બધાં આધ્યાત્મિક રસાયણ અને વાજીકરણ છે.
તે ભોજન-પાન હો, સુંદર રૂપ-સ્પર્શ હો,
ગીત-સંગીત હો, સુંદર અને સુશોભિત વસ્ત્ર-અલંકાર હો,
મૈત્રી-પ્રેમ હો કે પછી પ્રીતિ-ભક્તિ હો.

પ્રેમની ઉષ્મા અને જ્ઞાનની જ્યોતિને સૌ કોઈ ઝંખે છે.

પ્રેમ અને જ્ઞાન કે પ્રેમ અને વૈરાગ્ય અભિન્ન છે.
જ્ઞાનદાતા અને પ્રતિગૃહીતા વચ્ચે પ્રગાઢ પ્રેમ હોય, તો
જ આત્મા સ્વયં ઉઘાડ પામી જાતને ખુલ્લી કરે છે.
કોરું જ્ઞાન ધર્મનું સાધક નહિ. પ્રેમનું અવિરોધી જ્ઞાન
જ મોક્ષમાર્ગમાં સહાયક છે. પ્રેમની ભીનાશ વિનાની
જ્ઞાનની હકીકતમાત્રને જાણનારી બુદ્ધિ તો આંધળી છે.

આત્માના સુખ-દુઃખને જાણવાની શક્તિ ભલે
જ્ઞાનમાં હો, પરન્તુ તેને જોવાની શક્તિ તો
પ્રેમમાં જ છે અથવા જ્ઞાન બધું જોઈ શકે છે, કિન્તુ
પરાયાં સુખ-દુઃખને જાણી શકતું નહિ.
એ જાણવાની શક્તિ તો પ્રેમને જ વરેલી છે.

'આત્મા જ્ઞાન અને પ્રેમસ્વભાવી છે'
એવું ભાન કે આત્મજાગૃતિ માત્ર મનુષ્યયોનીને શક્ય છે.

પ્રભુના પ્રેમ પીયાલા ભગવાનથી અને તેના જ્ઞાનથી
દ્વૈતભાવ કદાપિ સહન કરી શકતાં નહિ.

પ્રેમ જ્ઞાનનો રસ છે અને જ્ઞાન પ્રેમની જ્યોતિ છે.

સાચો પ્રેમ જ્ઞાનનું રૂપ ધારણ કરે છે અને
સાચું જ્ઞાન પ્રેમનું રૂપ ધારણ કરે છે.
ગાઢ પ્રેમ જ્ઞાનને - અગાધ જ્ઞાન પ્રેમને ઉત્પન્ન કરે છે.
મસ્તક આપવાથી પણ જો પ્રભુપ્રેમ મળતો હોય,
તો તે ઘણો સસ્તો મળ્યો, એમ માનવું જોઈએ.
આત્મસમર્પણ વિના પ્રભુદર્શન અશક્ય છે.
જે છે - તે પ્રભુનું છે, પોતાનું કાંઈપણ છે નહીં.
સ્વાર્થમાં નહીં, કિન્તુ સ્વાર્પણમાં સફળતા છે.

પ્રેમ કે પ્યારમાં વ્યાપાર ન ચાલે.

°

Whenever we say: 'I am', we are
drawing a cheque on the universe.

Love is the idea of universal unity.

Wisdom is the lamp of love,
And love is the oil of the lamp.

કરુણાવંત ભગવાન તો પ્રેમના મહાસાગર છે.

કોઈ પાસેથી તેમને લેવાનું નથી, પરન્તુ

તેઓ સૌને સુખ - સંપત્તિ - આબાદી આપ્યા જ કરે છે.

તેઓમાં દયા - પ્રેમ - કરુણા વિશાળ છે. સ્વયંભૂરમણ સમુદ્ર

કરતાં પણ વધુ વિશેષ પ્રેમનો તેઓ મહાસાગર છે.

આપણે એકલા ભગવાનને જ પ્રેમ કરીએ, તે ન ચાલે.

ભગવાન પણ આપણને પ્રેમ કરે, ત્યારે જ કામ થાય.

ભગવાન આપણને ત્યારે જ પ્રેમ કરે કે ભગવાનના

સંબંધીઓને પણ આપણે પ્રેમ કરીએ, સંસારરૂપ પિયરની

મમતા છોડી શાસનરૂપ સાસરામાં ઉપર આપણે પ્રેમ જોડીએ.

કુળવાન સ્ત્રી પતિને રીઝવવા માટે જ બધી પ્રવૃત્તિ કરે છે.

પતિના સગાંને પોતાના માને, ત્યારે પતિને રીઝવી શકે.

પહેલાં સાસરું અને પછી પિયર.

એકલા પતિને રીઝવવા પ્રયત્ન કરે તો નહીં ચાલે,

કેમકે પતિને જેના ઉપર પ્રેમ છે, તેઓને સ્ત્રી તરફથી

અસંતોષ રહેતો હોય, તો પતિને આનંદ નહીં જ રહે.

## વિશુદ્ધ પ્રેમથી પ્રેરાઈને કામ કરો.

શુદ્ધ પ્રેમથી કરેલ કાર્યોનું પરિણામ ગમે તે આવે,
તો પણ ચિત્તમાં પ્રસન્નતા જ રહે છે.
આવા માનવી જ સ્થિતપ્રજ્ઞ બને છે.
પ્રેમ, અનાસક્તિ, નિઃસ્વાર્થતા, સમતા, સમદૃષ્ટિ કે આનંદ
આલંકારિક શબ્દો નથી પણ આત્માની જીવંત શક્તિઓ છે.
જીવંત પ્રેમ આપણી ચૈતન્યશક્તિને જાગૃત કરે છે.

## જાતીયવૃત્તિ એ પ્રેમનું સ્થૂલ સ્વરૂપ છે.

એને પારખી લઈને પ્રેમતત્ત્વના સૂક્ષ્મ સ્વરૂપો તરફ
પોતાના જીવનને દોરી વૃત્તિને ઊર્ધ્વ માર્ગે વાળ્યાં પછી
જડ અને સ્થૂલ માર્ગો દ્વારા આ બધી વૃત્તિનું
શમન કરવાનો પ્રશ્ન તેઓને માટે રહેતો નથી અને
સ્થૂલવૃત્તિ શુદ્ધ, શુદ્ધતર તથા શુદ્ધતમ બનવા લાગે છે,
દેહના આકર્ષણનો મહિમા ઘટતો જઈને
આખરે તે આકર્ષણ સંપૂર્ણપણે ઘસાઈ જાય છે અને
વિશ્વને આવરી લેનાર પ્રેમતત્ત્વમાં પરિણામ પામે છે.

## સંસ્કૃતમાં બે શબ્દો છે : પ્રેમ અને મોહ અર્થાત

## Love and attachment.

મોહ = દુન્યવી આસક્તિ, બહારની વસ્તુઓ તરફ ખેંચાણ.
નશ્વર દેહ તથા યૌવન કરતાં અજર - અમર એવા
અંદર રહેલ આત્મા માટે પ્રેમ કરવો જોઈએ.

### મોહ કે આસક્તિ એટલે...

અહંકારમય જીવનના ઊંડા ખાબોચિયામાં ડૂબવું.
પ્રેમ અંતરંગ છે, જ્યારે મોહ બહિરંગ છે.
પ્રેમ ત્યાગ માંગે છે, જ્યારે મોહ ભોગ માંગે છે.
પ્રેમ વિયોગમાં પુષ્ટ થાય, મોહ સંયોગમાં પુષ્ટ થાય છે.
પ્રેમ જ તત્ત્વમાર્ગે દૃઢ ટકી રહેવાની આત્મશક્તિ અર્પે.
વૃત્તિને ઉર્ધ્વગામી બનાવીને સમગ્ર જીવનને પ્રેમમય
બનાવી દેનાર તે માનવજાત માટે ઉદ્ધારક બની રહે છે.
આધ્યાત્મિકતાની આ ઉચ્ચ સ્થિતિએ પહોંચનાર વ્યક્તિઓ
ભલે ગણ્યાંગાંઠી હોય, પરંતુ આખરે તેઓ જ સૌ કોઈ માટે
આદર્શ અને માર્ગદર્શક બની રહે છે.

# પ્રેમ V/S મોહ

પ્રેમ પ્રકાશસ્વરૂપ અને શાંતિમય છે, જ્યારે
મોહ અંધકારસ્વરૂપ અને અશાંતિમય છે.
પ્રેમ ઊર્ધ્વગતિનું અને મોહ અધોગતિનું કારણ છે.
પ્રેમનું સ્થાન હૃદય અને મોહનું સ્થાન નેત્ર છે.
પ્રેમમાં સદા આત્મબલિદાન - સમર્પણ - વિલોપન હોય,
મોહમાં એથી ઉલટું હોય છે.
પ્રેમ સામાને માટે બધું ત્યજવા તૈયાર હોય છે,
મોહમાં 'સામી વ્યક્તિ મારે માટે ત્યજે' એવી ભાવના છે.
પ્રેમ ત્યાગપ્રિય છે, જ્યારે મોહ ભોગાકાંક્ષી છે.
'તું સુખી થઈ' એવી ભાવના પ્રેમનું હાર્દ છે, જ્યારે
'હું સુખી થાઉં' એ વૃત્તિ મોહના પ્રાણ છે.
પ્રેમ આપીને આનંદ માણે, મોહ મેળવીને ખુશ થાય.
પ્રેમમાં શરતને સ્થાન નહિ, મોહમાં પદે પદે શરત દેખાય.
પ્રેમ એ નિર્મળ નદીના ખળખળ નીર છે, જ્યારે
મોહ એ પંકાવિલ અપવિત્ર અશુચિમય નીર છે.

## પ્રેમ અને મોહમાં શું ફેર ?

મોહ એ દેહનો ધર્મ છે, પ્રેમ એ આત્માનો ધર્મ છે.

મોહ માંગે છે, જ્યારે પ્રેમ આપે છે.

મોહ મિલનથી પોષાય છે, પ્રેમ વિરહમાં પુષ્ટ થાય છે.

મોહમાં ઉતાવળ છે, પ્રેમમાં ધીરજ છે.

મોહ મરે છે પણ પ્રેમ કદી મરતો નથી.

મોહનું મારણ પ્રેમ જ છે.

મોહને શરીર સાથે સંબંધ છે, જ્યારે
પ્રેમને પરમાત્મા અને આત્મા સાથે સંબંધ છે.

મોહ બંધનમાં નાંખે - પ્રેમ બધાં જ બંધનોથી છોડાવે.

પ્રેમ શાશ્વત સાથે - મોહ અશાશ્વત સાથે થાય.

જે કાંઈ શક્તિ અને બુદ્ધિ ભેગા કર્યા છે,
તે બધું આપી દેવામાં જ સેવા રહેલી છે અને
પ્રેમ તો સમગ્ર જાતને જ ન્યોછાવર કરે છે.

પરદુઃખ જોઈને રાજી થાય, તે બીજા જન્મમાં સર્પ -
વીંછી થાય. માનવ અવતાર પરના આંસુ લુંછવા માટે છે.

જ્યાં ઊંડા હૃદયનો પ્રેમ રહેલ છે,

ત્યાં જ નિગૂઢતમ તત્ત્વને પાયા ફૂટે છે.

જીવની જન્મભૂમિ આધ્યાત્મિક વિશ્વમાં છે.
પ્રેમથી ભરેલા સર્વ જીવોને પ્રભુ આત્મસમ જુએ છે.
પ્રેમ અને ત્યાગ એ માનવહૃદયનું રહસ્ય છે.
હૃદયમાં રહેલી પ્રેમભાવના ત્યાગના સિદ્ધાંત ઉપર નિર્ભર છે.
મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા - એ ૪ ભાવનાઓનું
મૂળ પ્રેમ અને ત્યાગ છે. ત્યાગ એ પ્રેમનું જ સ્વરૂપ છે.

જ્યાં પ્રેમનો ઉદય થશે, ત્યાં ત્યાગનો ઉદય થવાનો જ.

દયા એ પણ પ્રેમનું જ સ્વરૂપ છે.

સત્ય અને અહિંસાનો પાયો ત્યાગ અને પ્રેમ જ છે.
પ્રેમ અને ત્યાગની ભાવના વિના સત્ય અને અહિંસા
એ તો વાસી અન્ન છે. કોઈએ પણ તેને ખાવાનું નહિ.

°

Love of God and love for neighbour are mutually related. One depends on another.

જ્ઞાન વિચાર જ કરી શકે, કિન્તુ પ્રેમ તો મેળવે છે.

આધ્યાત્મિક શિક્ષણ માટે હૃદયમાં ઈશ્વરસ્થાપના કરવી પડે.
એ સ્થાપનાની સાથે પ્રેમ-ત્યાગની ભાવનાનો વિકાસ થશે.

પ્રેમની સાધનાની અનિવાર્ય શરત કઈ ?

ઉદારતાપૂર્વક બીજાને તેની ભૂલોની માફી આપવી અને
નમ્રતાપૂર્વક પોતાની ભૂલોની માફી માંગવી તે.

આપણે પરસ્પર ભેદરહિત થવું, એ જ
જીવનનું એક મૂળભૂત મૂલ્ય થઈ પડે છે અને તે છે પ્રેમ.

સુખ માટે મૂલ્યવાન વસ્તુઓમાં સૌથી મૂલ્યવાન છે પ્રેમ.

પરસ્પર પ્રેમના અભાવમાં સુખનું હોવું અસંભવ છે.
મારું, તમારું, સહુનું કે જીવમાત્રનું મુખ્ય ભાગ્ય એક જ છે:
આપણે સૌ એક જ ચૈતન્યના
અંશ - અંગ - અવયવ - તરંગ - ચિનગારીઓ છીએ.
સૌ જીવને મળેલ આ એક જ ભાગ્યને જે અનુભવશે નહીં,
એને બીજા સેંકડો ભાગ્ય મળ્યાં હશે, તો યે તે એળે જશે.
ઈશ્વરની સાક્ષીએ જીવન વિતાવવું, એ જ સાચું જીવન.

## પ્રેમ એ સર્વ ધર્મની પરાકાષ્ઠા છે.

જગતના સહુએ સહુમાં પરમાત્માનો પ્રેમ રહેલો છે.

પ્રેમ સૌને સમાન બનાવે છે.

સાચો ધર્મ સૌને આત્મસમાન ચાહવામાં રહેલો છે.

શુદ્ધ પ્રેમમાં સૌને સરખું સ્થાન છે.

કીડીથી કુંજર, ચાંડાલથી બ્રાહ્મણ, રાજાથી રંક અને

ઋષિથી સંત સુધી સૌને પ્રેમમાં સ્થાન છે.

દિવ્ય પ્રેમથી રાગ-દ્વેષ અને અહંત્વ-મમત્વ નાશ પામે છે.

o

Divine love doing its work perfectly
in and through me, here and now.
Ask and receive, seek and find,
knock and the doors will be opened.
There is a source of life,
turn it on, accept it by faith &
observe the operations.

## બીજાને દુઃખ દેવાની અસમર્થતા, તે પ્રેમ.

પ્રેમનું લક્ષણ બીજા પહેલાં અને પછી પોતે.

પ્રેમ = અહિંસાનો પર્યાય. અહિંસા = આત્મસ્વભાવ.

પ્રેમ પાષાણ હૃદયને પણ પીગળાવે. જળકમળ, જળમીન, જળચાતકની જેમ મન પ્રભુપ્રેમવાળું બનાવવું જોઈએ.

જેણે ગોત્યું, તેણે મેળવ્યું.

જેણે મેળવ્યું, તેણે છુપાવ્યું, એવો પ્રભુપ્રેમ છે.

જીવનનો હેતુ પ્રેમ છે, તેને સિદ્ધ કરવા માનવનો દેહ છે.

પ્રેમના મંદિરમાં પ્રવેશવા પ્રભુ સાથે તદાકારવૃત્તિ ઉપાય છે.

## પ્રેમનો પ્રાણ - ક્ષમા

વેર વેરને અને પ્રેમ પ્રેમને પ્રગટાવે છે.

હૃદય સમુદ્ર જેવું ગંભીર અને આકાશ જેટલું વિશાળ કરવું.

કોલસા ધોવાથી નહીં, કિન્તુ બાળવાથી રંગ બદલાય છે.

ગર્વ એ અંતરનો જ્વર, જ્યારે ક્ષમા એ પ્રેમનો પ્રાણ છે.

'કાચ કથીર કાયર નરો, કદી ન ઉપજે પ્રેમ,
કસોટી તો સજ્જન સહે, કાં હીરા કાં હેમ!'

જગમાત્ર શિવ હોવાથી પ્રેમને પાત્ર છે.

શસ્ત્રાસ્ત્રો દેહને અને પ્રેમ હૃદયને જીતી શકે છે.
જ્યાં શુદ્ધ જીવોને બાહ્ય નામ - રૂપોથી જોવાય છે,
ત્યાં શુદ્ધ પ્રેમનો અખંડ સ્રોત પ્રગટવો શક્ય નથી.
જ્યારે જીવોના આંતરિક તત્ત્વને - જીવત્વને જોઈએ છીએ,
એ દૃષ્ટિ ઉદાર-પ્રેમપૂર્ણ હોય છે. દૃષ્ટિમાં પણ શક્તિ છે.
જ્યારે આપણે મનુષ્યને પ્રેમથી જોઈએ છીએ,
ત્યારે આપણે એના પોતામાં રહેલ પ્રેમને
પ્રગટ થવા માટે પ્રોત્સાહન આપીએ છીએ.

આત્મા અને પરમાત્માનો સંબંધ પ્રેમરૂપ છે.

સંબંધ સંબંધીથી અભિન્ન છે, તેથી
પરમાત્માની જેમ પ્રેમ પણ સદા હાજર જ રહેવાવાળો છે.
એથી સ્વરૂપનું સદા અનુસંધાન એ જ પ્રેમનું રહસ્ય છે.
જીવતા પ્રેમનું લક્ષણ = ક્રિયા, સિદ્ધિ = ક્રિયાની નિવૃત્તિ.
પ્રિયના વિયોગથી શોક - અપ્રિયના સંયોગથી ક્રોધ આવે.
આત્માનો ચરિત પોતાનો કોઈ દ્વેષ કરી શકતું નથી.

પ્રેમ પ્રેમ ખાતર હોય છે, કામના ખાતર નહીં.

રાગપૂર્વકનો પ્રેમ રાગપૂર્વકનો છે, કામનાપૂર્વકનો નહીં.

પ્રેમમાં પોતાની વિસ્મૃતિ - પ્રેમપાત્રની સ્મૃતિ રહેલી છે.

પ્રેમમાં 'કેમ' પણ હોતું નથી, કારણકે

એ પ્રશ્નાર્થક આવેશ પ્રેમના દોષને જગાવનારું કારક છે.

વિશુદ્ધ પ્રેમનું રહસ્ય એટલે...

પ્રેમપાત્રના સુખે સ્વસુખ - તેના દુઃખે સ્વદુઃખ.

પ્રેમની અભિધા - લક્ષણા કે વ્યંજના કરવી અશક્ય છે.

કોઈ વિરલ પુરુષનું વિરક્ત, વિશુદ્ધ, સરળ હૃદય પ્રેમપાત્ર છે.

પ્રેમ સુખ-દુઃખ કે મોહસ્વરૂપ નથી.

પ્રેમ પ્રતિક્ષણ વધે છે, કારણકે તે બ્રહ્મદર્શન છે.

જે દૃષ્ટિગત હોય, તે બ્રહ્મ છે.

પ્રીતિની સૂક્ષ્મતા બુદ્ધિથી નહીં પણ હૃદયથી અનુભવાય છે.

આત્મામાં આત્મત્વબુદ્ધિ એટલે ભગવાન પ્રત્યે પ્રેમ.

'अनु = पश्चात् भवति ।'

પરમાત્માના પ્રેમને જે અનુસરે, તે 'અનુભવ' ઇત્યાદિ.

પ્રેમ એ અહિંસાનું સર્જનાત્મક સક્રિય સ્વરૂપ છે.

ભાવના ભાવનારૂપ નહીં, નિષ્ઠારૂપ બને, ત્યારે ફૂલે છે.

આત્મદર્શનને માત્ર ભાવનાત્મક નહીં, પરન્તુ નિષ્ઠાત્મક બનાવવું હોય, તો પોતાની જાત જેટલો જ પ્રેમ સર્વમાં વિસ્તારવો જોઈએ. સર્વભૂત માટે તીવ્રતમ પ્રેમ એ જ સૌને સુખ દેવા માટેની પૂર્વતૈયારી છે.

ધર્મના નિયમમાં પ્રેમ કામ કરે છે તથા કર્મના નિયમમાં ન્યાય કામ કરે છે. ન્યાય એ પ્રેમનું અને પ્રેમ એ ન્યાયનું જ રૂપાંતર છે. એકમાં Law of Love અને બીજામાં Law of Justice કામ કરે છે. જ્યાં જ્યાં પ્રેમ છે, ત્યાં ત્યાં ભગવાન છે. જ્યાં જ્યાં ન્યાય છે, ત્યાં ત્યાં નિયમ છે, ઋત છે, સત્ય છે, અભંગ - અચૂક કાયદો છે.

શત્રુતા અને દુઃખ બહારથી આવે છે, જ્યારે
મિત્રતા અને પ્રેમ અંદરથી જન્મે છે.

જેટલા ઊંચે ચઢવું હોય, તેટલા હલકાં બનવું જ જોઈએ, ઉદાસીનતાનો બોજ નીચે મૂકીને ફોરા બનવું જોઈએ.

પવિત્રતા પ્રેમમાં છે અને તે જ્યારે પ્રભુમાં મળી જાય છે, ત્યારે સુખ અને આનંદનું વાતાવરણ સર્જાઈ જાય છે. પ્રેમ અને પવિત્રતાથી પર એવું અર્થશાસ્ત્ર જીવનધોરણ ઊંચે નહીં લાવી શકે. જીવનમાં જો ભૌતિક સુખ જ લક્ષ્ય બની રહે, તો માનવી દેવ થવાને બદલે દાનવ થતો જશે.

પ્રેમ જ જ્ઞાનનું મૂળ અને પરમાત્મા છે.

વિશ્વાસમાંથી મૈત્રી, મૈત્રીમાંથી પ્રેમ, પ્રેમમાંથી આત્મીયતા
અને આત્મીયતામાંથી તદ્રૂપતા આવે છે.

પત્નીએ પોતાનું સર્વસ્વ પતિમાં તદ્રૂપ કર્યું, તેથી જ પુત્રને ૯ માસ પેટમાં રાખે, જન્મ આપે, પાળે, પોષે, તે છતાં 'પોતાના પતિનો એ પુત્ર છે' એમ કહે.
એ રીતે ભક્તિથી અહં જાય છે.

ભગવાન માટેનો પ્રેમ મોક્ષદાયી છે.

ભક્તિયોગ ઈશ્વર પ્રત્યે પ્રેમ રાખવાનું,
સૌ પ્રત્યે ચાહના રાખવાનું અને
કોઈપણ સ્વાર્થ હેતુ સિવાય પ્રેમ કરવાનું શીખવે છે.

## વહુરિાજની પ્રેમ અને પ્રેમની ભિક્ષાન્ત્ર.

માયાની આવરણશક્તિ પરમાત્માને ઢાંકે છે, જ્યારે તેની વિક્ષેપશક્તિ ઈશ્વરમાં જગતનો ભાસ કરાવે છે પણ માયાની ચર્ચા ન કરતાં માયાપતિની ભક્તિ કરવી.

વનવાસ એ તપ છે. તપ ન કરે, તેનું પતન થાય છે. વનવાસ વિના જીવનમાં પ્રેમની સુવાસ આવતી નથી.

**પ્રેમમાં પક્ષપાત હોઈ શકે, ભક્તિમાં નહીં.**

વ્યવહારમાં જેને 'લવ' અને 'પ્રેમ' કહેવામાં આવે છે, તેને અધ્યાત્મમાં 'લાચારી' કહે છે અને વ્યવહારમાં જેને 'લાચારી' કહે છે, તેને અધ્યાત્મમાં 'લવ' અને 'પ્રેમ' કહે છે.

બ્રહ્માંડમાં રહેલા આત્મા સાથે પોતાની એકતા જોઈ બ્રહ્માંડ પ્રત્યે સમબુદ્ધિ, સ્નેહ અને સંચાલનની દૃઢતા કરવી, એને જ ખરી 'ઈશ્વરભક્તિ' કહેવાય છે.

પ્રેમ આપશો, તો સો ગુણો પ્રેમ મેળવશો.

કુદરતનો નિયમ છે કે એક દાણો વાવો - સો દાણા મેળવો. દાન દેવાય, તે ફેંકી દેવાતું નથી - તેના વાવણા થાય છે.

આત્માની એકતા પામવા સૌ સાથે પ્રેમ કરવો પડશે.
તે વડે જ આત્મામાં સત્ય-નિત્યની સ્થાપના થઈ શકે.
દુનિયાને જીતી લેવા સદ્‌ગુરુ - સચ્ચાઈ - પ્રેમ સમર્થ છે.
પ્રેમ કદી ભેદભાવ રાખતો નથી, સમગ્ર વિશ્વને પોતાનું
ઘર ગણે છે. આથી પ્રગતિ ધીરી પણ દૃઢ હોય છે.
બુદ્ધિ નહીં પણ દિલની આથી લાગણી જ વિજય પામે છે.

કેવળ નકારાત્મક ધર્મ શા કામનો ?

પથ્થર કદી પાપ કરતો નથી, ગાય અસત્ય ભાષણ કરતી નથી,
વૃક્ષો કદી ચોરી કે લૂંટ કરતાં નથી, એથી શું ધર્મ થશે?
કીર્તન અને વિદ્યા, યોગ અને ધ્યાન, આંતરપ્રકાશ
અને બાહ્યાચાર - સૌ પ્રેમની તુલનામાં નજીવાં છે.

પ્રેમ ઈશ્વરશક્તિ આણે છે, ભક્તિ લાવે છે,
પ્રકાશ પાથરે છે અને મુક્તિને માર્ગ પણ લઈ જાય છે.

પ્રેમ વિના દયા ન જન્મે, ન સંભવે, ન ટકે.

પ્રેમ એટલે ઈશ્વરીય ભાવે ચાલવું.

તપ અને સત્ય વિના ઈશ્વરીય પ્રેમની સંભાવના નથી.

સમ્યક્ રીતે સાથે મન જોડી પ્રેમાળ બનવું જોઈએ.

જુદા થવાથી જીવ ક્ષુદ્ર અને પામર બની જાય છે; એ પછી જીવ પ્રેમગુણને જોતો નથી. પ્રેમ અનુભવરૂપ છે.

અન્યને સુખ આપવું એ પ્રેમ - સુખ માગવું એ મોહ.

'પ્રભુને હું પ્રસન્ન કરું' એ પ્રભુપ્રેમ છે, જ્યારે

'પ્રભુ મને સુખી રાખે' એ કામ છે.

પ્રેમ વધવો જોઈએ, મોહ ઘટવો જોઈએ. પ્રેમ સૂક્ષ્મ છે.

બાહ્ય દેખાવમાં ન આવે અને અંદર અનુભવાય, તે પ્રેમ.

જે પછી રહે, તે અનુભવ. સ્મૃતિમાં કાયમ રહે, તે પ્રેમ.

જીવ એ જગત અને જગદીશથી અલગ છે, પરંતુ

એ બંને સાથે પ્રેમાળતાની સાંકળ છે.

પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ માન્યા વગર પ્રેમ ન આવે.

લગ્ન ખેલ નથી, કેમકે તે સાધના છે.

લગ્ન સોદો નથી, કેમકે તે શ્રદ્ધા છે.

દૃષ્ટિ બદલવી, એનું નામ આધ્યાત્મિકતા.

એની માટે આંખમાં પ્રેમ + કરુણા આવવા જોઈએ.

સં. ૨૦૨૦, અષાડ સુદ ૧૩, બુધવાર, દિગ્. પ્લોટ, જામનગર.

'મને જે મળે છે, તે કર્મથી મળે છે'

એ સિદ્ધાંત ભલે સાચો હોય પણ 'તે પ્રભુ મોકલે છે'
એ વિચાર કરવો એ પ્રેમ છે, ભક્તિ છે, પાવિત્ર્ય છે
અને એ જ સાચું જીવનદર્શન છે.

પ્રભુ પાસે બે શક્તિ છે: (૧) પ્રેમ (૨) કરુણા.
પ્રેમ એટલે ગંગા અને કરુણા એટલે પાર્વતી.

પ્રેમશક્તિ કરતાં પણ કારુણ્યશક્તિ વધુ સુંદર લાગે છે.
પ્રભુનો પ્રેમ જોઈતો હોય, તો પ્રભુ જેવા જ થવું પડે.
પ્રેમ ત્યાગ માંગે છે. પ્રેમ સમાન વચ્ચે જ સંભવી શકે.
કરુણામાં પ્રભુની શ્રેષ્ઠતા છે, જ્યારે પ્રેમમાં સમાનતા છે.
અનુરોધી પ્રેમ કરતાં પ્રતિરોધી પ્રેમમાં અધિક શક્તિ છે,
એ બતાવવા માટે Love your neighbourની
અપેક્ષાએ Love your enemy એ વાક્ય છે.

વેદાન્તના સિદ્ધાન્તોનો અનુભવ
ભક્તિ કે પ્રેમ, યમ કે નિયમ વિના થતો નથી.

પ્રેમ અને સત્ય પરસ્પરાવલંબક છે.

પ્રેમનો પરિચય સત્ય અને ન્યાય કરાવે છે.

સત્ય એ જાણવાની વસ્તુ - પ્રેમ એ દેવાની વસ્તુ છે.

દર્શન એ સત્ય અને પ્રેમનો સાક્ષાત્કાર છે,
જ્ઞાન એ સત્ય અને પ્રેમનો પરિચય છે અને
ચારિત્ર્ય એ સત્ય અને પ્રેમની સ્થિતિ છે.

પ્રેમધર્મના ચાર પાયા = તપ, શૌચ, દયા અને સત્ય.

આ ચાર પાયાની આવશ્યકતા હંમેશા રહેતી હોવાથી
એ ધર્મને સનાતન ધર્મ કહ્યો છે.
ઋત, સત્ય અને સનાતનનો અર્થ એક જ છે.
આનંદ એ પ્રેમનું જ બીજું સ્વરૂપ છે.

જીવનના ૪ સ્તંભો: સત્ય, શાંતિ, પ્રેમ, અહિંસા.

સત્ય નિર્વિકાર છે, પ્રેમ સવિકાર - નિર્વિકાર છે.
સત્ય એ સાધ્ય છે, પ્રેમ એ તેનું સાધન છે.
*Love is a combining influence.*
*Thus we are all one in Spirit.*

સત્ય માટે લોકોને તૃષા છે, તેમણે પ્રેમ સાધવો પડશે.

સત્યમાં એ તે નિકટતા નથી, જે પ્રેમમાં છે.

સત્ય એ જાણવાની વાત છે, પ્રેમ એ બનવાની વાત છે.

પ્રેમમાં સ્વ અને પરનું અતિક્રમણ છે.

જ્યાં સ્વ અથવા પર નથી, ત્યાં જ સત્ય છે.

ભાષામાં સૌથી મૂલ્યવાન શબ્દ કયો? પ્રેમ.

એક વ્યક્તિ તરફ કોઈ પોતાના 'હું'ને છોડી દે, તો તે 'પ્રેમ' કહેવાય. જ્યારે સૌ કોઈની પ્રત્યે પોતાનું 'હું' જે છોડી દે છે, તે ખુદ પોતે જ પ્રેમ બની જાય છે.

એવો પ્રેમ એક જ ભક્તિ છે, એ એવું સ્વરૂપ
કે જ્યાં સીમા તથા બિંદુ મટી જાય અને
કેવળ પ્રેમ જ અવશેષ રહે.

'હું મને પોતાને જાણવામાં સમર્થ બની જાઉં તો સર્વ સહુની અંદર જેનો વાસ છે, તેને એ જાણી લઈ શકીશ'

આ ભાનમાંથી પ્રેમ પ્રકટે છે અને
પ્રેમ માટે કોઈને એ દુઃખ દેવાનું અસંભવ છે.

બીજાના સુખે સુખી થવાની લાગણીનું નામ જ 'પ્રેમ' છે.

પ્રભુની પરમશ્રેષ્ઠ કરુણા
અકારણ, સહજ તથા સતત વહી રહી છે, તેનો અનુભવ
બીજા પ્રત્યે કરુણાવંત સ્વભાવ કેળવવાથી જ થાય.
પ્રેમમાં અહંભાવનું અસ્તિત્વ નથી. પ્રેમ માટે મનની
શાંતિ જરૂરી છે. શાંતિ હશે ત્યારે જ શક્ય બને કે
જ્યારે માનવીના દિલમાં પરમ સત્યનો આવિર્ભાવ થાય.
એકાગ્રતા - ધ્યાન દ્વારા શાંતિની શોધ અંતરમાં કરવાની છે.
જે મનુષ્ય પોતાનું મન ધ્યાનમાં રોકી શકતો નથી,
તેને આત્મલાભ પ્રાપ્ત થતું નથી અને
તેને માનસિક શાંતિ કે સુખ પણ અલભ્ય બને છે.
પ્રેમ અને શાંતિ - એ બે એક જ છે.
જ્યાં પ્રેમ, ત્યાં શાંતિ અને જ્યાં શાંતિ, ત્યાં પ્રેમ.
સર્વ આત્માની એકતાનું દર્શન શાંતિ મેળવી આપે છે.
'ઓજસ' એ પ્રેમ અને વાત્સલ્યભાવથી પ્રગટતું તથા
શાંતિને આપતું એક પ્રકારનું દ્રવ્ય છે.

## પ્રેમ સૌ જીવોને સમાન બનાવે છે.

ઉદારતાની ભાવનાથી પ્રેમ તથા મૈત્રી વધે અને
પ્રકૃતિની ભાવનાથી મનનો વૈરાગ્ય વધે છે.
ધર્મની ભાવનાથી હૃદયમાં વાત્સલ્ય વધે અને
કર્મની ભાવનાથી જીવનમાં નિર્ભયતા વધે છે.
દિવ્યપ્રેમથી રાગ-દ્વેષ તથા અહંત્વ-મમત્વ નાશ પામે છે.
જીવનનો હેતુ પ્રેમ છે અને તેને સિદ્ધ કરવાને માટે
ભગવાન સાથે તદાકારતા કરવી, એ ઉપાય છે.

દુઃખ જોઈને દયા, પ્રેમ જોઈને આર્દ્રતા,
સૌંદર્યને જોઈને આકર્ષણ, અન્યાય જોઈને મદદ અને
અનધિકારને જોઈને ચેતવણી - એ હૃદયનો વિકાસ છે.
બુદ્ધિમાં એકાંતવાળી શુષ્કતા છે, જ્યારે પ્રેમમાં આર્દ્રતા છે,
કિન્તુ કલા અને ભક્તિ તો સર્વમાં ભળે છે.
આ જગત જેમ સારી વસ્તુને ખોટી, શૂરને ક્રૂર,
તેજસ્વીને અભિમાની, સત્યને અસત્ય કરે છે,
તેમ પ્રેમને પણ દિવાનાપણાં તરીકે ઓળખાવે છે.

'ઈશ્વર આપણને ચાહે છે' એમ કહેવું અને
એમાં શ્રદ્ધા રાખવી, એ જ અંતરનાં દ્વારો ખૂલે છે.
એમ થવાથી આપણને સૌને સાચો પ્રેમ મળે છે તથા
તેથી અન્યને પણ પ્રેમ આપવાનું મન થાય છે.
'આપણે એકલા નથી, ઈશ્વર આપણી સાથે છે, આપણી
સંભાળ રાખે છે અને એ આપણને ખૂબ જ ચાહે છે'
એટલું જાણ્યા પછી એકલતા કેમ અનુભવાય?
અને એ પછી આપણને મળેલો પેલો અસીમ પ્રેમ
આપણે અન્યને આપ્યા વગર શી રીતે રહી શકીએ?
દિવ્યતા વિશાળ અંતઃકરણ અને ઉદાર બુદ્ધિ માંગે છે.
પ્રેમની આ દિવ્ય શક્તિ કોણ નથી જાણતું?
પ્રેમ એ બ્રહ્માંડનું સર્વોત્તમ બળ છે.
સંવાદ, આત્મશુદ્ધિ, એકતાની અજબ શક્તિ એમાં વસે છે.
પ્રેમ આપનાર અને લેનાર ઉભયને આશીર્વાદરૂપ બને છે.
એનાથી જીવનમાં નવું સ્વાસ્થ્ય અને ચૈતન્ય પ્રગટે છે.
પ્રેમથી આપણા તરફ માંગલ્ય આકર્ષાય છે.

## પ્રેમનો નાનકડો તણખો પણ શું કરે?

પ્રેમનો નાનકડો તણખો એક અંતરમાંથી બીજા અંતરમાં પ્રગટે, એમાંથી નાનકડી જ્યોતિ અને જ્વાળાનું સર્જન થવા ઉપરાંત ઉષ્મા અને અજવાળાં પ્રસરતાં જ રહે છે. અનેક લોકો ઉપર પથરાતાં પથરાતાં છેવટે એ સમગ્ર સૃષ્ટિને આવરી લે છે. આ અસીમ પ્રેમની જ્વાળાઓ બ્રહ્માંડના કણ-કણને પરમ ઉદારતાથી પોતામાં સમાવી લે છે.

ઈશ્વર પરમ પ્રેમમય છે.

એના વગર આપણા માટે જીવવાનું મુશ્કેલ જ છે. પ્રેમ એ વિશ્વનું સૌથી મહત્તમ તત્ત્વ છે. સહુને માટે પ્રેમ જીવંત રાખવો, એ માનવીની સૌથી મોટી જરૂરીયાત છે. જ્યારે પણ તક મળે, ત્યારે વધારે ને વધારે પ્રેમ અર્પણ કરવો જોઈએ. ત્યાગ, શ્રદ્ધા, બલિદાન કે બીજું ગમે તે, પણ પ્રેમ વગર અધુરૂં જ નહીં, બલ્કે નિરર્થક પણ છે. પ્રેમનું સુખદ બંધન સૌને એકતાના સૂત્રે બાંધે છે તથા પરસ્પર સંબંધોમાં સંવાદિતાનું મધુર સંગીત પ્રગટાવે છે.

<u>દિવ્યજીવનની ચાવી શું ?</u>

<u>પ્રેમ અને સેવાની ભાવના. આ દૈવી ગુણો છે.</u>
તેનો આધારસ્તંભ એ છે કે : 'જીવમાત્ર દિવ્ય છે,
બધા જીવોની પાછળ એક દૈવી તત્ત્વ રહેલું છે.'
આ સત્યનું પ્રતિક્ષણ સ્મરણ અને
તદનુરૂપ આચરણ કરવું, એ જ દિવ્યજીવનની ચાવી છે.
પ્રેમ માટે ભાવનું - સેવા માટે સંગ્રહિત વસ્તુનું અર્પણ.
સેવા ક્રિયાશીલતા આપે છે, જ્યારે
પ્રેમ અંતર્મુખ જીવનથી અભિભૂત કરે છે.
પ્રેમથી સ્વકલ્યાણ - સેવાથી સમાજનું નિર્માણ થાય છે.
સેવાભાવ પ્રેમને પુષ્ટ - પ્રેમભાવ સેવાને સજીવ બનાવે.
<u>પ્રેમ એ રસ, ભક્તિ, દિવ્ય અમૃતનું પાન છે.</u>
તે એક જાદુઈ તત્ત્વ છે અને એવી ઈશ્વરીય વસ્તુ છે,
જે બાકીનાં બધાં જ કામ પોતાની જાતે સિદ્ધ કરી લે છે.
પ્રેમમાં સત્યને અગ્રતા છે, તો પ્રેમને સત્યમાં અગ્રતા છે.
પ્રેમની આશાને પાર નહિ, સહનશક્તિને સીમા નહિ.

## સ્વાર્થી મનુષ્ય કેવો હોય ?

'જેવો હું - તેવો તે; જે દુઃખ તેનું - તે મારું.'
આવો વિચાર સ્વાર્થી મનુષ્ય કરી શકતો નથી.
જ્યારે બીજાના દુઃખથી જીવ પીગળે છે,
ત્યારે તેને આત્માનુભવ કે આત્મવિચાર પ્રગટ્યો કહેવાય.
સુખમાત્રનું ઉગમસ્થાન અને
દુઃખમાત્રના અસ્ત થવાનું સ્થાન
આત્મૌપમ્યદૃષ્ટિની સક્રિય સ્થિરતામાં છે.
આ દૃષ્ટિએ જોનાર આત્મા
પ્રેમનો દરિયો અને દયાનો સમુદ્ર બને.
પ્રેમ દિવ્ય એટલા માટે છે કે તે સૌને પ્રિય છે.

લુઈ પાશ્ચર કહે છે કે:

'તમારો ધર્મ શું છે, તે મારે નથી જાણવું.
તમે કયા વિચારમાં માનો છો, તે પણ મારે નથી જાણવું.
મારે માત્ર એટલું જ જાણવું છે કે તમને દુઃખ શું છે?
એ દુઃખને દૂર કરવામાં હું પ્રેમ વડે મદદ કરવા માગું છું.'

# પ્રભુના દર્શન કોણ પામે ?

જે સાધક સર્વ સંજોગોમાં સૌનું ભલું ચાહે છે અને
જે ભાવથી ફક્ત સૌની ભલાઈમાં જ રાચે છે,
તે પુણ્યશાળી સાધક જ પ્રભુના દર્શન પામે છે અને
તેને જ અંતે આત્મિક પ્રાપ્ત થાય છે.

અત્યંત સુખ એ મનુષ્યમાત્રનું સર્વોચ્ચ લક્ષ્ય છે અને
તે કેવળ આત્મામાં જ પ્રાપ્ત થાય છે.

'પ્રેમ' એટલે પરમાનંદની શક્તિ અને
'સૌંદર્ય' એટલે આનંદનું વિશિષ્ટ રૂપ.

બધાં પ્રત્યે પ્રેમ અને લાગણીથી જોતાં શીખાય છે, ત્યારે
એ ભાવ જડમાત્ર સાથે એકતાનો અનુભવ કરાવે છે.
પોતે એ રીતે જગદ્રૂપ થઈને રહેવું, તે અહંતા-મમતા
ટાળવાનો પરમ ઉપાય છે. 'દરેક એ ઈશ્વરનું પરિણામ છે'
એવું વિચારવાથી મમતા ઘટે છે અને સમતા પ્રગટે છે.
સુખ માટે સૌથી અધિક મૂલ્યવાન વસ્તુ હોય, તો પ્રેમ છે.
પરસ્પર પ્રેમના અભાવમાં સુખનો અસંભવ છે.

પ્રેમ કે સ્નેહ વિષે મને લાગ્યું છે કે:

સ્નેહરાગમાં માગણી છે, સ્નેહભાવમાં લાગણી છે,
તેથી એક સ્નેહ અશુભ, તો બીજો સ્નેહ શુભ છે.

સૂર્ય તેની ઊંચાઈ ખાતર નહીં, પરંતુ
તેના સ્નેહથી કરાતાં ભલાની ખાતર પૂજાય છે.

સ્નેહ મહાન ગણાય છે, તે પથ્થરમાંથી ય દેવ બનાવી શકે.

સાચો સ્નેહ નમ્ર છે. દુઃખીને સહાય ન આપવી, એ એક
પ્રકારે આપણને સુખ આપનાર પ્રત્યે કૃતઘ્નતા જ છે.

પરાર્થની સાથે જ ખરું મનુષ્યત્વ પ્રાપ્ત થાય છે.

પાંગળાના પગ - આંધળાની આંખ - ઠુંઠાના હાથ બનીએ.

જે ગરીબોને આપણે આપીએ છીએ,
તેઓ પૃથ્વી ઉપરથી સ્વર્ગમાં આપણા માલને લઈ જનાર
ટપાલી કે મજૂર સિવાય બીજું શું છે ?

જે જે મનુષ્યો જગત પાસેથી કંઈ લે છે, તેને નહીં પણ
જેઓ જગતને પોતાનાથી બને તેટલું આપીને જાય છે,
તેને જ આપણે સૌ પૂજીએ છીએ.

સ્નેહનું પૃથક્કરણ કરતાં મને તેમાં ૯ તત્ત્વો જણાયા છે:

(૧) ધૈર્ય (૨) માયાળુપણું (૩) વિનય (૪) નિષ્કપટતા (૫) નમ્રતા
(૬) પ્રામાણિકતા (૭) સદ્વૃત્તિ (૮) નિઃસ્વાર્થતા (૯) ઉદારતા.

આ ૯ તત્ત્વોમાં સંપૂર્ણ મનુષ્યત્વ,
કે જે ઈશ્વરની સર્વોત્કૃષ્ટ બક્ષિસ છે, તે ઉદ્દભવે છે.
જ્યાં જ્યાં સ્નેહ છે, ત્યાં ત્યાં ઈશ્વર છે.
સ્નેહ એ ઈશ્વર પોતે જ છે.
જે સ્નેહમાં વસે છે, તે ઈશ્વરમાં જ વસે છે.

શાસ્ત્રોમાં લખેલું મળે છે કે:

હૃદયમાં 'દહરાકાશ,' ચક્ષુમાં 'છાયાપુરુષ' : સૂક્તિ :
આંખથી સૌંદર્ય જોવાને બદલે હૃદયથી જોતાં શીખવું.
એક વિકારરૂપી વિષ છે, તો બીજું સ્નેહરૂપી અમૃત છે.

ભાઈ-બહેનનો સ્નેહ નર્યો આનંદ
આ પૃથ્વી ઉપર સર્વથી વધુ નિઃસ્વાર્થ હોય છે.
તેઓ પરસ્પરના સ્નેહમાંથી પ્રાપ્ત થતાં આનંદ સિવાય
બીજા કશાની અપેક્ષા કર્યા સિવાય એકબીજાને ચાહે છે.

# ધર્મ એટલે સ્નેહ.

જીવ એ હંસ છે, શરીર એ સરોવર છે.

ધર્મ જીવનના અંતરમાં રહેલા સ્નેહપરિણામથી ધર્મમાં માતાની જેમ પુષ્ટિ કરવાનો, પિતાની જેમ પાલન કરવાનો, મિત્રની જેમ પ્રેમ કરવાનો, બંધુની જેમ સ્નેહ કરવાનો, ગુરૂની જેમ ઉજ્જ્વળ ગુણો આપવાનો અને સ્વામીની જેમ પ્રકૃષ્ટ પ્રતિષ્ઠાને આપવાનો ગુણ સૌમાં આવે છે.

સ્નેહ એ સર્વથી મહાન વસ્તુ છે, કેમકે
સૌ કોઈ તેને એકસરખી રીતે ચાહે છે.

પ્રેમભરી ભાષા એ જ ધર્મની ખરી ભાષા છે.

ધર્મનો એક વિશિષ્ટ લેશ્યા - સ્નેહનો પરિણામ છે. સ્નેહથી પ્રેમ, પ્રેમથી એકરૂપતા, એકરૂપતાથી પરિષહો અને ઉપસર્ગો સહન કરવાની તાકાત અને નિશ્ચલતા પ્રાપ્ત થાય છે.

સહાય - દયા - સેવા : એ કૃતિમાં ઉતરેલો સ્નેહ જ છે.

દાનનું અને સ્નેહનું તત્ત્વ ત્યાગ છે.

પ્રેમભાવ અને સમભાવ એકાર્થક છે.

## સ્નેહનો પરિણામ જ લેશ્યાની વિશુદ્ધિ છે.

શુક્લ લેશ્યા સંપૂર્ણ સ્નેહમય હોય છે.
જ્યાં સ્નેહ હોય, ત્યાં વેર-ક્રોધ-ઈર્ષા-અસૂયા કે
માન-માયા-તીવ્ર લોભ વગેરે ટકતાં નથી.
કામ માંગે છે, જ્યારે સ્નેહ આપે છે,
તેથી સ્નેહપરિણામ કામનો પ્રબળ વિરોધી છે.
રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સાદિ સમસ્ત મોહ-હાસ્યનો
વિલય કરવાનું સામર્થ્ય સ્નેહપરિણામમાં છે.
તે વીતરાગભાવ સુધી પહોંચાડી વિલય પામે છે.
લોભ = સ્વસ્નેહ. એનું રહસ્ય સંગ્રહ છે.
દાતા તેના દાનથી નહીં, કિન્તુ ભાવથી જ ઓળખાય છે.
જે દાતા ન હોય, તે સ્નેહી નથી. દાનથી જ સ્નેહ મપાય.
નમસ્કાર એ સ્નેહનો પરિણામ છે. સ્નેહપરિણામ એક
બાજુ ભક્તિ અને બીજી બાજુ અનુકંપામાં પરિણમે છે.
સ્નેહનો ફેલાવો જ સંસાર, જે રસમય છે,
તેમાં નવમો રસ શાંત છે અને દશમો રસ વાત્સલ્ય છે.

# માતાનો પ્રેમ અને સ્નેહ અતર્ક્ય છે.

દુઃખને દબવું, સુખને શમવું અને અપરાધને ખમવું - એ સ્નેહનું કાર્ય છે. સ્નેહનો પરિણામ અપરાધને ગળી જાય, દુઃખને સહી લે છે અને સુખને તજી શકે છે. માતાના સ્નેહમાં રહેલું વાત્સલ્ય પુત્રના સુખે સુખી, દુઃખે દુઃખી અને અપરાધ પ્રત્યે સહાનુભૂતિ દાખવી શકે છે. પુત્રનું સુખ એ પોતાનું સુખ, પુત્રનું દુઃખ એ પોતાનું દુઃખ અને પુત્રનો દોષ એ પોતાનો દોષ માતા જ માની શકે. બુદ્ધિથી બોધ, ભાવનાથી ભક્તિ - પ્રેમ ઉત્પન્ન થાય છે.

બોધને પ્રેમનું રૂપ પ્રાપ્ત થાય છે અને
ભાવનાને ભક્તિનું રૂપ પ્રાપ્ત થાય છે.

બોધ સ્થિર થાય એટલે તે એટલો બધો ગમવા લાગે,
કે નિત્ય - નિરંતર મન તેમાં જ રમવા લાગે છે.
આમ થતાં બોધનું રૂપાંતર પ્રેમમાં થાય છે,
તેમ જ ભાવનાનો ભોગ આપી ભક્તિ પ્રગટ કરી શકાય.
બોધ જ્યારે પ્રેમનું રૂપ લે છે, ત્યારે શાંતિ વધે છે.

## જ્ઞાન, ક્રિયા અને સ્નેહની ત્રિવેણી

ધર્મ એ જ્ઞાન કે ક્રિયાનું નામ નથી,
પરંતુ તેની પાછળ રહેલા સ્નેહનું નામ છે.
જ્ઞાન અને ક્રિયા તો એ સ્નેહને પેદા કરવાનું અને
અભિવ્યક્ત કરવાનું એક સાધન માત્ર છે.
જે જ્ઞાન સ્નેહપરિભાષાને સર્વ પ્રત્યે પેદા કરી આપી
શકે અને જે ક્રિયા સર્વ પ્રત્યે સદ્વર્તન રખાવી શકે,
તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન અને તે ક્રિયા સમ્યક્ક્રિયા છે.
આ જગતમાં સૌથી મહત્ત્વવાન વસ્તુ સ્નેહપરિણામ છે.
જ્ઞાન અને ક્રિયાનું મહત્ત્વ પણ
સ્નેહપરિણામના કારણ અને કાર્ય તરીકે વખણાય છે.
જે જ્ઞાન સ્નેહપરિણામને ન વિકસાવી શકે, તે જ્ઞાન
અજ્ઞાન અને વૈરપરિણામ વિકસાવે, તે અસત્જ્ઞાન છે.
જે ક્રિયા સ્નેહપરિણામને અભિવ્યક્ત ન કરે,
તે ક્રિયા એ અક્રિયા અથવા અસત્ક્રિયા છે.
સ્નેહપરિણામ એ જ ધર્મનું મૂળ અને સમ્યગ્દર્શન છે.

'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ ।' સૂત્ર ક્યારે સાર્થક બને ?

સ્વરૂપવિશુદ્ધિને વિકસાવનારૂં જ્ઞાન લહીએ અને તેને પુષ્ટ બનાવનારી ક્રિયા થાય, તો સૂત્ર સાર્થક બને.

પ્રેમ એ ક્રિયા નથી, પ્રેમ તો સત્તાની એક સ્થિતિ છે.
અહિંસા એ પ્રેમનો અભાવ નથી, સંબંધનો અભાવ છે.

પ્રેમ એ સંબંધ નથી, સ્થિતિ છે.

'અહિંસા' એટલે વીતરાગ ઈશ્વરનો પ્રેમ, જેમાં રાગ, વિરાગ, આસક્તિ અથવા વિરક્તિનો અભાવ છે.
'અહિંસા' શબ્દ નકારાત્મક છે, અહિંસા નકારાત્મક નથી.
હિંસા નકારાત્મક છે, કેમકે તે સ્વભાવનો વિરોધ છે.
હું મારાં પ્રતિ હિંસા કે અપ્રેમ ન ચાહું, કોઈપણ ન ચાહે.

પ્રત્યેકને પ્રેમની જ તૃષા છે, અપ્રેમની નહીં.

જો આપણી ચાહનાને આપણે સમજી લઈએ તો પ્રત્યેક ચાહનામાં સ્વરૂપ પ્રત્યે જવાનો સંકેત જણાઈ આવે છે.

હું પ્રેમને ચાહું છું, માટે મારૂં સ્વરૂપ પ્રેમ છે.

હું આનંદને ચાહું છું, માટે મારૂં સ્વરૂપ આનંદ છે.

ઈશ્વરની અનુભવ કરવા માટેની બે શરત:

ઈશ્વર માટે અનુરાગ અને પાડોશી માટે પ્રેમ.

પ્રેમ એટલે સ્નેહ.

આત્મરસ એટલે સ્નેહ અને વિશ્વાસ.

સ્નેહ એટલે પ્રેમ, આદર અને વિશ્વાસ.

આત્મરસ એટલે શું? સ્નેહ અને વિશ્વાસ.

પ્રેમ, આદર, વિશ્વાસ - ત્રણે ભેગાં મળે, ત્યાં સ્નેહ હોય.
તોફાની બાળક પ્રત્યે માને પ્રેમ હોય, આદર ન હોય.
પતિ-પત્ની વચ્ચે પ્રેમ અને આદર હોય,
પરન્તુ પરસ્પર વિશ્વાસ ન હોય.
એ ત્રણે હોય, ત્યાં એક સાથે અનુભૂતિ થઈ શકે.
પ્રભુ કહે છે કે પ્રેમ, આદર, વિશ્વાસમાંથી બે કે ત્રણ
પણ એકસાથે ભેગાં થયાં હોય, ત્યાં અને પરમાત્માના
નામે જ્યાં ભેગાં હોય, ત્યાં હું એમની વચ્ચે ચોથો છું.
સામૂહિક અનુભૂતિ માટે પરસ્પર પ્રેમ, આદર અને
વિશ્વાસરૂપી સ્નેહ અને ઈશ્વર માટે અનુરાગ જોઈએ.

# પ્રેમનો પરિપાક છે આનંદ.

પ્રેમમાં પ્રીતિ હોયતો તેનો પરિપાક આનંદમાં પરિણમે છે.
પ્રીતિ જલની જેમ સ્વચ્છ છે, પ્રવાહી છે, સક્રિય છે.
સ્નેહ એ સ્નિગ્ધ છે, તેમાં ચીકાશનું તત્ત્વ
હોયતો મેલ ચોંટે છે, ડાઘ પડે છે, આગ પણ લાગે છે.
જલ આગને ઠારે છે, ડાઘને દૂર કરે છે,
મેલ હોય, તો પણ તેને ધૂએ અને સ્વચ્છ કરે છે.
જેમ જલ તૃષાહારિ છે, તે દાહ હરે છે, પંકને ધૂએ છે,
તેમ પ્રેમ એ વિષયતૃષા, કષાયદાહ, કર્મમેલને હઠાવે છે.
સ્નેહમાં સદ્ભાવ છે પણ થોડી ભેદબુદ્ધિ રહી જાય છે.
સ્નેહરાગમાંથી છૂટવાને માટે સ્નેહભાવ જ સહાયક છે.
સ્નેહભાવથી સ્નેહરાગ દૂર થયે જે બાકી રહે છે,
તે વિશુદ્ધ પ્રેમ છે, તે જ પ્રીતિ છે અને
વળી તે જ બ્રહ્મની આનંદ અભિવ્યક્તિ છે.
પ્રેમના અસ્તિત્વમાં અભેદભાવ હોયતો અને
તે અનંતવીર્યનો પરિપાક હોયતો આનંદમય છે.

## પ્રેમ - મનનો પરમ ગુણ

જગમાં કાષ્ઠથી બળવાન લોખંડ, લોખંડથી બળવાન અગ્નિ છે,
અગ્નિથી બળવાન પાણી, પાણીથી બળવાન પવન છે,
પરંતુ પ્રાંતે પવનથી યે બળવાન તો મનનો પ્રેમ જ છે.

સાકર ખાવાની ક્રિયાથી સાકરની મીઠાશનું ભાન અને
પ્રેમ કરવા સાથે જ ઉત્પન્ન થાય છે.

ઈશ્વરનું ભાન અને ઈશ્વરનો પ્રેમ બે જુદી વસ્તુ નથી.

o

## What is spiritual Love?

When we surround each person whom we treat with our spiritual love, it is not a vaporous sentiment, but a mighty power for it is a God power. It is as definite as a stream of water directed through a hose in a definite direction & it washes its object clean.

અહિંસા એ જીવનની ઘોષણા છે, પ્રેમ એ જીવન છે.

'અહિંસા' શબ્દના ખોળિયા પાછળ પ્રેમની
વિધાયકતાનો પ્રાણ છે, કિન્તુ અંતે ખોળિયું નિઃસાર છે.
અહિંસાની રાખ પાછળ છૂપાયેલા પ્રેમની જીવંત આગ છે.
અપ્રેમ એ વિધ્વંસ છે, જ્યારે પ્રેમ એ તો સર્જન છે.
પ્રેમ એ જીવનમાં સર્જનનો સ્ત્રોત - creation છે.
મુક્તિનો પ્રેમ એટલે બુદ્ધિનો અને પ્રકૃતિનો પ્રેમ. એ
પ્રેમભાવનાનાં આશ્રયે બને, બાહ્યક્રિયાના આશ્રયે નહીં.

સર્જનાત્મકતા માટે પ્રેમથી અધિક શ્રેષ્ઠ અને
તેનાથી વિશેષ અતિલોભંકર વસ્તુ શોધવી કઠિન છે.

પ્રેમ એ સાક્ષાત પરમાત્મા છે અને
સાક્ષાત પરમાત્મતત્ત્વ એ પ્રેમ છે.

હિંસા ન કરવી તે જ અહિંસા, શત્રુતા ન હોવી તે જ પ્રેમ
એવું નથી, કિન્તુ તેથી પણ કંઈક અધિક છે.
જે જ્યાં અર્પણ કરાવે છે, ત્યાં પ્રેમ અને આદર વધારી
સ્વાર્થ અને કઠોરતાનો ત્યાગ કરાવે છે.

આનંદ કેન્દ્ર છે, તો પ્રેમ પરિધિ છે,

અહીં પ્રેમ એ સંબંધ નહીં પણ સ્વભાવ છે.

અંતરમાં આનંદ તે બહાર પ્રેમ - સમષ્ટિમાં અહિંસા.

'અહિંસા' શબ્દ ભલે નકારાત્મક છે, પરન્તુ

તેની અનુભૂતિ શુદ્ધ પ્રેમની છે.

પ્રેમની પૂર્ણતા શેમાં ?

'જ્યાં પોતે છે, ત્યાં સર્વ છે' એવું માને,

પછી જ્યાં વસ્તુ હોય, ત્યાં આદરભાવ પ્રગટે છે.

અંદર આનંદ પ્રગટે છે, ત્યારે બહાર પ્રેમ પ્રગટે છે.

અહંની ઓછપતામાં પ્રેમનો વિસ્તાર છે, જ્યારે

અહંની શૂન્યતામાં પ્રેમની પૂર્ણતા છે.

આનંદ અને પ્રેમ એક જ સિક્કાની બે બાજુઓ છે.

એક વિના બીજો ન રહી શકે.

અહિંસા આનંદ આપે છે, માટે પ્રેમસ્વરૂપ છે.

જેટલો ભગવાન પ્રત્યે પ્રેમ થાય છે,

તેટલો અંતે શયતાન પ્રત્યે પણ પ્રેમ થવો જોઈએ.

# God is Love.

Love is the very nature of God.
Love is not some slushy sentiment:
but tremendous, dynamic healing force.
The whole of healing creation of perfection
is the outcropping of Divine Love.
Love is a creative agent.
In other words, all of the givingness of
God is the outcome of the love of God.
The great law of the universe,
in which are included all the lesser laws,
is merely the love of god in action.
Love is the fulfilling of the Lord.
Nothing integrates the character
and adds to the power as love does.

## આત્મતુલ્ય દૃષ્ટિ, પૂર્ણ અને અનંત પ્રેમ

પ્રેમ એ અમૃત છે. પ્રેમનું લક્ષણ આત્મતુલ્ય દૃષ્ટિ છે.
તે દર્શનમોહનીય કર્મના ક્ષયક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે.
આત્મતુલ્ય દૃષ્ટિમાં પૂર્ણ પ્રેમ છે.
તુલ્યતાની દૃષ્ટિથી સર્વ સિદ્ધભગવંતોને
જગતના જીવો ઉપર એમ પૂર્ણ પ્રેમ રહેલ છે, તેમ
પૂર્ણતાની દૃષ્ટિથી તે પ્રેમ અનંત પણ રહેલ છે.
સિદ્ધ ભગવંતોને તે સ્વરૂપે હૃદયમાં ધારણ કરવા,
'તેઓ પૂર્ણ શક્તિને પ્રગટાવનાર છે અને
તેમની પૂર્ણતાની દૃષ્ટિ જ આપણામાં પૂર્ણતાને
પ્રગટાવનારી છે' એમ જોવું, તે અનંત શક્તિ પ્રગટાવે છે.
સાધકની દૃષ્ટિમાં આત્મતુલ્ય દર્શન છે.
સિદ્ધની દૃષ્ટિમાં તે ઉપરાંત આત્મપૂર્ણ દૃષ્ટિ પણ છે.
સત્ય વિના પ્રેમ ઉપવાસી છે,
પ્રકાશ વિના પ્રેમ કારાગારમાં છે અને
અમૃત વિના પ્રેમ આશ્રયરહિત છે.

V.

'તારા નયનના રે પ્યાલાં પ્રેમના ભર્યાં છે...'

આ સ્તવનમાં કવિએ પ્રભુના પ્રેમને કાર્યરૂપે વર્ણવેલ છે.

સંસારી જીવો સંસાર અવસ્થામાં
ગમે તેટલા દોષોથી ભરેલાં હોય, તો પણ તેમનું શુદ્ધ
સ્વરૂપ સિદ્ધો પ્રતિપળ સાક્ષાત્ જોઈ - જાણી રહ્યાં છે,
તેથી તેમનો પ્રેમ પૂર્ણ જ રહે છે, કિન્તુ તે પ્રેમ ભવનો
ભવસ્થિતિકાળ પૂરો થયે જ પરખાય. ચરમાવર્તકાળમાં જ્યારે
વિવેકચક્ષુ ખૂલે, ત્યારે 'ભગવાન પ્રેમથી ભરેલાં છે' એમ
સમજાતાં જ ભગવંત ઉપર અનંત પ્રેમ ઉભરાય છે.

જેને આનંદ-સુખ જોઈએ, તેણે પ્રેમપ્યાલો પીવો જોઈએ
અને જીવમાત્ર પ્રત્યે વાત્સલ્યભાવ કેળવવો જોઈએ.

વાત્સલ્યભાવ = પ્રેમનો ભંડાર, ભેદભાવ = દુઃખ - દ્વેષ.

કોઈપણ જીવને પરિપૂર્ણ જોવો,
તે તેના ઉપરના અનંત પ્રેમને સૂચવે છે.

આત્મતુલ્ય દર્શનવાળો પોતાના આત્મા જેટલા જ ઉદારતા
બીજાના આત્મા ઉપર પણ રાખી શકે છે.

'જગમાં પ્રેમ નામ ધરાવતાં માતા-પિતાદિ જેટલાં તત્ત્વો છે,
તે સર્વમાં ભગવાનનું સ્થાન ઊંચું છે.
ભગવાનના પ્રેમ જેવો પ્રેમ ધરાવવાની શક્તિ
ભગવાન સિવાય બીજા કોઈમાં પણ આવી નથી.'
એવા સમજણ ભાવનાની સાથે જ
ભગવાન ઉપર અવિરત પ્રીતિ - ભક્તિ જાગે છે.
એ પ્રીતિ - ભક્તિને આદિ છે પણ અંત નથી.
એવા આદિ-અનંત સ્થિતિવાળી પ્રીતિ માત્ર
ભગવાન સાથે જ થઈ શકે; બીજા સાથે નહીં જ,
એટલે જે નિયમ શાસ્ત્રો બાંધ્યો છે, તે યથાર્થ જ છે.

o

To love the atman in ourselves is
to love it everywhere.
And to love atman everywhere is
to go beyond manifestation of
nature to the reality within nature.

## યોગી - વિવેકી - પ્રેમી બનવા શું કરવું ?

મૃત્યુનો અનુભવ કર્યા વિના યોગી, વિવેકી કે પ્રેમી
બની શકાતું નથી. આ અપેક્ષાએ યોગની સિદ્ધિ માટે
જીવનમાં મૃત્યુનો અનુભવ કરવો જોઈએ.
યોગી બનવા તથા ભોગ અને વાસનાઓનો અંત કરવા
માટે પોતાને અહીં શરીરોથી અલગ અનુભવવો જોઈએ,
વિવેકી બનવા માટે સાધકે
સમસ્ત દૃશ્યથી પોતાને વિમુખ કરવો જોઈએ અને
પ્રેમી થવા માટે બહુ જીવતાજીવત મરવું પડશે,
કેમકે પ્રેમી તે થઈ શકશે કે જે સર્વ પ્રકારની ઈચ્છાથી
રહિત થશે અને પોતાનું સર્વસ્વ પ્રેમાસ્પદની સેવામાં
વિના શરતે સમર્પિત કરી દેવું પડશે.
એ પ્રેમી, વિવેકી અથવા યોગી - અહીં માટે
જીવતાં જ મૃત્યુનો અભ્યાસ કરવો પડશે.
પ્રેમનું - અનુરાગનું સ્વરૂપ અનિર્વચનીય છે.
મૂક મહારસના આસ્વાદનની જેમ તે કહી શકાતું નથી.

## જીવન એક અખંડ સાધના છે.

પ્રેમધર્મની સાધના પણ જીવનમાં અખંડ થવી જોઈએ.

જે શક્તિથી ઘૃણા - તે જ શક્તિથી પ્રેમ પેદા થાય છે.
પ્રેમને વિકસિત કરવામાં આવે, તો ઘૃણા શૂન્ય બની જાય.

પ્રેમથી મોટી કોઈ ઉપાસના નથી.

જગતમાં જે બુરાઈ છે, તે છૂપાયેલી ભલાઈ જ છે.

રાગયુક્ત પ્રેમ વ્યક્તિ પ્રત્યે હોય, જ્યારે
રાગમુક્ત પ્રેમ સમસ્ત ૧૪ રાજલોકના જીવો પ્રત્યે હોય.
એક પ્રેમ સંબંધરૂપ - જ્યારે બીજો પ્રેમ સ્વભાવરૂપ છે.
પ્રેમમાં કોઈ સ્વાર્થ સંબંધ કે બંધન નથી. જ્યાં બંધન,
ત્યાં પ્રેમ નથી, કિન્તુ પ્રેમનો ફક્ત આભાસ જ છે.

પ્રેમ બાંધતો નથી પણ બંધનથી છોડાવે છે.

પ્રેમ શરીરનો નહીં પણ આત્માનો ધર્મ છે.

જેમ બીજ પોતાને જ ખોઈને વૃક્ષને પ્રાપ્ત કરે છે,
તથા સરિતા પોતાને ખોઈને સાગરને પ્રાપ્ત કરે છે,
તેમ સ્વયંને ખોઈ નાંખવો, તે જ સ્વયંને પામવો છે.

પ્રેમથી વિસ્મૃત થાઓ, અવસ્થાથી નહીં, કારણકે...

અવસ્થાથી વિસ્મૃત થવામાં પીડા છે નક્કી,
પ્રેમથી વિસ્મૃત થવામાં પીડાનું વર્જન છે.

પ્રેમમાં પણ તટસ્થતા રાખો, કેમકે તટસ્થ રહીને
જે જગતને જુએ, તેને જ જોવાની મજા આવે છે.

સ્વના દોષોનો નાશ કરવા માટે ન્યાયને આધાર કરવો,
જગત સાથે લેણ ટાળવા પ્રેમને આધાર કરવો જોઈએ.

પ્રભુપ્રેમનું મહત્ત્વ સદ્‌ગુણ કે સદાચાર નહિ, કિન્તુ
પ્રેમ અને વિશ્વાસ છે. જે પ્રભુ ઉપર વિશ્વાસ કરે-
પ્રેમ ધરાવે, તે પ્રભુની પૂર્ણ કૃપા પ્રાપ્ત કરી શકે છે.

'હું કંઈ નહિ' એ વાતને જાણી લેવાથી
આપણી સમસ્ત વાસનાઓનો અંત આવે,
બુદ્ધિ સમ બને, સમસ્ત દુઃખોનો અભાવ થઈ જાય નક્કી,
ઈશ્વરપ્રેમની લાલસા જાગે, જે ઈશ્વરમિલન કરાવી દે.
તત્ત્વની પ્રાપ્તિ સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ વડે થઈ શકે.
પ્રેમ વિનાના જીવનનો કોઈ અર્થ નહિ.

આ સંસાર ભગવાનની લીલા છે.
આ લીલાના મૂળમાં તેનો પ્રેમ છે, આનંદ છે.
તેને સમજી શકીએ, તેમાં જ આપણી સાર્થકતા છે.

## ...તો સાચો પ્રેમ કોને કહેવો ?

પ્રેમ તે કે જેમાં સ્વાર્થ, આસક્તિ કે વિષમતા હોતાં નથી.
પ્રેમ એ જગતની સાથે જોડનાર દિવ્ય રસ છે.
પ્રેમ એ જગતના ઘા રૂઝાવનાર દિવ્ય મલમ છે.
માનવજીવન વિશ્વહિતને માટે જીવવાનું છે.
સર્વને આત્મભાવ આત્મદૃષ્ટિએ જોવા, તે
આપણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો ઉત્તમ આદર્શ છે.
તેમાં ઋણ લેવું, તે પણ એક પ્રકારની ચોરી જ છે.
જ્યાં સુધી એક પાઈનું પણ ઋણ છે,
ત્યાં સુધી તેને ચૂકવવા માટે પાછું જન્મવું પડે છે.
સૌને જાણવું અને સૌને ક્ષમા આપવા, એટલું જ ?
ના. સૌને પ્રેમ આપવો, સૌ ઉપર પ્રેમ રાખવો, તે છે.
પ્રેમની કોમળતા જ્ઞાનની પ્રખરતા પામવા માટે છે.

## પ્રેમમાં દુઃખનું વિસર્જન છે, વિસ્મરણ નહીં.

દુઃખનું વિસર્જન આનંદની અનુભૂતિમાં છે, તેનું વિસ્મરણ
નકારાત્મક ઉપરાંત માદક દ્રવ્યોની જેમ મૂર્છાસ્વરૂપ છે,
જેમાં કેન્દ્ર તરીકે આનંદ અને પરિઘ તરીકે પ્રેમ છે.
તે પ્રેમ સંબંધરૂપ નહીં પણ સ્વભાવરૂપ છે. એમાં બાહ્ય
આકર્ષણ નહિ, આંતરિક પ્રવાહ છે. એને બહારની કોઈ
અપેક્ષા નહિ કે બહારના કોઈ સંબંધની પણ જરૂર નહિ.

પ્રેમનું ગણિત સૌથી સરળ છે.

પ્રેમની જેમ સંગીત પણ વિશ્વની સનાતન ભાષા છે.

એકત્વ આ બ્રહ્માંડનો મૂળભૂત નિયમ છે.

પ્રેમ મૂળ છે, મૈત્રી એનો અંકુર છે, ક્ષમા એનું ફળ છે.
પ્રેમ એ પૂર્ણ પદાર્થ છે. પ્રેમ એ સંસારની અમરવેલ છે.
પ્રેમધર્મ સમાજને ઘડતર કરી ઉન્નતિના માર્ગે લઈ જાય છે.

સંબંધના તાંતણે સ્નેહ બંધાય છે અને
સ્નેહે બંધાયેલ સમાજ કાયમ બને છે.

પ્રેમ જ તત્ત્વમાર્ગે દૃઢ ટકી રહેવાની આત્મશક્તિ આપે.

સાધનાથી જે મેળવાય છે, તે પ્રેમથી લૂંટાવી દેવાય છે.

ફૂલ જ્યારે સુગંધથી ભરાઈ જાય છે,
ત્યારે એ સુગંધ હવાને લૂંટાવી દેવી પડે છે.
જ્યારે કોઈ દીવો પ્રકટે, ત્યારે પ્રકાશ પથરાઈ જાય છે.
પ્રેમ અને વૈરાગ્ય તથા કોમળતા અને કઠોરતા -
પરસ્પર વિરુદ્ધ હોવા છતાં
એક સ્થાને રહેલાં હોય છે, તો શોભે છે.
તેઓ પરસ્પર વિરોધી નહીં પણ એક જ સિક્કાની
બે બાજુઓ છે. પ્રેમમાં જો વૈરાગ્યની માત્રા ન હોય,
તો તે મોહ યા આસક્તિરૂપ બની જાય છે.
વૈરાગ્ય પણ પ્રેમથી અનુરંજિત ન હોય,
તો શુષ્ક બને છે, હૃદયને વેરાન - બનાવી દે છે.
બ્રહ્મચર્ય - અહિંસાપાલનથી વિશ્વ ઉપર પ્રેમ આવે છે,
સત્ય ઉપરના પ્રેમથી યથાર્થ ભાષિત્વ આવે છે તથા
અપરિગ્રહના ગુણથી શબ્દના કાળ ઉપર દ્રષ્ટિ જાય છે.
જીવ પ્રત્યે પ્રેમ કેળવે વિષયો પ્રત્યેની આસક્તિ જાય છે.

ઈશ્વર ઉપર અનન્ય પ્રેમ તે ભક્તિ છે.

જેનાથી જીવનનો અદ્ભુત આનંદ મળે, તે પ્રેમ છે.

પ્રેમ એટલે રસાનંદ. તે સ્થાયી અને નિત્ય છે.

પ્રભુપ્રેમ એ અનિર્વચનીય દિવ્ય લાગણી છે.

પ્રભુપ્રેમ નિરાલંબ છે, સાંસારિક પ્રેમ વિષયાધીન છે.

નામસ્મરણ ગમે ત્યાં થાય અને તે જ પ્રભુપ્રેમ છે.

પ્રેમ અને ક્ષમાની ઊર્મિઓ વડે કરેલ
દુષ્કૃતગર્હા જ આપણા આત્માને સ્પર્શે છે.

દ્વેષ દ્વારા કરાયેલા અપરાધનો વાસ્તવિક પ્રતિકાર
સાચા પ્રેમ દ્વારા જ શક્ય છે અને
સૌમ્યતાનો પ્રાદુર્ભાવ પણ તો જ શક્ય છે.

સાચો પ્રેમ પ્રિય વસ્તુના ધ્યાનમાં એકાગ્રતા લાવે અને
તેને સાધવાના વિધિ-વિધાનમાં સાવધાન બનાવે છે.

ઉપાસના પરમ પ્રેમસ્વરૂપ છે.

જ્યાં પરમ પ્રેમ હોય, ત્યાં સ્વાર્થભાવના હોતી નથી.

પ્રેમનું વધવું, તેને જ 'ધ્યાન કરવું' કહે છે.

'દુઃખ અને આપત્તિમાં પણ ભગવાનનો પ્રેમ અમર છે'
એમ માનવું, એ જ આપણા પ્રેમની ખરી કસોટી છે.

ભગવાન પ્રત્યે પ્રેમ રાખવો, એટલું જ બસ નથી,
પરંતુ 'ભગવાનનો આપણા ઉપર પ્રેમ છે'
એવો વિશ્વાસ રાખવો, એ મહત્ત્વનું છે.

સ્વાર્થ એ કામનું લક્ષણ છે, કામ એ પ્રેમનો શત્રુ છે.
કામમાં પહેલો પોતે - પછી બીજા, એવી ગણતરી થાય છે.
અહિંસાનો એકમાત્ર પર્યાય પ્રેમ છે.

પ્રેમ એ વિધાયક બળ છે. 'તેન ત્યક્તેન ભુંજીથાઃ ।'
આ પદ્ધતિમાં સર્વની ગણતરી પ્રથમ રહે છે.
સ્વનું સ્થાન ગૌણ રહે છે. પોતાને ભોગે પણ
બીજાઓનો ઉત્કર્ષ, એ પ્રેમબંધનની પરાકાષ્ઠા રહે છે.

'અશુદ્ધ વિચારોથી આપણું મન મેલું થાય છે, કિન્તુ એ
મનને ધોવા માટે બહારનું પાણી કામ આવતું નથી.
આંખોમાંથી નીકળેલાં પ્રેમના આંસુઓ વડે જ
મન ધોવાય છે તથા સ્વચ્છ થાય છે.' - ડોંગરેજી

પ્રેમમાં ત્રણ પ્રકાર છે: (૧) પ્રેમ કરનાર ભક્તજન
(૨) પ્રેમનું પાત્ર ભગવાન (૩) પ્રેમનું સાધન અનુરાગ.

સત્ય, દયા અને પ્રેમમાં - પ્રેમ એ સર્વશ્રેષ્ઠ છે,
કેમકે તે બધાનું એટલે કે સત્ય અને દયાનું મૂળ છે.
ચૈતન્યને તેના વ્યક્ત સ્વરૂપમાં પ્રેમસ્વરૂપ કહ્યું છે,
કેમકે તે એકત્વકર છે. આ દિવ્ય પ્રેમ જગતની નિરાશા,
દુઃખ અને અશાંતિ તરફ સતત વહે છે અને
તેને ઓછા કરવામાં પોતે નિમિત્ત રૂપ બને છે.
ચૈતન્ય સ્વયં પ્રેમ છે, રસ છે અને તે અનંત છે.

દિવ્ય પ્રેમ લેવાનો નહિ, આપવાનો છે.

સાચો સાધક અનંત પ્રેમરસના વહનનું સાધન બને છે.
માળી જેટલું પ્રેમ અને કરુણાનું પોતાનું જળ બાગ
ઉપર સીંચે, તેટલું જ તે બાગનું જળ મેળવી શકે તથા
સુખી બને છે. જે બાગમાં રસ લેતો નથી અને પોતાનું
જ સંભાળવામાં માને છે, તે ખરેખર સુખી થઈ શકતો નથી,
કિન્તુ એક સુકાયેલા વૃક્ષ જેવો સાવ સુકો થઈ જાય છે.

શ્રદ્ધા, આશા અને પ્રેમ - ત્રિગુણ સાથે મળે,
તો કોઈપણ કાર્ય કરવું સહેલું છે.

પ્રેમ એ મનની સુંદરતા અને સદ્ભાવના છે.
ચિરંતન પ્રેમ ત્યાં જ ટકી શકે કે જ્યાં
માનવીય ગુણોને માનથી જોવામાં આવતાં હોય.
જે પોતાનું નથી, તેનાથી વિયોગ અનિવાર્ય છે.
પોતાની વસ્તુ સાથે પ્રેમ કરવો જોઈએ અને
પર વસ્તુનો ભાગ લેવો જોઈએ.
લૌકિકોની સાથે પ્રેમ અને ભોગોની સાથે અપ્રેમ - ત્યાગ
તે વૈરાગ્ય અથવા ધર્મનું ખરું લક્ષણ છે.
પ્રેમ ભાવનામાંથી અને નહિ વાસનામાંથી ઉત્પન્ન થાય.
ગમે તેવા પેગંબરો વગેરે પણ પ્રેમ વિના પશુતુલ્ય છે.
પ્રેમ સર્વને - જીવમાત્રના અસ્તિત્વને સદૈવ ટકાવે છે.
ત્રિકાળનું જ્ઞાન અને ત્રિભુવનને ટકાવે,
તેવા શ્રદ્ધા પણ પ્રેમ વિના તો નિરર્થક જ છે.
પ્રેમ હોય, તો જીવન સદા સફળ છે.

## પરમાત્મા એટલે પ્રેમ.

પ્રેમ દ્વારા જ પરમાત્માની પિછાન થઈ શકે છે.
નિષ્કલ પરમાત્મા સાથે સંસારના વિચ્છેદ માટે
જે સ્વકીય આત્માનું અનુસંધાન, તે 'યોગ' કહેવાય છે.
યોજન ત્રણ પ્રકારે થાય છે: પર, સૂક્ષ્મ અને સ્થૂલ.
પરમાત્મા સાથે તાદાત્મ્ય સાધવા ત્રણ પ્રકારો ઇષ્ટ છે.

## પ્રેમ કેવો હોવો જોઈએ?

પાણીના ટીપાં જેવો પ્રેમ હોવો જોઈએ.
ચોખાના દાણા અલગ-અલગ હોય છે, જ્યારે
પાણીનાં ટીપાં પરસ્પર મળી જાય છે, એ દૃષ્ટાંત સમજવું.

## શ્રેય અને પ્રેમ - એક મ્યાનમાં ન રહી શકે.

શ્રેયના માર્ગે જનારને પ્રેમ પામવા જીવનના
તમામ અણુ-પરમાણુંનો ભોગ આપવો પડે છે.
આધુનિક કલા - modern artની જેમ
અધ્યાત્મવાદના નૂતન વિચારો માનવીને
ગૂંચવનારા, છેતરનારા તથા પતનપંથે લઈ જનારાં છે.

અમદાવાદના સંદેશ છાપામાં સત્ય સાંઈબાબા એ લખે છે:

‘પરમાત્મ પદ પામવા માટે પ્રેમની જ મુખ્ય જરૂર છે.’

આમ પ્રેમ એ જ સાચું જીવન છે.

પ્રેમળ જીવન માટે માનવીને ઉપાસનાની જરૂર છે.

ઉપાસના અને અભેદ વિના પ્રેમધર્મ સંભવ ન શકે.

ઉપાસ્ય તત્ત્વ સત્ય, પ્રેમ અને ધર્મમય હોવો જોઈએ.

તે કેવળ બહાર નહીં પણ અંદર વ્યાપકપણે છે.

માનવી પોતાના અને પારકાના ભેદથી મુક્ત બને,

તો જ એને આત્માની અભિન્નતાનો અને

ઉપાસ્ય તત્ત્વની ચમત્કારિકતાનો સાચો અનુભવ થાય.

આનંદ અને પ્રેમ પર્યાયવાચક શબ્દો છે.

બીજાને પ્રેમ આપવાથી આનંદની ઉત્પત્તિ થાય છે,

સર્વને પ્રેમ આપવાથી પરમાનંદની અનુભૂતિ થાય છે

તથા સર્વ પ્રત્યે સમાન પ્રેમવાળા હોવાના કારણે

પ્રાંતે પરમર્ષિપદની પણ પ્રાપ્તિ થાય છે.

જિનની ભક્તિથી સૌ ચૈતન્ય ઈશ્વરનો પ્રેમ વધે છે.

પ્રેમ = આનંદાનુભૂતિ. મૂળ પ્રેમ આનંદાનુભૂતિનો છે.

અંતરમાં આનંદ રહે, તો આત્માનુભૂતિથી પ્રેમ ઉપજે.

જે પોતાના આત્યંતિક અસ્તિત્વથી અપરિચિત છે,

તે કદી પણ આનંદને પ્રાપ્ત કરી શકતો નથી.

સ્વરૂપમાં પ્રતિષ્ઠા તે જ આનંદ છે.

પોતાની જાતને જાણવી, તે નૈતિક-શુભ થવાનો માર્ગ છે.

પોતાને જાણતાં જ આનંદનું સંગીત બજવા લાગે છે

અને જ્ઞાનનો પ્રકાશ ફેલાઈ જાય છે, પછી જેનાં દર્શન

પોતાની અંદર થાય, તેનાં જ દર્શન સમસ્તમાં થવા લાગે.

પોતાને જ સર્વમાં પામીને પ્રેમનો જન્મ થાય છે.

પ્રેમથી મોટી કોઈ પવિત્રતા નથી અને પ્રાપ્તિ નથી.

જે એને મેળવી લે છે, તે જીવનને મેળવી લે છે.

સત્ય, પ્રેમ અને અહિંસા જૂદાં પડી શકતાં નથી,

તે ત્રણે પરસ્પર સંબંધિત છે.

આપણે પોતાના માટે પ્રેમ રાખીએ છીએ,

તેને વ્યાપ્ત કરી સર્વ પ્રત્યે લઈ જવો જોઈએ.

પ્રેમ એજ આનંદ અને સુખનો અપર પર્યાય છે.

બીજાના સુખ-દુઃખને માટે પોતે પરિશ્રમ કરે,

તો પોતે સદાકાળ દુઃખી જ છે.

જગતના સુખ-દુઃખને પોતાના માની તેને માટે પરિશ્રમ કરે,

તે સદાકાળ પ્રેમભક્તિના અમૃતના પાનથી સુખી જ થાય છે.

સુખ સુખમાં નથી પણ પ્રેમમાં છે.

પ્રેમને છોડીને જગતમાં સુખને શોધનાર સદા દુઃખી જ છે.

પ્રેમનો અભાવ એ જ દુઃખ - પ્રેમ એટલે આનંદભાવ.

પ્રેમ ઈશ્વર ઉપર થાય અને ઈશ્વરના પ્રિય ઉપર થાય.

ઈશ્વરને છોડીને જગત જેનાથી અધિક સકલ જીવ

પ્રત્યેના ઈશ્વર છે જ નહીં, તેથી જ ઈશ્વર ઉપર પ્રેમ અને

એ ઈશ્વરના પ્રિય એવા સકલ જંતુઓ પ્રત્યે પ્રેમ

એજ અમૃત, સુખ અને આનંદનો રૂપ છે.

પ્રભુ પ્રત્યેનો પ્રેમ જ સાચો અને સ્વાભાવિક પ્રેમ છે.

સર્વ જીવોને આત્મતુલ્ય જોવામાં નિઃસ્વાર્થવૃત્તિ આવે છે,

તેથી જ તેને 'પ્રેમ' શબ્દથી સંબોધી શકાય.

પ્રેમભાવ તે વીતરાગભાવનું જ વિધેયાત્મક રૂપ છે.

સાક્ષીભાવનો અભ્યાસ ઈશ્વર કૃપાથી
જે અદ્વૈતભાવ - સર્વાત્મભાવ પ્રગટે છે, તે સાચો છે.
તે અદ્વૈતભાવ - એકત્વભાવ પ્રેમભાવમાં પરિણમે છે.
અહિંસા, ક્ષમા, સંતોષાદિ પ્રેમભાવનું નિષેધાત્મક રૂપ છે.

જ્યાં પૂર્ણ પ્રેમભાવ પ્રગટે,
ત્યાં રાગ-દ્વેષ-મોહ આદિની સત્તા રહેતી નથી અને
ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ ધરાવનારા સ્વજનોના
મહિમાની એક ભાવને પ્રભુ પ્રેમવાળા બનાવી શકે છે.
ચિત્ત પરિગ્રહ ઉપર દોડે, ત્યારે જાણવું કે પ્રેમની કમી છે.

જેટલો પ્રેમ ઓછો, તેટલી પરિગ્રહની આકાંક્ષા વધુ.
પરિગ્રહનો સંકલ્પ પ્રેમ વિસારે છે, પ્રેમ પરિગ્રહત્યાગી છે.
ચિત્તને શાંતિ જોઈતી હોય, તો અંતરમાં ઊંડા જાઓ,
ત્યાં જ શાંતિની સાથે પ્રેમની પરિપૂર્ણતા અનુભવાશે.

Thought with the feelings is living.

પ્રેમ = એકતા, આત્મૌપમ્ય, સામ્ય, સમાપત્તિ, આનંત્યાદિ.

આમાં, જીવો અને અધ્યવસાયોના પાલનમાંથી
એકમાં પરમાત્મસમાપત્તિ, બીજામાં જીવસમાપત્તિ,
ત્રીજામાં આત્મસમાપત્તિ છે. ત્રણે પ્રકારની સમાપત્તિ
એક 'પ્રેમ' શબ્દ વડે જ અભિવ્યક્ત થઈ શકે છે.

આત્મપ્રેમ, પરમાત્મપ્રેમ, જીવરાશિ પ્રત્યે પ્રેમ-
એ ત્રણે ઐક્ય ભાવનાથી જ પ્રગટ થાય છે.

ધ્યાતા, ધ્યેય, ધ્યાન - ત્રણેની એકતા એ સમાપત્તિ છે.

આત્મપ્રેમમાં ધ્યાતા, ધ્યેય, ધ્યાન એક આત્મા જ બને છે,
પરમાત્મપ્રેમમાં પોતાના શુદ્ધાત્મ સાથેનું ઐક્ય સધાય,
જીવાત્મપ્રેમમાં સજાતીય જીવતત્ત્વ પ્રત્યે ઐક્ય સધાય.

પ્રેમતત્ત્વ જીવન સાથે ઓતપ્રોત છે.

જીવન અને પ્રેમ - એક અપેક્ષાએ પર્યાયરૂપ છે.
પ્રેમ કરવો, ઝીલવો, વિકસાવવો, વિસ્તારવો-
એ જીવનની જ પ્રક્રિયા છે. પ્રેમ દર્શાવ્યા વિના કે
બીજાનો પ્રેમ ઝીલ્યા વિના જીવન કંટાળાભર્યું છે.

પ્રેમ એ ક્રોધ રૂપી તાપને ટાળવા માટે શીતળ જળ છે અને પાપ રૂપી ઈન્ધનને બાળવા માટે પ્રચંડ અગ્નિ છે.

ધૂપપૂજા એ પ્રેમનું પ્રતીક છે, તે કરતાં વિચારવું કે:
તે વડે દ્વેષ અને ક્રોધ દૂર થઈ રહ્યાં છે.

દીપપૂજા એ જ્ઞાનનું પ્રતીક છે, તે કરતાં વિચારવું કે:
તે વડે અજ્ઞાન અને મોહ દૂર થઈ રહ્યાં છે.

નૈવેદ્યપૂજા પરોપકારનું પ્રતીક છે, તે કરતાં વિચારવું કે:
તે વડે લોભ અને સ્વાર્થ દૂર થઈ રહ્યાં છે.

જળપૂજા વડે ક્રોધ-દ્વેષ શમે છે. અક્ષતપૂજા વડે તથા ચંદનપૂજા વડે મોહ અને અજ્ઞાનની દુર્ગંધ દૂર થાય છે તથા ફૂલપૂજા દ્વારા મોહ અને અહંકાર ટળવા માંડે છે.
આ રીતે જળ, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ તથા અક્ષતાદિ પૂજાથી જીવની અંદર રહેલ ક્રોધાદિ કષાયો, મોહાદિ દુર્બુદ્ધિ અને લોભાદિ વૃત્તિઓ નાશ પામે છે.

ક્રોધ, લોભ અને મોહ - એ ત્રણ દોષને જીતવા માટે અનુક્રમે પ્રેમ, પરોપકાર અને જ્ઞાનની સાધના જરૂરી છે.

ક્રોધ અને ઘૃણા - એ પરમાત્માથી દૂર જવાનો અને

પ્રેમ એ પરમાત્માને પામવાનો માર્ગ છે.

અહિંસાના મૂળમાં પ્રેમ અને હિંસાના મૂળમાં ઘૃણા છે.

પ્રેમ એ સ્વર્ગ, જ્યારે હિંસા અને ઘૃણા નરક છે.

પ્રેમ જ પ્રાર્થના, પરમાત્મા, માર્ગ, દ્વાર, શક્તિ છે.

પ્રેમ એ પ્રભુઓની પ્યાસ અને અંતે પ્રભુની પ્રાપ્તિ છે.

પરમાત્માનું કોઈ મંદિર કે મૂર્તિ પણ પ્રેમ જ છે.

પ્રેમ માટે અહંકાર તથા મહત્ત્વાકાંક્ષા જવા જોઈએ.

પ્રેમ ભક્તિ આનંદ, અહિંસા અને આત્માનું ગાન.

પ્રેમ ભક્તિ પ્રાર્થના, સત્ય અને મુક્તિ.

બંધન છે, ત્યાં પ્રેમ નહિ પણ પ્રેમનો આભાસ છે.

સાચો પ્રેમ નિષ્કામ અને અલૌકિક છે.

જ્યાં અનુરાગનો આનંદ, ત્યાં પ્રેમ છે.

અહંકારના મૃત્યુમાં આત્માનું જનમ છે અને

પ્રેમથી અહંતાનો ઉચ્છેદ થાય છે, તેથી

પ્રેમ જ પરમ સત્ય પ્રતિ આત્મસમર્પણ કરી શકે છે.

'પ્રિય' શબ્દ ઉપરથી 'પ્રેમ' શબ્દ ફલિત થયો છે.

પ્રેમ સનાતન છે, અપ્રેમ એ જડતત્ત્વનું જ નામાંતર છે.
પ્રેમતત્ત્વ વિકસાવવામાં સ્વાર્થ, ક્રોધાદિ આડે આવે છે.
ક્રોધ અને લોભની ઉત્પત્તિ પણ
અપેક્ષાએ કોઈ વસ્તુના પ્રેમમાંથી જ થયેલી હોય છે.
વિરોધી વૃત્તિઓમાં પણ પ્રેમનો અંશ પડેલો હોય છે.
એક વસ્તુ પ્રત્યે પ્રેમ થયો,
તેને વધારે પડતી ત્વરાથી સિદ્ધ કરવાની ઉતાવળમાં
આડે આવતાં તત્ત્વ પ્રત્યે ક્રોધ થઈ આવે છે.
આવે વખતે ધીરજ અને સમજણ કેળવવામાં આવે,
તો પ્રેમનો આવેગ ક્રોધ અથવા આવેશનું રૂપ ન લેતાં
પ્રેમ અથવા સમત્વરૂપમાં પલટાઈ જાય છે.
પ્રેમતત્ત્વ એ સત્ય, શિવ, સુંદર છે.
ક્રોધ - લોભ જેવી વૃત્તિઓની સખત ભરતીમાંથી
ક્ષેમંકર રીતે પસાર થવામાં જ પ્રેમનું પ્રેમત્વ છે.
આકરી ભરતીમાંથી જ પ્રેમતત્ત્વનો વિસ્તાર થાય છે.

ક્રોધ એક પ્રકારનું નાનું મૃત્યુ જ છે.

પ્રેમ, કરુણા બાદ તાજગી આપે તથા શક્તિ વધે છે,
જ્યારે ક્રોધ કર્યા બાદ આપણે થાકી જઈએ છીએ.

પ્રેમ અને કરુણામય શરીરના વિરાટ ઊર્જાપુંજોમાંથી
ઊર્જાગુચ્છકો નીકળી આપણામાં પ્રવેશ કરવા લાગે છે.
સંકલ્પોથી આપણી ઊર્જાનું બળ મોટું થાય છે.

પ્રેમનું કોડિયું, દયાનું દીવેલ અને ધ્યાનની દીવેટના
દીવામાં પરમાત્મતત્ત્વનો અગ્નિ પ્રકટાવ
કામ - ક્રોધ - લોભના અંધકારને દૂર કરવો.

ક્રોધને પચાવવાથી જીવનનું તે Tonic બની જાય છે.

પ્રેમ પ્રભુના નામનો, દયા પ્રાણીમાત્રની અને
લગન ભગવાનના ધ્યાનની જોઈએ.

આ દીવાની નિષ્કલંક જ્યોત પ્રગટવાથી દિલનું અંધારું
દૂર થઈ જાય છે અને સચ્ચાઈનો પ્રકાશ પ્રગટે છે.

પ્રેમ સર્વને જીતે છે, કેમકે તે સર્વને પ્રિય છે.

નિઃસ્વાર્થ કર્મ તો ઈશ્વરને પણ દેવાદાર બનાવે છે.

## ક્રોધ પ્રેમથી જ જીતાય છે.

ક્રોધ અને પ્રેમને આપસમાં વિરોધ છે.

ક્રોધમાં વીર્ય ફોરવવું, એ દાનવી શક્તિ છે અને ક્ષમામાં વીર્ય ફોરવવું, એ દૈવી શક્તિ છે.

(૧) મહાવીર ભગવાનનો ચંડકૌશિક સર્પ પ્રત્યેનો પ્રેમ અને અધમ એવા સંગમાસુર પ્રત્યેનો પ્રેમ અનુક્રમે ડંસસહન વડે અને અશ્રુપાત વડે દેખાઈ આવે છે.

(૨) શાંતિનાથ ભગવાનનો પારેવા ઉપરનો પ્રેમ પોતાનું માંસ આપવા દ્વારા દેખાઈ આવે છે.

(૩) પાર્શ્વનાથ ભગવાનનો દુષ્ટ કમઠ પ્રત્યેનો પ્રેમ.

(૪) નેમનાથ ભગવાનનો રોતાં પશુઓ ઉપરનો પ્રેમ.

(૫) મુનિસુવ્રત સ્વામીનો અશ્વ ઉપરનો પ્રેમ.

(૬) સુદર્શન શેઠનો અભયા રાણી ઉપરનો પ્રેમ.

(૭) મેતાર્ય મુનિનો ક્રૌંચ પક્ષી ઉપરનો પ્રેમ.

(૮) તીર્થંકરોનો પોતાના સમોવસરણમાં એકત્ર થયેલ પ્રાણીમાત્ર ઉપરનો પ્રેમ તો અવર્ણનીય હોય છે.

## પ્રેમ પ્રેમને પોષે છે, માટે...

જેમણે સર્વ જીવો પ્રત્યે પ્રેમ કર્યો - દાખવ્યો છે,
તેમને ધ્યેય બનાવી તેમના દયાળુ જીવનનો વિચાર કરી,
તેથી તે મહાન શક્તિ સાથે આંતરસંબંધ બંધાશે અને
સર્વ જીવો પ્રત્યે પ્રેમભાવ જાગશે.

જે તાર દ્વારા વિજળીનો પ્રવાહ ચાલી રહ્યો હોય, તેની
બીજે તાર મૂકશો, તો તેમાં પણ પ્રવાહ ચાલુ થઈ જશે.
જેમણે પોતાના જીવનમાં પ્રેમનો પ્રવાહ વહેવડાવ્યો છે,
તેમનામાં પ્રેમ રાખવાથી હૃદયમાં પ્રેમ પ્રગટવા માંડશે.

પ્રેમનો એક શબ્દ બોલી ક્રોધીને સાંભળાવવાથી
ક્રોધાવિષ્ટનું મુખ અને મન તે પ્રેમનો સ્વાદ ચાખવામાં,
તેનું સ્મરણ કરવામાં, તેનો આધ્યાત્મિક આસ્વાદ લેવામાં
લીન થવાથી ક્રોધાવેશની લાગણી આપોઆપ શાંત થઈ જશે.

પ્રેમ એક એવો ભાવ છે કે જેમાં
પોતે પોતાપણું વિસરી જઈ, જે પોતાનું ઇષ્ટ હોય,
તે રૂપ જ બની જાય છે, તે ભાવનું નામ 'પ્રેમ' છે.

પ્રેમની નિષેધબાજુ = અહિંસા, ભાવાત્મક બાજુ = દયા.

મહાન પુરુષોનાં જીવનમાં રહેલા બધા સદ્‌ગુણો એ
પ્રેમરૂપી બીજનાં જ અંકુર, પલ્લવ અને પુષ્પો છે.

પ્રેમ મૂળ બીજ છે, ભક્તિ તેનો અંકુર છે,
શ્રદ્ધા એ ખાતર છે, સત્સંગ એ વરસાદ છે,
શરણાગતિ એ ફૂલ અને પ્રભુમાં તદ્રૂપ થવું, તે ફળ છે.

પ્રેમના સંકલ્પને કારણે સૌનું મન પવિત્ર બને છે.
પ્રેમભર્યા મિલનમાં સ્વર્ગીય સુખની અનુભૂતિ થાય છે.
પ્રેમ અને દયા સ્વર્ગ તરફ લઈ જાય છે, જ્યારે
કરુણા પૃથ્વી ઉપર આવે છે. પ્રેમ, કરુણા, સત્ય તથા
સૌંદર્યનો ઉપહાસ કરનાર સ્વાર્થપરાયણ બનીને
ઘોર દુઃખો અને સંતાપલાગણીઓથી પીડા ભોગવે છે.

આપણી સંકુચિત આત્મીયતામાંથી જે મોહ પેદા થાય,
તે જ વિયોગ વખતે શોકનું કારણ થાય છે.
વ્યાપક આત્મીયતામાં પ્રેમનો સંભવ નહિ, કેમકે
વ્યાપક આત્મીયતા દરેકને બાજુએ રાખે છે.

વસ્તુ પામવાના બે માર્ગ છે: પ્રહાર અને પ્રેમ.
પ્રહારનો પ્રત્યાઘાત પ્રહાર છે, પ્રેમનો પ્રત્યાઘાત પ્રેમ છે.
અનંત બ્રહ્માંડમાં સૂક્ષ્મ-મહત્-વિશાળ ચૈતન્ય વ્યાપ્ત છે,
એ મનુષ્યના અંતરમાં પણ રહેલ છે.
આવો આત્મવિશ્વાસ ઉદ્ગીથનું ગાન કરાવે છે.
ઉદ્ગીથ દ્વારા અનંતનું બ્રહ્મગાન સાંભળવાની તથા એની
સાથે સુર મિલાવવાની શક્તિ આપણને પ્રેમ આપે છે.
પ્રેમ એટલે મૈત્રી: તે અધમાત્માને મહાત્મા બનાવે છે.
મૈત્રી હોય, ત્યાં પ્રમોદાદિ ભાવો હોય.
પ્રેમ એટલે ક્ષમા: તે મેઘકુમારને દેવકુમાર બનાવે છે.
ક્ષમા હોય, ત્યાં સાધુતાની સૌરભ હોય.
પ્રેમ એટલે સત્કાર: તે સર્પને ધરણેન્દ્ર પદ અપાવે છે.
સત્કાર હોય, ત્યાં અભેદપણાનું રાજ લાધે.
પ્રેમ એટલે સહાનુભૂતિ: તે પ્રેમ સિવાય અન્ય શું છે?
સહાનુભૂતિ હોય, ત્યાં સંસારદાવાનળનું દર્શન ન થાય.
ધર્મનું આચરણ લાગણીથી થાય છે, લાગણી પ્રેમરૂપ છે.

બાળકોને પ્રેમ આપો, દરેક બાબતે સિદ્ધાંતો નહીં.

એ મોટામાં મોટી વાસ્તવિકતા છે કે...

માણસ ન તો માત્ર કુસ્તીથી જીવે છે, ન રોટલાથી,
તેને પ્રેમના શિક્ષણની અને પોષણની ઘણી જ જરૂર છે.

માનવીની મોટામાં મોટી સંપત્તિ કઈ?

વિચાર કરવા માટેનું મન તથા પ્રેમ કરવા માટેનું હૃદય.

એ બંને માનવીની મોટામાં મોટી સંપત્તિ છે.

પ્રેમ જ આપણને એકલવાયાપણાંમાંથી મુક્ત કરે છે.
પ્રેમભીનો આત્મા એક આનંદનું ઉદ્ગમ સ્થાન છે.
જ્યાં પ્રેમ છે, ત્યાં ત્યાગ છે, મૌન છે, અહિંસા છે,
તપ છે, સંયમ છે, ઉદારતા છે, સહૃદયતા છે, સમભાવ છે.
જ્યાં બરોબરી, ત્યાં પ્રેમ અને જ્યાં પ્રેમ, ત્યાં
બરોબરી આવે જ. જેના ઉપર આપણને પ્રેમ હોય,
તે નારાજ ન થાય, તેને સહેજ દુ:ખ ન થાય,
એવી આપણી વૃત્તિ હોય છે જ. મનની શાંતિ
એટલે બેફીકરાઈ, બેપરવાઈ નહીં પણ પ્રેમનો ઉભરો.

## દક્ષિણ ભારત-મદુરાઈના સુપ્રસિદ્ધ મિનાક્ષી મંદિરનું રહસ્ય

મીનાક્ષી અને મહાદેવનું મિલન એ
અસીમ પ્રેમ અને અનંત જ્ઞાનનું મિલન છે,
બંનેના સમન્વય, સંવાદિતા અને સંગમનું પ્રતીક છે.
અત્ર જ્યાં પ્રકૃતિરૂપે હોય, ત્યાં બાજુ પુરુષ
પ્રકૃતિ સ્વરૂપે હોવું જોઈએ અને તેથી પ્રકૃતિ પુરુષ
એટલે અનંત જ્ઞાન અને અસીમ પ્રેમનું નિધાન.
જ્ઞાન વિનાનો પ્રેમ અંધ છે, પ્રેમ વિનાનું જ્ઞાન પંગુ છે,
તેથી જ્ઞાનના અનંત આવૃત પ્રદેશોને અનાવૃત કરવા
અને પ્રેમને સર્વ ભૂતમાત્ર સુધી વિસ્તારવો, એ
માનવ જીવનનું સદાકાળ પરમ લક્ષ્ય બની રહ્યું છે.
મીનાક્ષી ત્રિસ્તની અને પાર્વતીનો અવતાર હતાં તથા
મહાદેવ ત્રિલોચન કે ત્રીજું જ્ઞાનરૂપ લોચન ધરાવતા હતાં.
પાર્વતી અર્ધાંગિની બનીને જ્ઞાન અને પ્રેમનું
સંગમ સૂચવનારાં પ્રતીક રૂપે વર્ણવાય છે.
પૌરાણિક કથાઓમાં આવા ગૂઢ રહસ્યો ગૂંથાયેલા છે.

ઈશ ઉપરનો પ્રેમ અનંત છે, ઉપરાંત

તે અશબ્દ, અરસ, અસ્પર્શ, અરૂપ, અવ્યય, નિત્ય છે.

આ પ્રેમમાં ચર્ચા નહિ, શબ્દ નહિ, તે તો સ્વયંભૂ છે.

પ્રેમને વિચાર અથવા સ્પર્શ નહિ.

પ્રેમ નવની સંખ્યાના પાડા જેવો અખંડ છે,

તે કાંઈ આઠના પાડા જેવો અનિત્ય નહિ.

પ્રભુનો પ્રેમ સદા ક્રિયાવાન છે,

તે આત્મક્રીડ અહર્નિશ આત્મમસ્તીથી ભરેલો છે.

અહંકારનું પ્રભુમાં સમર્પણ તે પ્રેમનું પ્રથમ કાર્ય છે.

નિઃસ્વાર્થ સેવાકે તે પ્રેમ વિશિષ્ટ ગણાય છે.

ભાવપૂર્વકનો વિચાર તે સ્તવ છે.

o

Hatred destroys and its opposite,

love quickly heals.

Love always heals anything.

God is love and love is God.

**જૈઓનું સર્વેસર્વા છે તેના ત્રિરતન પ્રભુની**
**વિશ્વાસપૂર્ણતામાં પૂરેપૂરી શ્રદ્ધા.**

સાધકે સંનિષ્ઠ થવું પરમ આવશ્યક છે.

આપણે એ ભૂલી જઈએ છીએ કે
આપણી અંદર જ એક ચિકિત્સક બેઠેલો છે.

જીવનનાં સઘળા દર્દો માટે દવા છે: દયા - પ્રેમ - દુવાની
તથા દુઃખ અને વેદના પ્રત્યે પ્રેમના આર્ત પોકારની.
ઔષધિના નિષ્ણાત અને વિક્રેતા પાસેથી આપણે
ઘાવો-જખ્મો માટે મલમ લેવા જઈએ છીએ, તે વ્યર્થ છે.
ખરો મલમ છે પ્રેમના પુકારનો.

જેણે કદી પ્રેમ કર્યો નથી, એ કદી ખરેખર જીવ્યાં નથી.
સાચો ધર્મ સર્વની સાથે પ્રેમાનુરાગ કેળવવા કહે છે.
પ્રેમ = અનુરક્તિ = ધર્માનુરાગ = સમર્પણ = આત્મવિસર્જન.

**પ્રેમ એ જ પરમાત્મા છે, પ્રેમ એ જ આત્મા છે.**

શરીર અને મનથી પારના પ્રદેશમાંથી જે આવે છે,
તે વિશુદ્ધ પ્રેમનું છે, પ્રેમ એક અપાર્થિવ ઘટના છે.

## વસ્ત્રસંસ્કાર કરતાં પ્રેમસંસ્કાર શ્રેષ્ઠ.

પ્રેમનો સિદ્ધાંત એ કોઈપણ ધર્મનું સ્વરૂપ છે.
તેનો સાત્વિક, નિઃસ્વાર્થ, મૈત્ર્યાદિ લક્ષણો કહી શકાય.
પરમાત્માનો પ્રેમ નિઃસ્વાર્થ અને સાત્વિક છે,
તેવો જ પ્રેમ પાડોશી (સર્વ) પ્રત્યે રાખવાનો કહેલ છે.
જેમ ભક્તિ અને મૈત્રી પરસ્પર સંબદ્ધ છે,
તેમ પ્રભુ ઈશ્વરનો પ્રેમ તથા પડોશી પ્રત્યેનો પ્રેમ છે.
પ્રેમ કે સ્નેહ એટલે...
જીવનના વિશાળ અને અનંત મહાસાગરમાં તરવું.

જીવનમાં આવશ્યક અતિ ત્રણ વસ્તુઓ
શુદ્ધ જ્ઞાન, શુદ્ધ પ્રેમ અને શુદ્ધ કર્મ.
શુદ્ધ જ્ઞાન આપણા અમૃતત્વનું ભાન કરાવે,
શુદ્ધ પ્રેમ કશા પણ લોભલાભ વિના સર્વ પ્રતિ વહે
અને શુદ્ધ કર્મ તે વિશ્વસેવા અર્થાત્
વિશ્વના દીન, દુઃખી, દરિદ્રોની લોભલાભ વિના સેવા છે.
સેવારૂપ બનવું, તે પ્રેમની પરિપૂર્તિ છે.

# શ્રી કૃષ્ણ ચરિત પ્રેમાવતાર.

શાંતભક્તિ - ઇષ્ટ સ્વરૂપે જોવું અને મૂર્તિને પૂજવા.

દાસ્યભક્તિ - હનુમાનજીની સેવા અને આનંદ.

સખ્યભક્તિ - મિત્રતા, સમકક્ષતા, વ્યવહારમાં સમાનતા.

વાત્સલ્યભક્તિ - જન્માભિષેકાદિ બાલ્ય ચેષ્ટા.

મધુરભક્તિ - મધુર અને અનુપમ સ્નેહભર્યો સંબંધ,
રાધા - કૃષ્ણની જેમ દ્વૈતમાં અદ્વૈત.

ગોપીભક્તિ - સખી ભક્તિ - સર્વોત્તમ ભક્તિ.

લાંબા વિરહ પછી ગોપીઓના પ્રયાસથી
રાધા-કૃષ્ણનું મિલન થયું, ત્યારે ગોપીઓ એ મિલનમાંથી
ઉદ્ભવતાં પરમ સુખને માણતી હતી.
તેઓના સૌંદર્યમય પુનર્મિલનને દિવ્ય પ્રેક્ષક તરીકે
જોવા છતાં આનંદ પ્રસન્નતા અનુભવતી હતી.

નરનારીનો પ્રેમ શૃંગારરૂપે, મિત્ર પ્રત્યેનો પ્રેમ સખ્યરૂપે,
સંતાન અથવા તુલ્ય વ્યક્તિ પ્રત્યેનો પ્રેમ વાત્સલ્યરૂપે
તથા ઇષ્ટ પ્રત્યેનો પ્રેમ ભક્તિરૂપે પ્રગટ થાય છે.

રાસલીલા = જીવ અને શિવના સંપૂર્ણ રસમિલનની કથા.

'આત્મા તુ રાધિકા તસ્ય તયૈવ રમણાદસૌ ।
આત્મારામ ઇતિ પ્રોક્તઃ, મુનિભિર્ગૂઢવેદિભિઃ ॥ ૧ ॥'

રાધાની ભીતર કૃષ્ણ અને કૃષ્ણની ભીતર રાધા,
નરમાં નારી અને નારીમાં નર સમાઈ જાય છે.

દ્વૈત વગર પ્રેમ જન્મતો નથી અને દ્વૈતમાંથી અદ્વૈતમાં
જવું - અદ્વૈત તરફ પ્રયાણ કરવું, એ પ્રેમની સાધના છે.

એ પ્રેમમાં આત્માનું પરમ આત્મા સાથે,
પ્રિયનું પ્રિયતમ સાથે મિલન થાય છે.

સખ્ય, વાત્સલ્ય, ભક્તિ વગેરેનો સ્રોત ભલે પ્રેમ છે,
આલંબનના ભેદથી તે વિભિન્ન રૂપોને ધારણ કરે છે.

પ્રેમથી પરમાત્મા વશ થાય છે.

આપણા પ્રેમનો આદર્શ ભગવાન સાથે
પ્રેમની ભાવના ઓછા સંકોચાવાનો નહિ, કિન્તુ
ભગવાનના ભાવનો આવિર્ભાવ કરાવવા માટે છે.

પ્રેમ આંખોથી નહીં પણ હૃદયથી જુએ છે.

પ્રેમને કદરૂપતા, અપવિત્રતા કે ન્યૂનતા પોષાતી નથી.
વાસ્તવિકતામાંની ન્યૂનતાને તે ભાવનાથી ભરી દે છે.
માને પોતાનો છોકરો મદન કરતાં પણ સુંદર દેખાય છે.
છોકરાને પોતાની મા દેવાંગના કરતાં પણ સુરેખ લાગે છે.

આ જગતમાં પ્રેમને લીધે જ મહાપુરુષો
સામાન્ય વ્યક્તિઓમાં ન હોય, તેવા ગુણોનું આરોપણ કરી
પોતાના અસમાધાનને નિવારે છે.

બુદ્ધિના મૂળમાં 'અહં' છે, પ્રજ્ઞાના મૂળમાં પ્રેમ છે.
બુદ્ધિ = જાણવું, બહિરિન્દ્રિયો વડે તથા બહિરાત્મભાવે.
પ્રજ્ઞા = ઓળખવું, આંતરિન્દ્રિયો વડે - અંતરાત્મભાવે.
અંતર્દર્શનનો એક જ માર્ગ પ્રેમનો છે - કરુણા અને
વાત્સલ્યનો છે. જીવરાશિ સાથે પ્રેમ અને કરુણામાંથી
જે પ્રકાશ લાધે છે, તે જ શાંતિ - સમૃદ્ધિ લાવી શકે.

°

God is love and he that dwelleth in
love, dwelleth in God & God in him.

પ્રેમ એ રાગ નથી. રાગ અને દ્વેષની તો જોડી છે.

રાગ પ્રેમનો આભાસ છે, તે દ્વેષથી વિપરીત વસ્તુ છે.

રાગ કોઈ પણ સમયે દ્વેષમાં પરિવર્તિત થઈ શકે છે.

પ્રેમ એ તો દ્વેષ અને રાગથી જુદી જ વસ્તુ છે.

પ્રેમ એ ઉપેક્ષા પણ નથી. ઉપેક્ષામાત્ર આભાસ છે.

પ્રેમ એક અત્યંત આત્મિક શક્તિનો સદ્ભાવ પણ છે.

તે શક્તિ પોતાનામાંથી સહુના પ્રત્યે વહે છે, બહારથી

આકર્ષિત થઈને નહીં, પરંતુ પોતાનામાંથી સ્ફુરિત થઈને.

સંબંધ હોય, તો પ્રેમ એ રાગ છે અને

અસંબંધ હોય, તો પ્રેમ એ અહિંસા છે.

અસંબંધ, અસંગ, સ્વયંસ્ફુર્ત - એક જ અર્થમાં છે.

'અહિંસા' એ વીતરાગ માટેનો પ્રેમ છે.

પ્રેમ કદી નિષ્ફળ જતો નથી. પ્રેમ જેવો બદલો વાળી

આપનાર આ જગતમાં કોઈ અન્ય ઉત્તમ સદ્ગુણ નથી.

સાચા પ્રેમની એક ચીનગારી જ બસ છે.

તે આખા ય વિશ્વને પ્રેમમય બનાવવાને સમર્થ હશે.

## વિરતિ અને વિરાગમાં શું ફેર ?

વિરતિ = વિશિષ્ટ કોટિની રતિ અને પ્રેમનો સંબંધ.
આ પ્રેમ અને વિરાગ - એ બન્ને ભાવ વિરોધી નથી,
વ્યક્તિગત સ્વાર્થભાવથી ભરેલા પ્રેમનું
sublimation વિરાગ ભાવમાં છે.

વિરાગ એ વિશિષ્ટ પ્રકારનો પ્રેમભાવ છે અને
વિરતિ એ પ્રેમભાવમાંથી પ્રકટ થતો શુભ આચાર છે.

વિરાગ કે વિરતિમાં પ્રેમનો અભાવ નથી પરંતુ પૂર્ણ
પ્રેમનો આવિર્ભાવ છે, પ્રેમનો પૂર્ણ ભાવ છે. વિરાગ
અથવા વિરતિમાં જેના ઉપર પ્રેમ છે, તેમનો સ્વાર્થ
ગણી તિરસ્કાર કરવાનો નથી, પરન્તુ તેમના પ્રત્યેથી
પોતાના સ્વાર્થનો ત્યાગ કરવાનો છે. સ્વાર્થનો ત્યાગ
કરવાથી તેમને દુઃખ આપતાં અટકીને સાચું સુખ
આપવાને માટે સર્વ શક્તિ દ્વારા પ્રયત્ન કરવાનો છે.
વિશિષ્ટ પ્રેમમાં વિવેક છે, તેથી ભેદનો અભાવ છે.
સ્વાર્થી પ્રેમમાં મોહ છે, પરાર્થભર્યા પ્રેમમાં વિવેક છે.

વિરાગ સંસારની લૂખને લાગે.

પદાર્થોનો રાગ છોડવા પ્રભુમાં પ્રેમ જોડવો પડશે.

પદાર્થો પ્રત્યેનો રાગસંબંધ અનાદિકાળનો છે, માટે જ
તેની આસક્તિ હટાવવાને પુષ્કળ સાધનાની જરૂર છે.
આત્મપ્રેમના પરિણામે વિષયો પ્રત્યેની ઉપેક્ષાબુદ્ધિ જન્મે.

પ્રેમ હંમેશાં અવિરોધ, વિરોધશામક,
સમન્વયનો સાધક તથા સમન્વય પ્રધાન હોય છે.

જગતની બુરાઈ ધોવા પ્રેમની ગંગા નિરંતર વહી રહી છે.

સ્વ પૂરતો જ પ્રેમ, તે બાળને પ્રેમથી વંચિત રાખે છે.
પ્રાણીમાત્રને આત્મપ્રેમે ચાહવાની મહાકળા તે અહિંસા છે.
એ આત્મદર્શને જન્મતો પ્રેમ, એ પ્રેમમાંથી પ્રકટતી અને
પ્રેમને પોષતી તથા વિશુદ્ધ કરતી જીવનસરણિની આદર્શ
સ્થિતિ મુક્તિની અવસ્થામાં જ પૂર્ણપણે સંભવે છે.
તેથી જ મોક્ષ એ માનવજીવનનો સર્વશ્રેષ્ઠ પુરુષાર્થ છે.

'ગંભીર' એટલે ઊંડા. 'ઊંડા' એટલે પ્રેમથી ભરેલાં.
પ્રેમના વિચારો વર્ષો નહીં પણ ભવો સુધી ચાલુ હોય છે.

પ્રેમ = જુઓ સાથે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ્ય.

આ ચાર ભાવના સાથે પાંચમી વિનોદવૃત્તિ વધશે,

તેમ તમારામાં પરિવર્તન થવા માંડશે,

ભય મટશે, પ્રેમ વધશે, જીવન સ્વાભાવિક બનશે.

પ્રેમ, આદર, વિશ્વાસ - સ્નેહ અને ઈશ્વરનો અનુરાગ.

પ્રેમ એટલે મૈત્રી, આદર એટલે પ્રમોદ, કરુણા એટલે વિશ્વાસ અને સ્નેહ, પ્રભુશ્રદ્ધા એટલે માધ્યસ્થભાવ.

આત્માની ભૂખ શેનાથી ભાંગે ?

યંત્રોના ઉત્પાદનની દક્ષતા અસીમ હોવા છતાં પણ

પ્રેમરહિત માનવસંસ્કૃતિ

મરુભૂમિની તપતી રેતીની માફક ભઠ્ઠી છે.

જેવી રીતે આહારથી ભૂખ ભાંગે છે, તેવી રીતે

માનવપ્રેમની ભૂખ ઈશ્વરીય પ્રેમથી જ સંતોષાય છે.

ઈશ્વરપ્રેમ એક જ રેખાના બે પ્રાંત અથવા છેડા છે.

ભક્તિ અને પ્રેમની વૃદ્ધિ એ જ

આત્માની ભૂખ ભાંગવાનો અનન્ય ઉપાય છે.

૧૪ રાજલોકમાં જીવાત્મા જીવરૂપે એક જ છે.

જીવમાત્ર પ્રત્યે આદર અને પ્રેમનો આધાર જીવમાત્રની
કથંચિત્ એકતાના પાયાના સિદ્ધાંત ઉપર અવલંબે છે.
લોટાનું પાણી અને નદીનું પાણી - પાણીરૂપે એક જ છે,
તેમ પ્રાણીમાત્રમાં જીવાત્મા જીવરૂપે એક જ છે.

નિઃસ્વાર્થ પ્રેમ એ ધર્મનો પાયો છે.

સહન કર્યા વિના સાચો પ્રેમ સાબિત થાય નહીં.
તે શક્તિ જીવો ઉપરના નિઃસ્વાર્થ પ્રેમમાંથી પ્રગટે છે.
પ્રાણીમાત્રના પ્રેમથી મૈત્રી અને કરુણા સક્રિય બને છે
અને આત્માને ઉન્નત કરનાર
અભયદાન અને અહિંસા જીવનસ્પર્શી બને છે.
સર્વ ગુણોમાં કેન્દ્રવર્તી સ્થાન પ્રેમનું છે.
તે વડે અન્ય ગુણો આપોઆપ આકર્ષાઈ આવે છે.
પ્રભુની દિવ્ય સંપત્તિ રૂપ જ્ઞાન, પ્રેમ, શાંતિ, આનંદને
પ્રાપ્ત કરવા માટે પ્રથમ શરત એ છે કે સાધક સાદું,
સરલ, પવિત્ર જીવન ગાળવા સાચો સંકલ્પ કરવો.

# પ્રેમસંહિતાનો આવિર્ભાવ

પ્રેમનો અભાવ એ બધા રોગોનું મૂળ અને
સર્વ રોગોમાં મહારોગ છે. પ્રેમ બધાની સાથે જોડે છે.
પ્રેમનો અભાવ મૂળ સત્તાથી દૂર ફેંકી દે છે.
સર્વથી મહત્ત્વના શબ્દ આત્મા ને પરમાત્મા છે, તે પ્રેમના
જ કારણે છે. પ્રેમનો અભાવ એ સૌથી મોટી દરિદ્રતા છે.
તે દીન, હીન અને રૌરવ નારકી છે.
પ્રેમ સ્વર્ગનું અમૃત - સત્ય છે, અપ્રેમ એ અસત્ય છે.

વિશ્વ પ્રતિ પ્રેમ કેળવવો = સહિષ્ણુતાવૃત્તિનું પરમ કારણ.

વિશ્વસત્તાથી પૃથક્ સત્તા કોઈની પણ છે નહીં,
છતાં તેમ માનવું, તે જ મહાન અસત્ય છે.
બધી સત્તાનું આદિ અસ્તિત્વ એક જ છે.
બધા પ્રાણીનો આદિ સ્રોત તે પ્રેમના કેન્દ્રમાં જ રહેલો છે.
'હું સર્વ સત્તાથી પૃથક્ કે ભિન્ન નહિ પણ હું તેમાં છું
અને તે મારામાં છે' એવા બોધનું પરિણામ પ્રેમ છે
તથા એવું જીવન તે ધાર્મિક જીવન છે.

પ્રેમ એ જ મનના વિજયનો મંત્ર છે.

મનને આત્મપ્રેમમાં તન્મય કરો, કેમકે...

તમારું ચપળ મન ઉત્તમ વસ્તુની શોધમાં છે,
તેને અસલી પ્રેમ ઉપર પ્યાર છે. અસલી પ્રેમ એટલે
પૂર્ણ સમતા, પરમાત્માની સાથે એકીકરણ - અભેદભાવ.
પ્રેમ એ સમતાનું સ્વરૂપ - સમતા એ પ્રેમનું સ્વરૂપ છે.
મનને ચિતિમય સમજ પ્રેમમય બનાવવાથી જીતી શકાય.
પ્રેમ ઉત્સાહને વધારે છે, બુદ્ધિ નિરુત્સાહ બનાવે છે.

જગતમાં આત્મા સર્વમય - સર્વવ્યાપક છે,
તેના ઉપર અવિચ્છિન્ન પ્રેમ કરવો જોઈએ.

પ્રેમમાં પરમાનંદ, શાન્તાનંદ અને યોગાનંદ રહેલા છે.

સર્વ સાથે અભેદ ભાવે પ્રેમ કરો,
એટલે મન આપોઆપ વિશ્રાંતિ અનુભવશે.

પ્રેમમાં અભેદભાવ છે, સમાનભાવ છે, અખંડભાવ છે
અથવા એમ કહો કે
અભેદભાવ, સમાનભાવ, અખંડભાવમાં પ્રેમ છે.

પ્રેમથી કશી મોટી શક્તિ કે ઉપલબ્ધિ છે નહીં.

પ્રેમના પ્રદેશમાં લાખ લાગે - વિરલમાં પ્રવેશ કરે છે.

ઈશ્વરારાધના જીવનું રસાયણ છે.

પ્રેમપાત્રના સુખે સુખી થવું, એ પ્રેમની મુખ્ય ચાવી છે.

પ્રેમ આત્મલાભની આધારશિલા છે.

પ્રેમમાં કરોડો અણુબોમ્બની શક્તિ છે.

પ્રેમ વગર શસ્ત્રે દિગ્વિજય થઈ શકે છે.

પ્રેમ વજ્ર સમા ધાતુને પણ પળમાં પીગળાવે છે.

નિઃસ્વાર્થ ભાવે સેવા = પ્રેમની ખાતર પ્રેમથી સેવા.

શ્રુતિ આદિ પ્રત્યક્ષ અગાત્રનાં નહિ, પ્રેમ અગાત્રનો છે.

ઈશ્વર આ સ્વરૂપે છે, તેથી પ્રેમને પાત્ર છે.

માહાત્મ્યનું જ્ઞાન પ્રેમને તીવ્ર કરે છે.

પ્રેમસુખમાં સ્વાર્થની બાધા નહિ, તેથી અવ્યાબાધ છે.

o

*Love is rule for fulfilling all rules.*
*It is the one secret for religious life.*

# પ્રેમની પરિભાષાનું સાચું સ્વરૂપ

પ્રેમ પરમાત્માનું સ્વરૂપ છે. તે અમર - અમૃતરૂપ છે.
તેને પરમાનંદ - સચ્ચિદાનંદ કહે છે, તે બ્રહ્મરૂપથી રહે છે.
તે રસને રસમય બનાવે છે, વિષયોને રસમય કરે છે,
રૂપને મધુર અને શબ્દને મધુરાતિમધુર બનાવે છે.
પ્રેમ શુદ્ધ, નિષ્કામ, સંબંધરહિત હોવો જોઈએ. પ્રેમમાં
ઈચ્છા હોય, તો તે આપવા - લેવાનો વ્યવહાર જ છે.
સત્ય પ્રેમમાં ચાહના નહિ, પોતાના - પરાયાનો ભેદ નહિ.

મોહ મલિન - પ્રેમ પવિત્ર છે. પ્રેમ દેવાથી વધે - લેવાથી નહીં.

પ્રેમ ભેદરહિત - અભિલાષરહિત હોવો જોઈએ.

પ્રેમ બહાર નહીં પણ ધ્યાનની અંદર છે.

ખુદને ખુદા સમજીને તેના ઉપર પ્રેમ કરે,
પછી મન - ઈંદ્રિયો બહાર જાય જ શા માટે?

શરીર એ રહસ્યમય વિજ્ઞાન, જ્ઞાનનો રહસ્યભંડાર છે.

દ્વેષમાં ભેદ છે, જ્યારે પ્રેમમાં અભેદ છે.

મન એક મહાન સર્જનાત્મક શક્તિ છે.

પ્રેમ એ વિઘ્ન નહિ - કામ વિઘ્ન છે, મોહ વિઘ્ન છે.

કામ અને મોહ એ સંકુચિત છે, પ્રેમ એ વિસ્તાર છે.

પ્રેમ એ અભેદ છે, પ્રેમ એ તન્મયતા છે.

સર્વત્ર વ્યાપ્ત આદ્યા ચિતિશક્તિની પ્રાપ્તિ
માત્ર અને માત્ર પ્રેમથી જ થાય છે, વિરોધથી નહીં.

બધા આપણા ઉપર પ્રેમ રાખે, એવું આપણે ઇચ્છીએ,
કિન્તુ પ્રેમને પામવા માટે પ્રથમ પ્રેમ વાવવો જોઇએ.

આગળ વધવા દુઃખ સુખને શોધશો નહીં.

સુખ પ્રેમમાં છે, સુખનો આભાસ અને સુખ વચ્ચે
ઝાંઝવા અને સરોવર જેટલો તફાવત છે.

પૈસાથી સાધનો વસાવી શકાય, સુખ ખરીદી શકાતું નહિ.

પ્રેમને પામવા માટે સૌ પ્રથમ તો પ્રેમને વાવવો પડે છે.

આપણા અંતરને વાડાને એમાંથી પ્રેમનો છોડ ઉગાડી શકીએ,
તો થોરમાંથી આંબો ઉગાડ્યા જેવું થશે.

પ્રેમ વિના સંતુષ્ટિ - અશક્ય છે અને
સંતુષ્ટિ કે પ્રેમ - એ મન અને બુદ્ધિથી પરની ચીજ છે.

## પ્રેમ એટલે...

સત્કાર, સદ્ભાવ, સમરસ, સમતા, સૌજન્ય, સહાયતા,
ગુણીનો ગુણાકાર, બદલાની બાદબાકી, લક્ષ્મીનો ભાગાકાર,
તાદાત્મ્ય - તારતમ્યતાનો ભાવ, માંગલ્યની જ્યોત,
દયાળુતા, શૂરતા, નિઃશલ્યતા, સ્વરૂપરમણતા, નિષ્કામવૃત્તિ,
વસુધૈવ કુટુંબકમ્ ભાવના, સર્વની સાથે સ્નેહનો સંબંધ.
ફરજ = કર્તવ્યકર્મ, નૈતિક તથા આધ્યાત્મિક જવાબદારી.
અનુગ્રહ = કોઈપણ કારણ વિના ભગવાન ઉપરની
સ્નેહાસક્તિ, વાત્સલ્યપૂર્ણતા. નવનીત સ્નેહનું પ્રતીક છે.
ભગવાન માટે પ્રેમ - ભગવાનનો પ્રેમ, બે વચ્ચે ફરક છે.
પ્રથમ પ્રેમ ભવ્ય ભક્તિ અને બીજો દિવ્ય અનુગ્રહ છે.

પ્રેમમાં આપણને કાંઈક મળે છે, જ્યારે
ક્રોધમાં આપણે કાંઈક ખોઈએ છીએ.

પ્રેમ સાથેનું તાદાત્મ્ય - જોડાણ અમૃતમાં લઈ જાય છે.
કીર્કેગાર્ડ કહે છે: પ્રેમમાં આગ્રહ હોય છે, દુરાગ્રહ નહીં.
જો એમાં દુરાગ્રહ હોય, તો તે પ્રેમ નહીં, મોહ - માયા છે.

પ્રભાતે જાગો ત્યારે હર્ષિત જાગો અને કહો કે:

'પ્રભુ, તું કેટલો સારો છે કે...

પ્રેમ કરવા માટે તેં મને એક વધુ દિવસ આપ્યો છે.'

વિશ્વમાં નિર્ભય કોણ?

બીજાને સુખી જોઈને સુખી થવું – તે પ્રેમ.

બીજાને દુઃખી જોઈને દુઃખી થવું – તે છે કમ્પ્રેક્ષા.

આર્હંત્યનો પરમ પ્રેમરૂપ પ્રકાશ વિશ્વને સમાવી લે છે.

એ પ્રકાશમાં જીવન જીવનાર નિર્ભય છે.

The Prophet એ ખલિલ જિબ્રાનનું લખેલું પુસ્તક છે.

એનું લખાણ શાંત, પ્રસન્ન નદીના નીતર્યાં જળ જેવું છે.

એ કહે છે કે: 'પ્રેમ કોઈને આધીન કરતો નથી અને પ્રેમ પોતે આધીન થતો ય નથી. પ્રેમ કરો, ત્યારે તમે એમ નહીં કહેતાં કે: 'ભગવાન મારા હૃદયમાં છે.' એમ કહેજો કે: 'હું જ ભગવાનના હૃદયમાં છું.'

'त्वत्पादौ मम हृदये, मम हृदयं त्वत्पदद्वये लीनम् ।

तिष्ठतु जिनेन्द्र ! तावत् यावन्न निर्वाणसंप्राप्तिः ॥'

પ્રેમનું વૃક્ષ એ તો કલ્પવૃક્ષ છે.

એની નીચે બેસનારને જે બહુ ઔચિત્યપૂર્વકના
ફૂલો માંગીએ, તે મળી શકે એમ હોય છે.
એટલે આશાના, ઉમળકાના, સાંત્વનના, શુભેચ્છાના,
નિ:સ્વાર્થના, આત્મભોગના, ઔદાર્યના, શુભસંકલ્પના
અને શ્રદ્ધાના મનમાન્યા ફૂલો નિપજાવી શકાય છે.
એ માટે ૩ શરતો એ છે કે : પ્રેમને પ્રથમ વાવવો પડે,
વાવેલા એ પ્રેમને નિખાલસતાના ખાતરથી પોષવો પડે
અને અંતે શ્રદ્ધાજળ સિંચીને તેનું જતન કરવું પડે.

o

મારા આ જીવનમાં ત્રણ પ્રેરણાઓનું પ્રભુત્વ રહ્યું છે.
એ ત્રણે આમ તો સાવ સાદી અને સર્વ સામાન્ય છે.

: એ ત્રણ પ્રેરણાઓ છે :

(૧) પ્રેમનો તલસાટ (૨) જ્ઞાનની ખોજ અને
(૩) માનવજાતના દુ:ખ માટે અસહ્ય કરુણા.

- Bertrand Russel, Death date : 2/2/70

દેહનો પ્રેમ ત્યાગની બુદ્ધિએ હોવો જોઈએ અને
આત્માનો પ્રેમ ઉપાદેય બુદ્ધિએ હોવો જોઈએ.

દેહના પ્રેમનો વિષય સ્વપરિણતિ સાથે અને આત્મપ્રેમનો
સંબંધ સર્વ જીવની સાથે તે ગૃહસ્થધર્મનો પાલક છે.

કોઈપણ મનુષ્ય નિર્હેતુક પ્રેમ કરી શકે ? હા.

મનુષ્યને જિજ્ઞાસા છે, તો હૃદય પણ છે. એ ગમે
તેમ કરીને આપણું ટકાવી રાખવાને ઝંખતો રહ્યો છે,
હૃદયની હૂંફ આપવા-પામવાને પણ તલસતો રહ્યો છે.
પ્રીત પ્રેમનું સર્જન કરે, અપ્રીત અપ્રેમનો પીંડ છે.
પ્રેમ એ તો અમૃત છે, પ્રેમમાં આનંદ-અહિંસા છે.
અપ્રેમ એ વિષ છે. તે ભેદ અને મૂર્છા ભરેલ છે.
પ્રેમ એ જીવન છે, જ્યારે અપ્રેમ એ તો મૃત્યુ છે.

મનની જેમ પ્રેમ પણ નિઃસીમ છે.

અપ્રેમ કાળની, પ્રકાશની રેખાને રૂંધે છે. પ્રેમ અને
પ્રકાશને દિશા-કાળનું બંધન નથી. તે નિરવધિ છે.

જ્યાં પ્રેમ છે, ત્યાં આત્મલાભ છે.

# પ્રેમની પારાશીશી

ત્યાગ એ પ્રેમસ્વરૂપ છે, તે આપવાથી વધે છે.

ભોગ એ સ્વાર્થરૂપ છે, ભોગવવાથી તૃષ્ણા વધે છે.

પ્રેમ અને ત્યાગ પર્યાયવાચી શબ્દો છે.

'નમઃ' એ પ્રેમરૂપ છે, તેથી ત્યાગમય છે.

પ્રેમ એ દેવ - ગુરુ - ધર્મ છે.

પ્રેમ એ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર છે.

પ્રેમરૂપ તત્ત્વત્રયી અને રત્નત્રયી પણ પ્રેમસ્વરૂપ છે.

પ્રેમ એ ક્ષમા - માર્દવ - આર્જવસ્વરૂપ છે.

પ્રેમ એ અહિંસા, સત્ય, સંયમસ્વરૂપ છે.

પ્રેમ એ કંચન - કામિનીનો ત્યાગ છે.

રાગનો પ્રતિપક્ષી નિષ્કામ સ્નેહ એ પ્રેમ છે.

પ્રેમ આપણને સમગ્ર સાથે જોડે છે. પ્રેમના અભાવમાં આપણે અસ્તિત્વથી અલગ - અટૂલાં થઈ જઈએ છીએ.

પ્રેમ જ જીવન. પ્રેમ સિવાય બીજું કોઈ જીવન નથી.

જીવન પ્રેમની પારસ્પરિકતા છે, જીવન સંબંધોમાં છે.

આત્મજ્ઞાનનું કેન્દ્રીય લક્ષણ પ્રેમ છે, જ્યારે
આત્મઅજ્ઞાનનું કેન્દ્રીય લક્ષણ 'અહં' છે.

તે સંકીર્ણ - અણુસ્થિત છે, પ્રેમ વિરાટ બ્રહ્મસ્વરૂપ છે.
અહંનું કેન્દ્ર વ્યક્તિ છે, પ્રેમનું કેન્દ્ર સમષ્ટિ છે.
અહં પોતાને માટે જીવે છે, પ્રેમ સહુને માટે જીવે છે.
અહં એ શોષણ છે, પ્રેમ એ સેવા છે અને
પ્રેમમાંથી સહજ રીતે પ્રવાહિત થતી સેવા જ અહિંસા છે.

પ્રેમ કેવી રીતે મેળવવો?

પ્રેમ સીધો મેળવી શકાતો નથી, એ તો પરિણામ છે.
પ્રજ્ઞા એટલે... સ્વયં વડે સ્વયંનું પ્રકાશિત થવું તે.
પ્રજ્ઞાનું સાધન સમાધિ છે.
સમાધિ એ સાધન છે, પ્રજ્ઞા એ સાધ્ય છે તથા
પ્રેમ એ સિદ્ધિનું પરિણામ છે.
પ્રજ્ઞા હોય અને પ્રેમ ન હોય, એ અસંભવ છે. પ્રજ્ઞાને
મેળવો તો એના પરિણામના વળતર તરીકે પ્રેમ મળે છે.
અહં જ્યાં શૂન્ય થાય, ત્યાં પ્રેમ પૂર્ણ બને જ છે.

## પરિણય એ પ્રેમનું પહેલું પગથિયું

પ્રેમ એ પ્રભુ છે અને પરિણય પણ છે.
કાઈ રહે કે પ્રથમના આલયમાં અંતિમનો આધાર જ નથી.
પ્રેમ દ્વારા જ પરિણય બને છે. પ્રેમના વિકાસથી
પરિણય મટીને થતો જાય, એ પછી એ પરિણયની
જરૂર કાંઈ રહેતું નથી, ત્યારે તે જ પ્રભુ બની જાય.

પ્રેમના આલયમાં મનુષ્ય નિજતામાં રહી જાય છે,
એનો કોઈ પરિણય રહેતો નથી, તે સ્વયં રહી જાય છે.

'પર' સાથે તેનો કોઈ 'સેતુ' રહેતો નથી.

એ એક પ્રકારે અમિત મસ્તુ જ છે.

પ્રેમ વિના ખરે જ દરેક જગા એકાકી છે.

'સત્તાગત અનંત શક્તિમાન આત્મા છે અને આત્મા તત્ત્વથી પરમાત્મા છે' એમ જાણી આત્મદૃષ્ટિએ આત્મા ઉપર પ્રેમ કરવો, તે સાચો પ્રેમ છે. તે સિવાયનો પ્રેમ તે પ્રેમ નથી પણ મોહ છે, સ્વાર્થ સ્નેહ છે, રાગ છે. પરને શાંતિ આપી પોતાને સુખ માનવું, તે પ્રેમભાવના.

<u>પ્રેમના પ્રસંગોમાં જ શુદ્ધ આત્માનો અનુભવ થાય છે.</u>
દાનરૂપ પ્રેમની કરુણા પ્રેમજલ બાળકો શાંતિ કરે છે.
આ જગત દયા કરનારના અભાવે જ દુઃખી છે. જીવોને
આત્મિક બોધ ન મળવાથી જ તેઓમાં આત્માની અનંત
શક્તિ દબાયેલી પડી છે અને દયાળુ મહાત્માઓની જ
મદદથી તેઓની શક્તિ ઘણા ઝડપથી બહાર આવે છે.
વિપરીત સંયોગો આપણને સહનશીલ, નમ્ર ઉદાર, દયાળુ,
નિઃસ્વાર્થ, નિર્લોભ તથા વિવેકી થતાં શીખવે છે, માટે
વિપરીત સંયોગોનો પણ કદી અનાદર ન કરો.

<u>પ્રેમ તો પરમાત્માનું સ્વરૂપ છે.</u>

ઈશ્વરનો વાસ સઘળે છે, એ વાત ખરી છે, પરન્તુ
એનો ઉજ્જવળ પ્રકાશ હૃદયમાં છે. આખા જગત પ્રત્યે
પ્રેમ રાખતાં શીખવું, તેમાં જ પરમાત્માની ખરી ઓળખ છે.
જ્યાં પ્રેમ છે, ત્યાં ક્રોધ તથા વૈર છે, ત્યાં નાશ છે.

<u>Without love,</u>
<u>no man can become whole.</u>

# પ્રેમ - કરુણા - સત્ય જ સાચી સંપત્તિ

પ્રેમ અને કરુણા તે ગુણ - પ્રકૃતિ છે અને
સત્ય, જે પ્રેમ અને કરુણાનો આત્મા છે, તે દ્રવ્ય છે.
લૌકિક દ્રવ્ય બાહ્યસંપત્તિ છે અને
લોકોત્તર દ્રવ્ય આત્મદ્રવ્ય છે.
જેની પાસે લોકોત્તર દ્રવ્ય છે, તે સંપત્તિમાન છે.
આત્મદ્રવ્યની સાથે તાદાત્મ્ય સાધનારો સદા શ્રીમંત છે.
આત્મસ્મરણ તે સંપત્તિ - આત્મવિસ્મરણ તે વિપત્તિ છે,
આત્મવિસ્મરણ નિર્ધનતા છે, દરિદ્રતા છે.
આપણું આત્મદ્રવ્ય મોજૂદ છે, તેથી
તેનો માલિક સદા સુખી છે, સંપત્તિમાન છે.
ધર્મનો પાયો ત્રણ જ શબ્દોમાં કહેવો હોય, તો તે છે:
સત્ય, પ્રેમ, કરુણા.
સત્ય = મન, વચન અને કર્મથી અભિન્ન થવું.
પ્રેમનું તાત્પર્ય છે બીજાના સુખે સુખી થવું તથા
કરુણા = દુઃખીને મદદ કરવી, બીજાના દુઃખે દુઃખી થવું.

'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી'

વિરહની ઝૂરણા જ પ્રેમની પોષક છે.

પ્રેમની ખરી મઝા જ વિરહમાં છે.

વિરહનો વિષાદ જ મિલનનો સાચો આનંદ અર્પે છે.

જેણે વિરહની વેદના અનુભવી નથી,

તેને મિલનનો આનંદ અસંભવિત છે.

જેનો ભવનિર્વેદ તીવ્ર બન્યો નથી, તેને ભગવદ્ગુણગાન ઘણું ફળ્યું નથી. ભવનિર્વેદ એ જ ભગવદ્ગુણગાન છે.

'સૂનમાં સમાય' એવો અહંનો સર્વથા લય થાય.

આવી નિર્મળચિત્તતા ઉપરાંત નિરહંકારતા માટે મુખ્ય બે વસ્તુ જોઈએ: નૂરતા તથા સુરતા.

નૂરતા = વિરાગ - વાસનાનિવૃત્તિ.

સુરતા = ભક્તિ - પ્રભુપ્રેમમાં પ્રવૃત્તિ - અભ્યાસ.

નિઃરતિ વૈરાગ્યસૂચક છે, સુરતા એ પ્રભુપ્રેમસૂચક છે.

વાસનાનિવૃત્તિ તથા પ્રભુપ્રેમમાં પ્રવૃત્તિ - પરસ્પરપૂરક છે.

આ બંને પાંખોથી આંતરિક આકાશમાં ઊંચે ઉડાય છે.

## 'હૃદયનો સૂર્ય જાગૃત થવો' એટલે શું ?

હૃદયનો સૂર્ય જ્યારે જાગૃત થાય, ત્યારે
બહારથી આવતું બધું જ જ્ઞાન સપાટી પરનું બની જાય,
કેમકે આ બ્રહ્માંડમાં જે પરમ સત્ય છે,
એ સૌ કોઈના હૃદયમાં મૂળ સૂર્યરૂપે વસે છે.
એ સૂર્યને સાધના વડે જગાડી શકાય છે.
એ જાગૃતિ એટલે પ્રેમ અને એકતાનો અનુભવ કરવો.
પ્રેમ એકતાસ્વરૂપ જાગૃતિ એ જ જીવન છે.
મારા હૃદયનો સૂર્ય મારામાં જાગૃત થયો,
ત્યારથી મને જ્ઞાન થયું છે કે:
પ્રેમ અને એકતાનો અનુભવ કરવો, એ જ જીવન છે.
આપણા [illegible] રૂપાંતરનું એ જાદુ છે. હે ઋષિ !
હું જાણું છું કે શીખું છું, તે બધું સત્યમાં સમાઈ જાય છે.
જે બ્રહ્મઉપાસનાને અંતે કર્મ અને કર્મફળમાં
આસક્તિનો ત્યાગ રહે, તે નિષ્કામ કર્મ.
કર્મ કરતાં પ્રેમસાગર પ્રભુ તરફ ચિત્ત વાળવું.

## ધર્મની અસંખ્ય આરાધનાઓમાં સૌથી મોટી કઈ ?

## અહિંસા, કરુણા ઉપરાંત પ્રેમની આરાધના.

બીજા પ્રત્યે પ્રેમ વિકસિત કરવો, એ તો સહેલ છે,
પરંતુ આપણા પ્રત્યે જેઓએ
પ્રેમ - કરુણા - અહિંસા વિકસિત કરે છે, તેમના પ્રત્યે
ભક્તિ - બહુમાન - આદર વિકસિત કરવા, એ કઠિન છે.
એકમાં આપણે પોષક છે, બીજામાં આપણો ફાયદો છે.
જીવ જીવ વચ્ચે - માણસ માણસ વચ્ચે અનંત અંતર છે.

## ભેદવિજ્ઞાનની એક નવી વ્યાખ્યા

સમ્યગ્દર્શનમાં જે દેખાય, તે વિરતિમાં અનુભવાય છે.
સમ્યગ્દર્શનમાં પરમ પ્રેમનું જ દર્શન છે.
આ પરમ પ્રેમ જ સર્વવિરતિમાં મૈત્રીની,
અપ્રમત્તામાં પ્રમોદની, અકષાયમાં કરુણાની અને
અયોગમાં માધ્યસ્થ્યની ટોચ પ્રગટાવે છે.
ભેદવિજ્ઞાનનો એક બીજો પણ અર્થ છે કે:
પ્રેમ અને રાગ વચ્ચેનો ભેદ આપણને સમજાવો.

# <u>ભક્તિ અને પ્રેમનું માહાત્મ્ય</u>

કર્મનો નિયમ કઠોર છે, ધર્મનો નિયમ કોમળ છે.
એકમાં ન્યાય મુખ્ય છે, ભાવમાં પ્રેમ મુખ્ય છે.
પ્રેમ એ ભગવદ્રૂપ - દયારૂપ - સહાનુભૂતિસ્વરૂપ છે.
ભક્તિ એ પ્રેમસ્વરૂપ છે. પ્રેમ બંધન કે દબાણને સહન ન કરે. પ્રેમ હઠ કે બળાત્કારથી કરી શકાતો નથી.
એ કહેવું જોવા અથવા તો સાંભળવામાં ભક્તિમાર્ગ સરળ પ્રતીત થાય, પરન્તુ છે સૌથી કઠિન.

પ્રેમ અનેકોને એકમાં બાંધવાવાળું સૂત્ર છે.

પરમાત્મા દ્વૈતથી પર છે, માટે પ્રેમસ્વરૂપ છે.

રાગ માંગે છે, જ્યારે પ્રેમ આપે છે.

સ્નેહરાગ અને સ્નેહભાવ વચ્ચે રહેલું અંતર જાણ્યા પછી સ્નેહભાવને સદ્દહવો, તે <u>સમ્યગ્દર્શન</u>.

સ્નેહભાવ પ્રગટાવવાનો પ્રયત્ન, તે <u>વિરતિ</u>.

સ્નેહભાવનું સાતત્ય, તે <u>અપ્રમત્તતા</u>.

પ્રેમમય જીવન તે <u>અકષાય</u>, ઘનીભૂત પ્રેમ તે <u>અયોગ</u>.

સંતોની સાધનાનું મધ્યબિન્દુ જ પ્રેમ છે.

એમ કે ઘર છોડતાં સંત તુલસીને આખું વિશ્વ મળ્યું.

પ્રેમના પરિબળથી પાપીને પસ્તાવો કરતો કરી દેવો,
એ પણ પ્રભુકૃપાનો જ એક પ્રકાર છે.

દયા, મૈત્રી, અહિંસા એ બધામાં મોટું સાધન છે.

મોટા પંડિતો વાંચી - વાંચીને જ પત્થર બની જાય છે
અને ભણી ભણી ઈંટ બની જાય છે પણ પ્રેમનો એક
છાંટો પણ તેમના મનમાં પ્રવેશ મેળવી શકતો નથી.

ભગવાન પ્રત્યે પ્રેમ, આત્મા પ્રત્યે પ્રેમ - તે પ્રેમ,
બાકી બધો મોહ છે. પ્રભુપ્રેમ પ્રભુભક્તો ઉપર પ્રેમ
ઉત્પન્ન કરે છે. તે પ્રેમ વડે જીવ સાત્વિક ભક્તિ અને
નિર્ગુણ ભક્તિને પ્રાપ્ત કરી શકે છે.

વૈદિક યા લૌકિક પણ કર્મો ચિત્તની વિશુદ્ધિ માટે છે.

પ્રભુનું મૂર્તિમંત પ્રકટ સ્વરૂપ,
તેના ઉપર પ્રેમાભક્તિ તે પ્રેમભક્તિ છે.

સ્નેહરાગ ભેદ છે - સ્નેહભાવ ઉપાદેય છે.

સુખસંપૂર્ણની દૈવી કૂંચી તો એ છે કે
બધાને કાંઈક પ્રેમપૂર્વક આપી છૂટવું!

પ્રેમભાવથી ભક્તિ મળે, વૈરાગ્યભાવથી ત્યાગ મળે.
ત્યાગમાર્ગમાં ત્યાગ - પ્રેમમાર્ગમાં સમર્પણની ભાવના છે.
શારીરિક પ્રેમનું જો ઉર્ધ્વીકરણ થાય, તો તે મહાન
એક નવી જ સર્જનશક્તિ માનવી બની જાય.
વિચારોને બળપૂર્વક સંયમમાં રાખવાને બદલે વિચારોની
એ પ્રક્રિયાને તમારા પ્રેમનું પ્રક્ષેપણ કરવા માટે પ્રયોજો.
નિશ્ચય ધર્મ અંતઃકરણના - પ્રેમના પરિણામરૂપ છે,
જે બાહ્ય ધર્માચરણથી જાગે છે, વધે છે, દૃઢ થાય છે.
જો કોઈના પ્રત્યે પ્રેમ છે,
તેના પ્રત્યે પોતાનું બાહ્ય વર્તન પણ અનુકૂળ થાય જ.
તે ન થાય, ત્યાં પ્રેમનો અભાવ સાબિત થાય છે.
અંતરમાં પ્રેમના બદલે ક્રોધનો ભાવ રહે,
તો બાહ્ય પ્રવૃત્તિ પણ પ્રતિકૂળ જ થાય છે.
આમ બાહ્ય - અંતરને પરસ્પર સંબંધ છે.

નાના છોકરાંને લાડુવા ઉપર પ્રેમ ન હોય, તો તે પ્રેમ ઉત્પન્ન કરવા માટે જ તેને લાડુવા રોજ મોકલાય, તો એક દિવસ લાડુવા ઉપર તેને પ્રેમ જાગે છે. એટલે બાહ્યમાં ધર્મના આચરણથી અંતરમાં ધર્મનો પ્રેમ જગાવાનો પૂરો અવકાશ છે. અંતરમાં ધર્મના ભાવ હોય, તો સહેજે બાહ્ય ધર્મનું આચરણ કરાવે છે.

ધર્મ પ્રત્યે પ્રેમ વધારવાના હેતુથી જ ધર્મક્રિયા કરાય છે અને અંતરમાં ખરેખર ભાવ છે, તેને પ્રવાહિત કરવાનું સાધન પણ બાહ્યપ્રવૃત્તિ જ છે. ધર્મ, ધર્મ-પર્વ, ધર્મતીર્થ વગેરે ધર્મસામગ્રી આપનાર અને તેની આરાધના દ્વારા મહાપુણ્યના બંધમાં હેતુ પરંપરાએ પ્રભુ જ છે,

તેથી એમ માનવું જોઈએ કે:

પરમાત્માની ભક્તિ જેટલી કરાય, તેટલી ઓછી જ છે. કોણ નથી જાણતું કે આ વિશ્વમાં એક વ્યવસ્થા છે અને સચરાચર વિશ્વનો નિયામક એવો કાનૂન પ્રવર્તે છે કે જે અફર - unviolable - Immortal છે.

## આત્મપ્રેમ એટલે શું ?

'સત્તાગત અનંત શક્તિમાન આત્મા છે અને
આત્મા એ પરમાત્મા છે' એમ જાણી
આત્મદૃષ્ટિએ આત્મા ઉપર પ્રેમ કરવો, તે આત્મપ્રેમ છે.
શુદ્ધ પ્રેમમાં આત્મલાભ છે અને
પ્રેમના પ્રમાણમાં શુદ્ધ આત્માનો અનુભવ થાય છે,
તે વિશ્વનો પ્રેમ એ પ્રેમ નથી, પરન્તુ મોહ છે.

## સાચા પ્રેમનું લક્ષણ શું ?

બીજાને શાંતિ આપીને પોતાને સુખ માનવું તે.
દાન એ પ્રેમની નીક છે.
મંગલ ગુણો તરફ જુઓ, તો પ્રેમ પ્રકટશે.
પ્રેમ એ કેવળ લાગણી જ નહિ, કિન્તુ તેની પાછળ
આધ્યાત્મિક શક્તિનું બળ છે. પ્રેમની એક સાચી ચીનગારી
પણ સમગ્ર વિશ્વને પ્રેમમય બનાવવા માટે સમર્થ થશે.
જીવનના કેન્દ્રમાં સત્ય, પ્રેમ, અહિંસા રહેવાં જોઈએ.
ઈશ્વર એટલે સર્વવ્યાપી પ્રેમ અને સર્વવ્યાપી અહિંસા.

## પ્રેમ અખંડ અને અવિનાશી છે.

પ્રેમ સત્યસ્વરૂપ ભગવાનની સાથે જોડે છે અને
સંસારમાં માનવબંધુઓને મદદરૂપ નિવડે છે.
પ્રેમ આપણા મનને જીવંત બનાવે છે અને
સંસારમાં પ્રેમનો પ્રકાશ પોષે છે.
પ્રેમ આત્મશુદ્ધિનું પરિણામ નથી, આત્મશુદ્ધિનું કારણ છે.
આત્મામાં રહેલ સત્ત્વગુણ અસ્તિત્વરૂપ બની
નિત્ય અસ્તિત્વ સાથે સંધિ પામે, રજોગુણ ભક્તિરૂપ
પ્રકાશમય પરાસંવિત સાથે એકતા સાધે અને તમોગુણ
પ્રીતિરૂપ - પ્રેમસ્વરૂપિણી હ્લાદિની શક્તિમાં જાગી ઊઠે,
તો જીવનની મંગળયાત્રા પૂરી થાય છે.
જીવનમાં સર્વથી નીચે ઇચ્છાશક્તિ છે,
ત્યાંથી જ કામનાનું સ્ફુરણ થાય છે. જીવનમાં સર્વોચ્ચ
સ્થાને હ્લાદિની શક્તિ છે, જેમાં કામનાઓનું વિસર્જન છે.
પોતાની માટે કાંઈ પણ ન ઇચ્છતો, કિન્તુ
પોતાનું સર્વ કાંઈ લુંટાવી દેતો, તે શુદ્ધ પ્રેમ છે.

## પ્રેમમાં માત્ર ગુણદર્શન જ હોય.

## ગુણમાં આસક્તિ એ જીવનની શક્તિ.

પ્રેમ એ સર્વવ્યાપી, એક અને અખંડ આનંદનું રૂપ છે.
મૈત્રી, સ્નેહ, ભક્તિ, વાત્સલ્યાદિ તેનાં જ નામાંતરો છે.
પ્રેમ અને સ્વાર્થ એક નથી. પ્રેમ ત્યાગ - સમર્પણ માંગે.
પ્રેમ - અદ્વૈત - આત્મૌપમ્ય એ જ સંસારનો સાર છે.
પોતાપણું વિસરી જઈને પારકા માટે જીવવું, એ જ
ધર્મબોધ, નીતિબોધ અને સર્વ શ્રુતિની પરાકાષ્ઠા છે.

સ્વતંત્ર રસની સિદ્ધિ આલંબનભેદને કારણે નથી,

પરન્તુ સ્થાયી ભાવોના ભેદને કારણે છે.

પૈસા માટે શરીર ઘસનારા બહુ મૂલાનું ચંદન જ્યારે
બાવળ પાસે ઘસાવે છે, તે અયોગ્ય છે, પ્રેમ નથી જ.

જેના હૃદયમાં સઘળાં જીવો પ્રત્યે પ્રેમ છે,

તેને બાવળ જેવા પોતાને ભેદ ચાલતો નથી છે.
જીવ જ્યારે પોતાના સ્વરૂપમાં ડોકિયું કરશે, ત્યારે
તેને ત્યાં જ સુખ રહેલું છે, એવો અનુભવ થશે.

## જીવનમાં પ્રેમ જ સર્વસ્વ છે.

માનવીય શિક્ષણમાં સૌથી વધારે
કોઈ શબ્દની જરૂર હોય, તો તે 'પ્રેમ' શબ્દની છે.
પ્રેમ સાથે જ્ઞાન જોડાય, ત્યારે તે દિવ્ય બની જાય.
પ્રેમશૂન્ય જ્ઞાન પશુથી પણ બદતર છે, કેમકે
એ જ્ઞાન વડે તે વધુ હિંસક - વધુ સ્વાર્થી બને છે.
પ્રેમ જ માણસને માણસ બનાવે છે.
વેર કરતાં પણ પૃથ્વી ઉપર પ્રેમનો મહિમા મોટો છે,
પ્રેમ પ્રેમને પોષે છે, માટે સૌ જીવો પ્રત્યે પ્રેમ રાખો.
પ્રતિકૂળ સંજોગોમાં પ્રેમ - સંકલ્પબળ વધારી શકાય છે.
તમે જે મનુષ્ય તરફ પ્રેમ કરો છો, સદ્ભાવ દર્શાવો છો,
તેથી તેમાં રહેલાં પ્રેમ તથા સદ્ગુણોને પ્રોત્સાહન આપો છો.
પરિણામે તેના હૃદયમાં પણ તમારા પ્રત્યે તેવો જ
ભાવ પ્રકટે છે. પ્રેમના વિચારો તમારા શરીરને આરોગ્ય,
વાણીમાં બળ આપી મન દૃઢ સંકલ્પવાળું બનાવે છે.
દ્વેષનો બદલો પ્રેમરૂપે આપો, તેથી વિશેષ ઉન્નતિ થશે.

સાચો પ્રેમ જીવ, જગત અને જગદીશનો
એક ત્રિવેણી બનીને રહે છે.

સાચા તત્ત્વજ્ઞાનીને સ્થિર અને સર્જનહાર -
ઉભય માટે અંતઃકરણથી પ્રેમ હોવો જોઈએ.

નાના છોકરાઓમાં દોષ જોયા પછી માનો પ્રેમ વધે છે.

તત્ત્વબોધની પ્રવૃત્તિમાં અનંત પ્રેમ - અનંત શાંતિ-
અનંત આનંદની ઉપલબ્ધિ થાય છે. એ વાતે સંપૂર્ણ
સ્વાધીનતાનું સુખ અને રસનો અનુભવ થાય છે.

પ્રેમ આંખોથી નહીં, કિન્તુ મનથી જુએ છે.

પ્રેમ નિર્મળ હૈયામાં ઉત્પન્ન થાય,
છતાં હૈડેથી બહાર સરે નહીં, ઉદાર હાથથી સ્વીકારાય.

જે આપણું લેખો છે, તેને જો આપણે
ભલી રીતે ન ભાળ્યો, તો બીજાને ક્યાં દેખાવાનો હતો?

સમ્યક આત્મદર્શન એ અધ્યાત્મનો પાયો છે.

ઉપાસનાને વધારતું તત્ત્વ પ્રેમ - અટકાવતું વાસના છે.

પ્રેમની પ્રાપ્તિમાં અનંતરસ નિહિત છે.

વિશ્વમાં સર્વને વશ કરનાર તો પ્રેમ જ છે.

બુદ્ધિ એ વિચારકૌશલ્યનો ચમત્કાર છે,
જ્યારે ચારિત્ર એ પ્રેમભાવનો પુત્ર છે.

બુદ્ધિમાન માણસો જનમંડળના શરીરના મસ્તક સમાન છે,
જ્યારે ચારિત્રવાન શરીર એ હૃદય સમાન છે.
બુદ્ધિમાનને લોકો વખાણે, ચારિત્રવાનને અનુસરે.

શુદ્ધ ચારિત્ર એટલે પવિત્ર પ્રભુપ્રેમ.

પ્રેમે કરીને જ ભગવાનને પામી શકાય છે.
પ્રેમના ભૂખ્યાં ભગવાનને શુદ્ધ નિર્મળ ભાવે ભજવાથી
તે આપણી સંગાથે આવી વસે છે, આપણામાં વસે છે,
તેથી આપણું મન પવિત્ર બની પ્રભુપ્રેમમાં રંગાઈ જાય છે,
તરબોળ બની જાય છે. જેનામાં સાચા પ્રેમનો અંશ પણ
રહે છે, એ માનવની મધુરતા કાંઈ ઓર જ રહે છે.

જીવમાત્ર પ્રત્યે આદર, પ્રેમ અને કરુણા -
એ જ જગતને હિંસામાંથી બચાવી શકે.
પ્રેમ તલવાર વિના સત્તા ચલાવે - દોરડાં વિના બાંધે છે.

પ્રેમ = શિવશક્તિના નિત્ય આનંદવિહારનું કૈલાસધામ.

<u>પ્રેમની ખરી કસોટી એ જ છે કે:</u>

<u>તે પ્રેમ બીજામાં પણ પ્રેમ પ્રગટાવે.</u>

ધ્યેયમાં અંતર્નિષ્ઠ પ્રેમ એ જ એકાગ્રતાનો સાધક છે.

પ્રેમપૂર્ણ મનનું સમાધાન તે સમાધિ.

'સમાધિ' એટલે મનની અખૂટ અને અતૂટ શાંતિ.

<u>નિઃસીમ પ્રેમ વડે જ પ્રભુની પ્રાપ્તિ શક્ય છે.</u>

સ્વજન, સંબંધી કે પાડોશી પ્રત્યે પ્રેમ હોવો જરૂરી છે,
એટલું જ નહીં પણ આપણા દુશ્મનો અને
પીડા આપનારાઓ પ્રત્યે પ્રેમ અને તેઓના હિત માટે
પ્રભુપ્રાર્થના એ સાચા પ્રેમની નિશાની છે.
આમાં શુદ્ધ માનસિક સમજણ છે.

o

Love casts out fear,
for we know that we belong to life,
that life loves us & that we are safe.

## સર્વ ગુણોમાં પાંચ પ્રધાન ગુણો

શ્રદ્ધા, વિશ્વાસ, ભક્તિ, વૈરાગ્ય અને પ્રેમ છે. શ્રદ્ધા બધાની મૂળભૂત છે. વાસના વિશ્વાસની પ્રતિબંધક છે.

મલિનતાની નિવૃત્તિ પ્રભુપ્રેમથી થાય છે.

ભગવાન ઉપર પ્રેમ થાય, ત્યારે બાહ્ય પદાર્થોમાં રસ પડતો નથી અને કોઈના ઉપર દ્વેષ રહેતો નથી.

સમ્યગ્દર્શન એ સ્નેહભાવ કે પ્રેમસ્વરૂપ છે.

તત્ત્વરુચિ રૂપ સમ્યગ્દર્શન કહો કે જીવરાશિ પ્રત્યે સ્નેહભાવ કહો, એક જ પદાર્થ છે.

ભક્તિ સમ્યક્ત્વના ધણી અરિહંત - સિદ્ધાદિ પરમાત્માઓમાં ભક્તિભાવે પ્રેમ આ રીતે ઘટાવી શકાય.

આત્મતુલ્ય દૃષ્ટિમાં અનંત - અવ્યાબાધ પ્રેમ છે.

પ્રેમમાં આપવાનું હોય, જ્યારે રાગમાં માગવાનું હોય છે.

દયા, કરુણા એ પ્રેમના જ પર્યાયવાચી નામો છે, એ સ્પષ્ટ થાય છે અને એનાથી સમ્યગ્દર્શનનું સ્વરૂપ પણ અતિ સ્પષ્ટ થાય છે.

ભદ્રેશ્વર, ચૈત્ર સુદ ૮

પ્રેમ અને વાત્સલ્ય - એ સ્વાભાવિક છે, જ્યારે
સંકુચિત અને ઝઘડો - એ વિકૃતિ છે.

વાત્સલ્ય - હેતનું સંગીત સદા ગુંજતું રહે છે, તેથી તેમાં કોઈને આશ્ચર્ય થતું નથી. જ્યાં ભેદ પડે છે, ત્યાં જ માણસને આશ્ચર્ય લાગે છે.

પાછા શાથી ગરમ છો? એવો પ્રશ્ન થાય છે પણ પાછા શાથી શાંત છો? એવો પ્રશ્ન કોઈ કરતું નથી.

વાત્સલ્યભર્યું જીવન એ કુદરતી પણ કોમળ અને વજ્રથી ય કઠોર છે. આજનો સભ્ય તથા સંસ્કૃત માનવ સ્વભૂલને નાની અને બીજાની ભૂલને મોટી ન સમજે તથા બીજાના પહાડ જેવા દોષોને રાઈ જેવા અને પોતાના રાઈ જેવા દોષોને પહાડ જેવા જો માને, તો પૃથ્વી ઉપર જ સ્વર્ગ બને, જે પ્રેમથી જ શક્ય છે.

Jewels of silver are equal to wisdom and jewels of gold are equal to love.

દુષ્ટ પુરુષોનો ત્યાગ કરવા જે પ્રેમલ સત્સંગ કરે છે,
તે ભગવાનની માયાને તરી જાય છે.

જે લોકો એકાંતમાં રહે છે, લૌકિક બંધનો તોડી નાંખે છે, સત્ત્વ વિગેરે ત્રણ ગુણોની પેલે પાર જાય છે અને યોગક્ષેમનો ત્યાગ કરે છે, તે પણ માયાને તરી જાય છે.

જે મનુષ્ય કર્મના ફળનો અને કર્મનો ત્યાગ કરે છે તથા સુખ-દુઃખના દ્વન્દ્વથી મુક્ત થાય છે, જે વેદોનો પણ ત્યાગ કરે છે અને જે ભગવાનમાં એકધારી પ્રેમ રાખે છે, તે પોતે માયાને તરી જાય અને બીજાઓને તરાવે છે.

પ્રભુ ઉપરના પ્રેમનું સ્વરૂપ વર્ણવી શકાય એવું નથી.
આ પ્રેમ રાખનારા મનુષ્યો બહુ ઓછાં હોય છે.

રાગયુક્ત પ્રેમ દુઃખને ભૂલવારૂપ છે, જ્યારે
રાગમુક્ત પ્રેમ દુઃખને મિટાવવારૂપ છે.

વિનોબાજી કહે છે: સૌ કોઈના સુખનો વિચાર કરનારા સમાજ વિનાનો કોઈ સમાજ ટકી શકવાનો નથી.

પ્રભુ સન્મુખ પ્રેમદીવો કરવાથી અંતરનું અંધારું જાય છે.

સર્વોત્તમ પરત્વેનો લાભ તે પ્રેમની પૂર્ણતા છે.
પૂર્ણ પ્રેમ ચૈતન્ય સાથે જ થઈ શકે છે.
ચૈતન્ય જ ચૈતન્યમાં ભળી શકે છે.
આ વિશ્વમાં રહેલાં જ્ઞાન, પ્રેમ અને શક્તિના અગાધ
ફુવારામાંથી જેટલું લેવાય, તેટલું ઊંચકી લ્યો.

o

Then we are no longer human or
mortal, for we no longer
harbour thoughts and deeds of mortality.
The life is more than the food and
the body & more than the raiment.
Living, loving, giving, thinking and
growing are of far greater
importance than food or clothing.
Faith, hope and love means
દર્શન - જ્ઞાન - ચારિત્ર.

## ઈશ્વરનું દર્શન કોણ કરી શકશે ? પ્રેમી.

જેઓની પાસે સહાનુભૂતિપૂર્ણ સંવેદનશીલ હૃદય છે, જેના હૃદયમાં દયા, પ્રેમ અને સહાનુભૂતિ છે, તેને આખું જગત મિત્ર છે. જીવનની જે ક્ષણો વ્યતીત થઈ રહી છે, તેને પ્રેમમય, સુંદર, બાળકો પ્રત્યેના સહાનુભૂતિપૂર્ણ મારા વિચારોથી ભરી દો. દુઃખી અને ત્રસ્ત વ્યક્તિઓને આપવા માટે તમારી પાસે રૂપીઆ ન હોય, તો વાંધો નહીં, છેવટે સહાનુભૂતિ ભરેલાં બે મીઠાં શબ્દોનું દાન કરો. દેહભાવ છોડાવવા માટે પ્રતિદિન પ્રેમ-ભાવથી જીવનું શુદ્ધ સ્વરૂપ સમજવું જોઈએ, ભાવવું જોઈએ. દીર્ઘકાળ સુધી એકાંતમાં બેસીને એ અભ્યાસ દૃઢ બનાવવો. અનાદિકાળથી 'દેહ જ હું' એવો આપણો જે ભ્રમ છે, તેનું નિવારણ કરવાનો અભ્યાસ પણ દીર્ઘકાળ કરવો.

## Love is nothing but freedom.

Freedom in our life must begin with freedom in our consciousness.

## <u>હૃદય અને બુદ્ધિનો સદુપયોગ</u>

મનુષ્ય સ્વભાવની એક વિચિત્રતા છે. તે બુદ્ધિના ક્ષેત્રે બીજા કરતાં નીચી કક્ષાએ છે, તે તે સ્વીકારી શકતો નથી.

બુદ્ધિ મનુષ્યનું વધારે આત્મીય તત્વ છે, જ્યારે હૃદય તત્વની વાત તેથી વિપરીત છે.

પ્રેમભાવમાં બીજા ચડીયાતા રહે, એમ ઇચ્છીએ છીએ, બુદ્ધિમાં આપખુદી જીદ વધી જાય અને આપણા પ્રત્યે પ્રેમભાવ રાખવામાં બીજાથી ઘટી જાય, એ અનિષ્ટ લાગે અને એથી જ દુઃખ અને દ્વન્દ્વની સૃષ્ટિ વધે છે. સૌની સુખશાંતિ માટે હૃદયનો પ્રેમભાવ વધારતાં રહેવું અને તેમાં બીજાની વૃદ્ધિ જોઈને રાજી થવું જોઈએ.

o

Love is an effort of conscious communion with God : 'Prabhu, I thank you that you always listen to me & I know that you always hear me.'

# પરમાત્માની ૪ આશ્ચર્યકારક વસ્તુ

પરમાત્માને જ્ઞાનથી જાણી શકાય, પ્રેમથી પામી શકાય,
જ્ઞાનથી મેળવી શકાય છે, પ્રેમથી આપી શકાય છે.
સર્વને છોડો તો સર્વ તમારાં બને છે.

ચોવીસ કલાકમાં એક કામ એવું અવશ્ય કરો કે
જેના બદલામાં કાંઈ પણ જોઈતું ન હોય!

પ્રેમના ભાવો બગાડનારની દશાને બદલવાની શક્તિ ધરાવે છે.
'સર્વ જીવો સાથે મારે પ્રેમ છે'
એ ભાવનો આનંદ કેટલો છે, તે એકદા જુઓ તો ખરા!

કોઈ ગાળ દે, ત્યારે પ્રેમ + કરુણા ભાવવા જોઈએ કે
ગાળ દેનાર બિચારો છે, કેમકે તે ભલું કરી શકતો નથી.

તિરસ્કારભાવ સંકોચ છે, જ્યારે તેના પ્રતિભાવ રૂપે
અપાતો પ્રેમભાવ એ વિસ્તાર છે.

નમ્રતા એ હારનું ચિહ્ન નથી, કિન્તુ પ્રેમની નિશાની છે.

વિસ્તારના સાધનો: જ્ઞાનમાં સર્વાતીત, કર્મમાં પ્રભુઇચ્છાને
શરણ અને ભક્તિયોગમાં સર્વ રૂપ ઉપર પરમ પ્રેમ.

## કૃતિ પ્રમાણે ફળ પ્રાપ્ત થાય છે.

મનુષ્ય જેવું વર્તન કરે, તેવું જ જગત તેની સાથે વર્તે છે. સામે થનાર મનુષ્યના હુમલાની સાથે ટક્કર ઝીલવા જો પ્રત્યેક વ્યક્તિ પર્વત જેવી કઠિન - અડગ બની જાય, તો પ્રેમની નદીના પ્રવાહ આગળ તો કઠણમાં કઠણ પર્વત પણ ઓગળી જાય તથા રેતીરૂપ થઈને વહી જાય છે.

## સંસારમાં જેમ અશુભ તત્ત્વો રહેલાં છે,
## તેમ શુભ તત્ત્વો પણ રહેલાં છે.

પ્રેમ, આનંદ, ન્યાય અને સ્નેહ જેવા શુભ તત્ત્વો સાથે જોડાવા પરમેષ્ઠિ નમસ્કાર એ પ્રબળ સાધન છે. શુભનું અસ્તિત્વ સદા મન સન્મુખ રહેવાથી નિરાશાને સ્થાને આશા, ભયને સ્થાને અભય, શોકને સ્થાને આનંદ, સ્વાર્થને સ્થાને પરમ સ્નેહ, મોહને સ્થાને વિવેક અને અનિશ્ચિતતાને સ્થાને પરમ નિર્ભયતા અનુભવાઈને ક્રોધનું સ્થાન પ્રેમ - ઉદ્વેગનું સ્થાન નિશ્ચળતા લે છે. અશુભમાં વસવા છતાં શુભની અસરો અનુભવાય છે.

જે વસ્તુની ઉપર આપણો સૌથી અધિક પ્રેમ રહેલ છે,
તેનું જ આપણે સૌથી અધિક ચિન્તન કરીએ છીએ.

કોઈપણ વસ્તુમાં રહેલા વાસ્તવિક તત્વનો એટલા ઊંડા ઉતરાઈને વિચાર કરાય કે તેના તત્વનું આપણને ભાન થાય અને તો પછી તે વસ્તુ ઉપર એ પ્રેમ થાય જ.

પ્રેમ નિષ્કામ અને સ્વતંત્ર છે.

જ્યાં સુધી પ્રેમનો પૂર્ણ વિકાસ નથી થતો, ત્યાં સુધી શબ્દથી પ્રતિપાદ્ય અર્થની સ્ફૂર્તિનો આવિર્ભાવ ન થાય.

પ્રથમ શબ્દ, પછી જ્યોતિ અને
છેલ્લે સ્ફૂર્તિનો આવિર્ભાવ થાય છે.

જ્યોતિમાં સ્થિતિલાભ કર્યા વિના જે રૂપદર્શન થાય છે, તે કેવળ કલ્પના છે, તેનું જરા પારમાર્થિક મૂલ્ય નથી.

આત્માનું આરાધન સર્વ દર્શનોનું મૂળ છે.

તમારા સંબંધમાં આવતાં મનુષ્યોનું તે આરાધન જગાવવા અને આત્મશાન્તિનું ભાન કરાવવા પ્રયત્ન કરો.
તેમ કરવાથી સંચય કરેલા પ્રેમનો સદુપયોગ થશે.

વિશ્વપ્રેમ એ પ્રભુપ્રેમનું પ્રતીક છે અને
પ્રભુપ્રેમ એ વિશ્વપ્રેમનું પ્રતીક છે.
સંસારની નાની ઉપાધિ એટલે સ્વદેહ.
સંસારની મોટી ઉપાધિ એટલે સ્વજન,
સ્વસમાજ, સ્વજાતિ અને સ્વદેશ વગેરે.
વિશ્વપ્રેમથી તે સર્વ ઉપાધિઓ દૂર થાય છે,
તેથી વિશ્વપ્રેમની ભૂમિકા ધ્યાન માટે અનિવાર્ય છે.
પ્રથમ નિર્વિચારતા લાવનાર વ્યાપક ઉપાધિઓ છે અને
એ પછી નિર્વિચારતા લાવનાર નિરૂપાધિતા.
ભજન શબ્દમાં વિશ્વપ્રેમની ભાવના છે કે
જેમાં સ્વપરનો ભેદ વિલીન થાય.
સૌની સાથે ભોજન કરવાથી જેટલો પ્રેમ વધે,
તેથી અધિક સૌની સાથે બેસી ભગવાનની પ્રાર્થના,
કીર્તન તથા ભજન કરવાથી પ્રેમસંબંધ વધે છે.
કૃતજ્ઞતા ભાવથી ભગવાન પ્રત્યે પ્રેમ જાગે તથા
જીવો ઉપરના પરોપકારથી વિશ્વ પ્રત્યે પ્રેમ જાગે.

રાગરહિત પ્રેમ તે વિશ્વપ્રેમ છે, કેમકે
તેમાં સર્વ દ્રવ્યો પ્રત્યે સમભાવ છે, રાગ-દ્વેષ નહિ.
વિશ્વપ્રેમનું બીજું નામ સમાન ભાવ કે સમભાવ છે.
વસ્તુઓ, ગુણો અને તેની અવસ્થાઓ જેમ છે તેમ
જાણવા, તે પ્રત્યે રાગ-દ્વેષ ન કરવા, તે સાચો વિશ્વપ્રેમ.
બે પ્રકારે પ્રેમ: (૧) રાગરહિત પ્રેમ (૨) રાગસહિત પ્રેમ.
રાગરહિત પ્રેમ પ્રકૃષ્ટપણે અમલમાં લાવનાર 'અકષાય
કરુણાસાગર' છે વીતરાગી જીવો અને સિદ્ધ ભગવંતો.
અમુકને જ સુખ આપવાનો ભાવ કરે, તેને વિશ્વ સકલ
બધાં પ્રત્યે પ્રેમ ન રહે. જીવ જ્યાં સુધી પોતાનું સાચું
સ્વરૂપ ન સમજે, ત્યાં સુધી તે પર પ્રત્યે રાગ-દ્વેષ
ઓછો કે વધારે કર્યા વિના રહેશે જ નહીં.
હાલ કોઈ પ્રત્યે રાગ કરશે, તો તે ભાવ વિનાશી
હોવાથી પલટો ખાધા વગર રહેશે જ નહીં. જીવ જો
પોતાનું સ્વરૂપ સમજે, તો જ સર્વ પદાર્થો પ્રત્યે
યથાર્થ ભાવ રાખી શકે. તેનું નામ જ 'વિશ્વપ્રેમ' છે.

## વિશ્વપ્રેમ કઈ રીતે થઈ શકે?

વિશ્વપ્રેમનો ઉપાય રાગાદિ ભાવોને દૂર કરવાનો છે.
રાગ-દ્વેષાદિ ભાવો જીવનો સ્વભાવભાવ નહિ પરંતુ
આકુળતામય અને અસ્થિરતાથી ઊભો થયેલ ભાવ છે.

એટલે એટલું નક્કી થયું કે:

'કોઈનું પરિણમન કોઈને આધીન નહિ.'
આમ નિશ્ચય કરી પર વસ્તુઓ પ્રત્યે
રાગ-દ્વેષ ન કરવા અને નિરાકુળતા પ્રગટ કરવી,
તેનું જ નામ 'વિશ્વપ્રેમ' છે.

આ રીતે વિશ્વપ્રેમ એ જ આકુળતા ટાળવાનો અને
નિરાકુળતા મેળવવાનો રાજમાર્ગ બને છે અને
તે માટે દ્રવ્યોની સ્વતંત્રતાનું સાચું ભાન છે.
એ ભાન જેમ-જેમ સ્થિર થતું જાય છે, તેમ-તેમ
પર વસ્તુવિષયક રાગ-દ્વેષો ઓછાં થતાં જાય છે અને
રાગ-દ્વેષજન્ય આકુળતાથી થતી પીડા પણ શમતી જવાથી
નિરાકુળ સ્થિતિજન્ય અનુપમ સુખનો આનંદ મળે છે.

'કોઈ દ્રવ્યનું પરિણમન કોઈ અન્ય દ્રવ્યને આધીન નથી'

એમ નક્કી કરી પરવસ્તુઓ પ્રત્યે રાગ-દ્વેષ ન કરવા,

એ જ ખરી આત્મભાવ છે - વિશ્વપ્રેમ છે.

વિશ્વ = ષડ્દ્રવ્યો. પ્રેમ = અસમાન ભાવનો અભાવ.

તે આવતાં જ બીજાને દુઃખ દેવાનો, અગવડ કરવાનો,

અપહરણ કરવાનો, સગવડ લઈ લેવાનો કે

એવો કોઈપણ વિકલ્પભાવ રહેતો જ નથી.

એક કે વધારે પ્રત્યે રાગ, તે બાકીનાઓ પ્રત્યે તે જ

વખતે દ્વેષરૂપ છે, કેમકે તેમાં બધાને અસમાન ગણ્યા.

જીવ સ્વરૂપ ન સમજે, ત્યાં સુધી પર પ્રત્યે રાગ કે

દ્વેષ ટાળી શકે જ નહીં, માત્ર હીનાધિકતા થયાં કરે.

રાગરહિત પ્રેમની દ્રષ્ટિ = કરૂણાસાગર વીતરાગની દ્રષ્ટિ.

તેથી જ જૈન શાસ્ત્રોના સ્તુતિ - સ્તવન - પદોમાં

કામ - ક્રોધ - લોભ - મોહ જેવા કષાયોને મટાડીને

પ્રત્યેક લૌકિક કાર્યને અધૂરું કરી નાંખીને છટાડવાનું

મુખ્ય પ્રયોજન રૂપે નિરૂપિત કરેલ છે.

વિશ્વપ્રેમ એ જ સનાતન વિશ્વધર્મ છે.

જૈનધર્મ વિશ્વધર્મ છે, કેમકે તે વિશ્વપ્રેમ શીખવે છે.

પ્રેમ વિશ્વાત્મારૂપ છે અને વિશ્વાત્મા પ્રેમરૂપ છે.

મોહ ઘટાડવા માટે પ્રેમનું ક્ષિતિજ વિસ્તારો અને
તેના માટે તમારા પ્રેમને વિશ્વવ્યાપી બનાવો.

વીતરાગતા વિશ્વપ્રેમની સૂચક છે.

જીવના સહજ ધર્મરૂપ પ્રેમનું ક્ષિતિજ સમગ્ર વિશ્વ બને,
ત્યારે વીતરાગતા કે સમગ્ર પ્રત્યેનો પ્રેમ સિદ્ધ થાય છે.

સર્વને સમાન માનવા, સમાનભાવે જોવા અને
ઉપકારના બદલાની આકાંક્ષા ન રાખવી,
એ જ વિશ્વપ્રેમની સાચી વ્યાખ્યા છે અને
એ જ વીતરાગ ભગવંતનું અસાધારણ શિક્ષણ છે.

'સવિ જીવ કરું શાસનરસી' એ ભાવના 'વિશ્વપ્રેમની
દૃષ્ટિ બધા પામો' એવી ઉદાત્ત ભાવનાને સૂચવે છે.

શુભ જેનાથી થાય, તેના ઉપર પ્રેમ અને
તે પ્રેમ કરવા કાર્યનું ઉલ્લસવું - પ્રકટવું, તે સુકૃત.

ભક્તિ એ કૃતજ્ઞતા અને પરોપકારસ્વરૂપ છે.

કૃતજ્ઞતાથી પ્રભુ - પરોપકારથી વિશ્વ પ્રત્યે પ્રેમ જાગે. વિશ્વપ્રેમ અને પ્રભુપ્રેમ અન્યોન્ય સંબંધિત છે તથા એક-બીજાથી છૂટાં પડી શકતાં નથી, છતાં છૂટાં પાડવાનો પ્રયત્ન કરાય, તો બન્નેમાંથી એકની પણ સ્થિતિ રહે નહીં.

ધર્મને મુક્તિ પર્યંત પહોંચાડવાની શક્તિ સર્વ જીવો પ્રત્યેના પ્રેમથી મળે છે, તેથી પ્રેમ એ 'વીજળી' છે.

પ્રેમથી બંધાતું પુણ્ય એ પુણ્યાનુબંધી હોવાથી મોક્ષમાં પ્રતિબંધક નહિ પણ સહાયક છે.

સ્વપ્રેમથી થતો ધર્મ એ પાપાનુબંધી છે, જ્યારે સર્વ પ્રેમથી થતો ધર્મ એ પુણ્યાનુબંધી છે.

વીતરાગતા અને નિર્ગ્રન્થતા એ વિશ્વપ્રેમનાં સંતાન છે.

તે અહં અને મનના પાપબંધનમાંથી છોડાવનાર અર્હં અને સર્વ પ્રત્યે ઉછળતી ભક્તિ છે.

એવી ભક્તિથી શૂન્ય અનુષ્ઠાન વંધ્ય છે.

'પ્રેમ' એટલે સર્વ પ્રત્યે સમાનભાવ અથવા આત્મૈકભાવ.

આખું એ વિશ્વ પ્રેમશક્તિથી ચાલે છે.

પ્રેમ એ જ પ્રકાશ અને એકત્વભાવને જોડનારી સાંકળ છે.

તીર્થંકરો પ્રેમથી ભરપૂર છે, તેથી રાગ-દ્વેષથી પર છે
અને તેથી તેમની અચિન્ત્યશક્તિ પ્રગટ થયેલ છે.
એ શક્તિનો આશ્રય લેનારને અચિન્ત્ય સહાય મળે.

વિશ્વવાત્સલ્ય એ સર્વ સદ્ગુણોનું મૂળ છે.

ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે, સ્વર્ગાપવર્ગને આપનાર છે,
સંસારની ઘોર વિપત્તિઓને હઠાવનાર છે, કેમકે
ધર્મ વિશ્વપ્રેમ સ્વરૂપ છે.

વિશ્વપ્રેમ અને વિશ્વમૈત્રીઓમાં અનંતુ બળ છે,
વિશ્વપ્રેમની આગળ બધી શક્તિઓ નિર્બળ છે.
પ્રેમશક્તિ એ જ ચારિત્રની શક્તિ છે.
ચારિત્રબળ અને પ્રેમબળ એક જ છે.

'કોઈના જીવને પીડા આપવી નહીં'
તેનો સ્થૂલ અર્થ ન લેતાં સૂક્ષ્મ અર્થ લેવો જોઈએ
અને તે અર્થ એ છે કે કોઈનું પણ મન દુભાવવું નહીં.

કોઈના મનને દુભાવવું, એ વિશ્વપ્રેમથી વિરુદ્ધ છે.
વિશ્વપ્રેમીઓની ચેતના સદા જાગ્રત રહે છે.
જ્યાં વિશ્વપ્રેમ નથી, ત્યાં ચેતના નથી.
ચેતનાને જગાડવા વિશ્વપ્રેમ સિવાય બીજો ઉપાય નથી.
અરિહંતોની, સિદ્ધોની, પંચ પરમેષ્ઠિઓની અને
અષ્ટ મંગળોની શક્તિ એ પ્રેમની શક્તિ છે,
તેથી તેનો આશ્રય લેનારને અખૂટ શક્તિ મળે છે અને
સમસ્ત સંસારને જીતી લઈ તે તેનો પાર પામી જાય છે.
વિશ્વપ્રેમીઓમાં નમ્રતા, સરળતા, સંતોષ,
ક્ષમા, સત્ય, શીલ જેવા ગુણો સહજ બની જાય છે.
બધા તેને નમે છે, કારણકે તે બધાને નમે છે.
પ્રેમ અને આનંદને નિકટનો સંબંધ છે અને
વિશ્વપ્રેમીઓને જ આ લબ્ધિ પ્રાપ્ત થાય છે.
દુઃખી સંસારને શાંતિ આપવા તેઓ વિશ્વ ઉપર
શાંતિનો સતત વરસાદ વરસાવી પરમ આનંદમાં રહે છે.
પ્રેમ વૈદભાવજન્ય રાગ-દ્વેષનો સમૂળ વિનાશક છે.

## ધર્મનો જય હો અર્થાત વિશ્વપ્રેમનો જય હો.

વિશ્વપ્રેમની જય પોકારનારમાં શક્તિનો સ્રોત વહે છે. તેના સાંનિધ્યમાં આવનાર સૌ કોઈ તેની અસર તળે આવી જાય છે. તેને બોલવાની, ભાષણ ઉપર ઠસાવવાની જરૂર ન પડે. તેના આંદોલનો જ સામા ઉપર અસર પાડે છે, કેમકે તે આંદોલનો ઘણું પ્રબળ હોય છે, તેની આગળ બળવાનમાં બળવાન મનુષ્ય પણ વશ બની જાય છે.

## વિશ્વપ્રેમની સાધના એજ ખરી સાધના છે.

વિશ્વ એ પ્રેમનું વિશ્વવિદ્યાલય છે,
તેમાં જે પ્રેમનો પાઠ ભણશે, તે સંસાર તરી જશે.

પાપનો નાશ અને સ્વાર્થનો નાશ. તે પ્રેમથી જ શક્ય છે અને પ્રેમ વિશ્વમાં આત્મસ્વરૂપ જોવાથી જ થાય છે.

કુટુંબપ્રેમ વિશ્વપ્રેમને મર્યાદિત કરે છે અને
કુટુંબભિન્નતા વિશ્વભિન્નતાને ભુલાવી દે છે.

લાખો રૂપિયા આપી, છતાં ઓછા ને ઓછા રહેનાર કરતાં પાઈ આપી વિશ્વપ્રેમનો અનુભવ કરનાર મહાન દાનેશ્વરી છે.

લાગણીપ્રધાન માનવમાં જ વિશ્વપ્રેમ આકાર લઈ શકે.

વીતરાગ વિશ્વના જીવોને પોતાનો આત્મા આપે છે,

તેથી તે 'વિશ્વપ્રેમી' છે.

તે કોઈ પાસે કંઈ માંગતા નથી, માટે સંપૂર્ણ વિરાગી છે.

'વીતરાગતા' એટલે સમદર્શિત્વ.

સર્વ જીવો પ્રત્યે આત્મસમદર્શિતા એને વીતરાગતા.

વીતરાગતા રાગના અભાવરૂપ છે, કિન્તુ પ્રેમના નહીં.

'રાગ' એટલે માગવું, 'પ્રેમ' એટલે આપવું.

રાગી માંગે છે, પ્રેમી આપે છે.

પ્રેમ આત્મધર્મ પણ રાગ મોહોદય કે આત્મવિભાવ છે.

વીતરાગમાં વિભાવ નહિ પણ ધર્મ છે.

પ્રેમ આત્મધર્મરૂપ હોઈ સર્વ વીતરાગ ભગવંતોમાં રહેલો છે.

તે નિષ્કામ હોઈ અકારણવાત્સલ્ય છે, કરુણાથી ભરપૂર છે.

દુઃખીઓનાં દુઃખનાશ કરવાના જ સ્વભાવવાળો હોવાથી

પ્રેમ એ વિશ્વોદ્ધારક, પતિતપાવન, નિરાધારનો આધાર

અને સર્વને પ્રિયતમ છે.

જગત પ્રેમ વગર લૂખ્ખું છે,

કિન્તુ સાચો પ્રેમ તો એક ભગવાન જ આપી શકે છે.

વિશ્વહિત એ પરમાત્માનું ધ્યેય છે,

તેને જ અનુસરનાર ગુરુ એ ગુરુત્વને ગુમાવે છે.

## વિશ્વબંધુત્વનો મહિમા

વાંછો તો સર્વકલ્યાણ વાંછો, માત્ર સ્વકલ્યાણ નહીં.

વિશ્વપ્રેમી બનવું = વિશ્વવ્યાપ્ત પરમાત્માને ઓળખવા.

સાચો પ્રેમ અનંત, નિરાકાર, નિર્વિકાર, સ્વયંભૂ, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વવ્યાપ્ત, સ્વયંપ્રકાશિત, જગન્નિયંતા છે.

જેમ મહાસાગરમાં પડેલું બિન્દુ બિન્દુ ન રહે અને મહાસાગરમાં પડેલું બિંદુ માન પણ ન જાણે, તેમ વિશ્વપ્રેમમાં પડેલું બિંદુ મન પણ રહે કે જાણે નહીં અને તેને અસંસારીપણું કે અતીન્દ્રિયપણું પ્રાપ્ત થાય.

પ્રેમ ત્યારે જ શુદ્ધ બને, જ્યારે તે વિશ્વવ્યાપક બને.

જે પ્રેમ વિશ્વવ્યાપક નથી, તે સંકુચિત રહે છે.

સંકુચિત પ્રેમ એ દ્વેષનું જ રૂપ છે.

વિશ્વપ્રેમના વિકાસ માટે કેળવવા જેવા સાત્ત્વિક ગુણો:

ક્ષમા, ઋજુતા, સહનશીલતા, શાંતિ, ઉદારતા, ધૈર્ય, સત્ય, બ્રહ્મચર્ય, નિરાભિમાનતા, દયા અને અહિંસા.

જે પ્રેમ હૃદયમાં ઉત્પન્ન થઈ વિશ્વનાં પ્રાણીમાત્રને આવરી લે છે, તે ખરેખર આત્મસાક્ષાત્કારનું મૂળ છે.

## એક અસાધારણ મહાન સંપત્તિ કઈ?

મનુષ્ય જીવનના હૃદયમાં છુપાયેલી એક મહાન સંપત્તિ અસાધારણ છે અને તે છે વિશ્વપ્રેમ. આ વિશ્વપ્રેમ એટલે પ્રત્યેક જીવ તરફ અનુકંપા - પ્રેમ - સેવાની ભાવના છે. આ દૈવગુણોનો આધારસ્થંભ એ છે કે જીવમાત્ર શિવ છે. વિશ્વપ્રેમ એ અહંકાર અને વાસનાઓનો નાશ કરે છે.

વિશ્વપ્રેમ કેવળ સાધના જ નહિ, સાધ્ય અને લક્ષ્ય પણ છે, કેમકે ઈશ્વર પણ પ્રેમમય છે.

ભગવાનનું નામ મનરૂપી રાક્ષસનો વિનાશ કરવા માટે ભયંકર તલવાર સમાન છે. નામ અને નામી જુદાં નહિ. શાસ્ત્રોનું મંથન કરીને કાઢેલ અમૃત એ પ્રભુનું નામ છે.

## સાચા વિશ્વપ્રેમી કોણ બની શકે?

જેણે આત્માના સ્વરૂપનો અનુભવ કર્યો, તે જ સાચા
અર્થમાં અપરિગ્રહી, અભય અને પ્રેમી બની શકે છે.
વિશુદ્ધ પ્રેમ એ દેશ, ગુણ, જાતિ, ધર્મથી અબાધિત છે.
પ્રેમની અનુપસ્થિતિમાં જ વિગ્રહ છે.
જ્યાં અનંત પ્રેમ છે, ત્યાં વિગ્રહને સ્થાન જ નહિ.

વિશ્વપ્રેમને અનુભવવા વિશ્વને આત્મદૃષ્ટિથી ચાહો.

સ્થૂળચક્ષુ બંધ કરી, જ્ઞાનચક્ષુથી જગત જોવાનો પ્રયત્ન કરો.
ત્યાં તમને મનુષ્ય, પ્રાણી કે પદાર્થ નહીં દેખાય, સર્વત્ર
વિશાળ ઉદધિ તરંગે નાચતું ચૈતન્યસ્વરૂપ જ નજરે પડશે.
ત્યાં તમે જુદા નહીં હો, તેમાંના એક બની નાચતાં હશો.
એ જ તમારું સાચું પ્રેમસ્વરૂપ તથા આનંદસ્વરૂપ છે.
પ્રેમની જેમ આત્મા પણ એક અને અવિભાજ્ય છે.
સ્વાત્મ ઉદ્ધારાર્થે આત્મમાત્ર પ્રત્યે પ્રેમ કેળવો.
પ્રેમ અને કરુણાપૂર્વકનો વૈરાગ્ય
જીવનમાં સ્થિર અને દૃઢમૂળ બને છે.

પ્રેમ જુદી વસ્તુઓની ભિન્નતાને ઓગાળે છે.
જે બધાંને એકત્ર કરીને મેળવી દે છે, તે વિશ્વપ્રેમ છે.
પ્રેમ અને ધિક્કારની ભાવનાઓથી પર બની
સર્વત્ર ઈશ્વરનાં પ્રકટ સ્વરૂપને જોતાં શીખવું જોઈએ.
લૌકિક પ્રેમની ભાવના ન હોવી જોઈએ. પ્રેમ એટલે
સમગ્રતા કે Integrity, Wholeness કે સંયુક્તતા.
સમગ્ર જીવરાશિ પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમ અને
નિષ્કારણ કરુણામાંથી જે રીતે પ્રકાશ લાધે છે,
તે વિશ્વમાં શાંતિ અને સમૃદ્ધિ લાવે છે.
જીવનને સાચવવાનો એક જ માર્ગ છે - તે છે વિશ્વપ્રેમ.
હાલ પ્રેમ પુદ્ગલ ઉપર છે, તેથી તે પુદ્ગલ દ્વારા
પ્રેમનું સ્થાન આત્માને બનાવવાની ક્રિયા, તે ધર્મ છે.
કાળના પલ્લા મહાકાળ ભગવાન છે, તેથી
કાળની ફાંસમાંથી જેણે બચવું હોય, તેણે મહાકાળના જ
શરણે જવું જોઈએ. વિશ્વપ્રેમ = એકરૂપતા. પુદ્ગલ
સાથે કદાપિ પૂર્ણ પ્રેમ થઈ શકતો જ નથી.

Love is oneness with eternity.
As the branch is one with the tree,
as the wave is one with the ocean,
so am I one with God.
The allness of infinity is pouring
itself forth into expression
as my individual being,
as my individual consciousness and
as my individual life.
Having received the allness of God,
I want only to share it.
Love is the pure essence of being that
binds together whole human family.
Love is inexhaustible,
because love is God & God is love.

Love cultivates the ગુણ of Forgiveness. Forgiveness means giving the blessing of love for feelings of wounded pride, egotism, or injury. It also includes forgiving oneself as well as others. Gratitude & Forgiveness are the two essentials for the total purification & sublimation of our entire system. A good servant is greater than his master. Meekness and love can make a person greater than force & power of dominion. Superior is the one, who enters into the Kingdom of universe, than is one of the rulers of the world, who sits on an earthly throne.

God is everywhere present.
It means love is everywhere present.
You are the beloved of God,
whether you believe it or not.
Yet God does not insist that you
accept love or express it or even that
you become aware of it: for,
He allows you the freedom of making
your own choice in the matter.
Love finds its greatest expression
through humanity.
Mother love is as strong as life, makes
every sacrifice to protect her offspring.
Perfect love is two way love,
involving God and man.

Love is goodwill raised to the highest expression. Love is also the will to do good for its own sake rather than because one should. Loving our enemies & doing good to those who hate us, is the will to good in operation: it is doing good for its own sake. Not mine but Thine will be done. That will is good, good for every man, who learnt and followed it. The promise to those, who follow this will, is that they will enter into the Kingdom of Heaven - i.e. love. His will is good for you & good for me, but expresses differently for us.

Navagam, 25-7-65

We must let our personal will give way to the Divine Will.
Thou shalt love the Lord, love God with all thy heart and with all thy Soul and with all thy mind. This would be to bring ourselves into obedience to God and God's laws.

Q. Can the Karmic law be broken or ended? A. yes.
Love and forgiveness is the Key.
The way to break the Karmic law is through repentance and by living constantly in an atmosphere of love and forgiveness.

# The real medicines

Love, Courage, peace, strength and good will form good character and build bodily structures of a nature like these qualities of mind as above. God's love is around, with & in you, ever awaiting your recognition.

Love, faith, devotion and compassion are medicines for whole mankind:

| | | |
|---|---|---|
| 10% | Tamas | Drugs etc. |
| 20% | Rajas | Psychiatry etc. |
| 70% | Satva | Love, empathy etc. |

There's none other virtues greater than those. They are basic in healing. Love, faith, compassion, devotion are physicians.

Various aspects of love are...
patience, kindness, generosity,
humility, courtesy, unselfishness,
good temper and sincerity.
Personal love could be expressed as:
kindness, tenderness, courtesy,
affection, approval, consideration,
appreciation, devotion to those,
who are in family groups.
What is Impersonal love?
It is the ability to get along with
people without attachment and
emotional involvement - અનાસક્ત [illegible].
God is love. Love is the power,
which sustains the universe.

Love is light & hate is darkness.

Let us seek light within us
in our daily silent prayers.
Love for God and fellowmen,
for harmony and peace,
for righteousness and justice
are our treasures of Heaven, which
dwelleth deep in the cave of heart.
Unselfish love is a key to the
door of the Kingdom - [illegible] - [illegible].
We identify ourselves with Him
by doing His will
to love every જીવ unselfishly.
There is Love in you, which is
greater than any negative condition.

Love is like a spiritual muscle, for it increases in power as it is used.
God loves us,
but in order to feel His love and to receive its full benifits, we must stir up the potential love that is within us and express it in our thoughts, words and deeds.
Love, wisdom, strength, peace, power and goodness are the attributes of spiritual people.
They grow and expand by proper use, which is the pouring out process.
Knowledge and goodwill increase when shared with love.

One of nature's most important principles is love.

We cannot be free when we are bond servants to hate and unforgiveness.

Nature's perfect love includes freedom to think and act, without which we would not be able to live. It is a good idea to ask God to give us wisdom. Then we shall be directed how to ask aright. Since there is no tomorrow, we must do it today. The Kingdom of [illegible] or [illegible] is within all of us.

As we search diligently for it, within our heart, we will find it.

શ્રી સીમંધર ભગવાન is full of love.
Their love is in constantly giving.
Nothing can make us happier than giving and nothing can increase our ability to receive or quicken our spiritual growth.
Let us put joy, love, faith and substance into our gifts.
Financial tithing is not the only door that is open to us all.
There are tithes of love and faith, prayer and praise: time and service, good will and peace, those are in themselves priceless treasures that may be given by all.

તીર્થંકરની માતા જે ૧૪ મહાસ્વપ્નો જૂએ છે,
તેમાં છઠ્ઠું સ્વપ્ન ચંદ્ર.



ગોક્ષીર, ફીણ અને ચાંદીના કળશ સમાન શુભ્ર સમુદ્રનો સંવર્ધક, સ્વચ્છ દર્પણ સમાન ચળકતો, હૃદયહારી, મનોહારી, સૌમ્ય અને રમણીય પૂર્ણ ચંદ્રમા આ સ્વપ્નના ફળરૂપે એમ સૂચવે છે કેઃ

આ બાળકના જન્મથી પૃથ્વી, પાતાળ તથા અંતરિક્ષ અત્યંત આનંદિત થઈ આ ઉત્તમ બાળકના આત્મગુણોનો અભિષેક કરશે.



: પ્રેમ એ પારસમણિ છે. :

તે મહાવશીકરણ મંત્ર છે, જેમાં કરોડો અણુબોમ્બની શક્તિ છે.
પ્રેમ એટલે પ્રેમ એટલે 'હું' મટીને 'તું' થવું અને
પછી 'હું' અને 'તું' બંને મટીને 'તે' થવું!
દુનિયાનું દુઃખ ઓછું કરવું છે? તો સૌ જીવોને પ્રેમ કરો!
રોજેરોજ વિશ્વપ્રેમ અને વિશ્વબંધુત્વની સાધના કરો!
નિઃસીમ શ્રદ્ધા અને પ્રેમ વડે પરમ પ્રભુત્વની પ્રાપ્તિ કરો!

www.fiestadesigns.in